# પરિવર્તન પામતાં ગુજરાતનાં આદિવાસી ગામો

## ઈટાવા-મઘાનીસર (જિ. પંચમહાલ)

-: અહેવાલ લેખન :-

સાયમન ફ્રે. મેકવાન

-: સંકલન :-

ડૉ. ઠા. ભા. નાયક

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪.

૧૯૯૦

૨૭૯

# અનુક્રમણિકા


| પ્રકરણ નં. | વિગત |
|---|---|
| પ્રકરણ- ૧. | પ્રાસ્તાવિક : વિસ્તાર અને પરિચય |
| પ્રકરણ- ૨. | ભીલજાતિ, પરિચય અને વસતિ |
| પ્રકરણ- ૩. | ભૌતિક સંસ્કૃતિ |
| પ્રકરણ- ૪. | ઇટાવા - ૧૯૬૯ - ૭૯ - ૮૯ |
| પ્રકરણ- ૫. | મઘાનીસર- ૧૯૬૯ - ૭૯ - ૮૯ |
| પ્રકરણ- ૬. | પરિવર્તનના પ્રવાહો |


-o-o-o-

## કોઠાસૂચિ


| ક્રમ | વિગત | પાના નં. |
|---|---|---|
| ૧. | જિલ્લાવાર વિસ્તાર, વસતિ, વસતિવધારાનો દર, જાતિપ્રમાણ અને વસતિની ગીચતા-૧૯૮૧ દર્શાવતો કોઠો. | 3 |
| ૨. | જમીન વપરાશ | ૪ |
| ૩. | સાધન પ્રમાણે સિંચિત વિસ્તાર | ૬ |
| ૪. | જિલ્લામાં ૧૯૮૧ થી ૧૯૮૬ દરમિયાન વરસાદ અને સામાન્ય વરસાદ દર્શાવતો કોઠો | ૭ |
| ૫. | ૧૯૮૧ની વસતિ ગણતરી મુજબ અક્ષરજ્ઞાન ધરાવનારનું વર્ગીકરણ | ૧૦ |
| ૬. | મુખ્ય કામ કરનારનું વર્ગીકરણ | ૧૨ |
| ૭. | ૧૯૮૧ની વસતિ ગણતરીમાં મુખ્ય સિમાંત કામ કરનાર અને કામ નહીં કરનારનું વર્ગીકરણ (ટકામાં) | ૧૩ |
| ૮. | જિલ્લા/તાલુકામાં ૧૯૮૧ની વસતિ ગણતરી મુજબ શિક્ષિત, અ.જાતિ-અનુસૂચિત જનજાતિ, કમાનાર નહીં કમાનાર મુજબ વર્ગીકરણ દર્શાવતો કોઠો-પંચમહાલ- દાહોદ | ૧૫ |
| ૯. | મુખ્ય કામ કરનારાઓનું વ્યવસાય મુજબ વર્ગીકરણ(ટકા) | ૧૬ |
| ૧૦. | જિલ્લા/તાલુકામાં ૧૯૮૧ની વસતિ ગણતરી મુજબ શિક્ષિત, અનુ.જાતિ-અનુસૂચિત જનજાતિ, કમાનાર નહીં કમાનાર મુજબ વર્ગીકરણ દર્શાવતો કોઠો-(પંચમહાલ- ઝાલોદ) | ૨૧ |
| ૧૧. | રાજ્યવાર ભીલોની વસતિ | ૨૮ |
| ૧૨. | જિલ્લાવાર ભીલજાતિની વસતિ | ૨૯ |
| ૧૩. | પંચમહાલ જિલ્લામાં ભીલોની તાલુકાવાર વસતિ | ૩૦ |
| ૧૪. | ઘર-બાંધકામની વિગત | ૩૩ |
| ૧૫. | તપાસેલ કુટુંબોમાં ખેતીનાં સાધનો | ૩૫ |

| ક્રમ | વિગત | પાન નં. |
|---|---|---|
| ૧૬. | કુટુંબના કદ મુજબ કુટુંબોની વહેંચણી | ૩૭ |
| ૧૭. | કુટુંબના સભ્યોનું વયજૂથ મુજબ વર્ગીકરણ | ૩૮ |
| ૧૮. | વૈવાહિક દરજ્જા પ્રમાણે વસતિનું વર્ગીકરણ | ૩૯ |
| ૧૯. | તપાસેલ કુટુંબોમાં શિક્ષણનું પ્રમાણ (ઈટાવા) | ૪૦ |
| ૨૦. | કુટુંબના સભ્યોમાં કમાનાર સભ્યો | ૪૨ |
| ૨૧. | તપાસેલા કુટુંબોમાં પશુધન | ૪૭ |
| ૨૨. | તપાસેલ કુટુંબોમાં વૃક્ષો | ૪૮ |
| ૨૩. | તપાસેલ કુટુંબોમાં ખેતીનાં સાધનો | ૫૦ |
| ૨૪. | તપાસેલ કુટુંબોમાં ઘરવખરીનાં સાધનો | ૫૨ |
| ૨૫. | તપાસેલ કુટુંબોમાં અસ્કયામતો (રૂપિયામાં) | ૫૩ |
| ૨૬. | જમીનના કદ પ્રમાણે સાધનવાર આવક | ૫૭ |
| ૨૭. | તપાસેલ કુટુંબોની કુટુંબદીઠ વાર્ષિક આવક | ૫૮ |
| ૨૮. | તપાસેલ કુટુંબોનું કુટુંબદીઠ અને માથાદીઠ વાર્ષિક ખર્ચ (રૂપિયામાં) | ૫૯ |
| ૨૯. | જમીનના કદ મુજબ વાર્ષિક વપરાશ ખર્ચ દર્શાવતો કોઠો (રૂપિયામાં) | ૬૦-૬૧ |
| ૩૦. | અન્ય વાર્ષિક ખર્ચ દર્શાવતો કોઠો | ૬૨ |
| ૩૧. | સાધનવાર દેવું દર્શાવતો કોઠો (ટકામાં) | ૬૪ |
| ૩૨. | તપાસેલ કુટુંબોએ છેલ્લા દશ વર્ષમાં કરેલ મૂડીરોકાણ તથા મૂડી મેળવવાના સ્ત્રોતો | ૬૬ |
| ૩૩. | કુટુંબના કદ મુજબ કુટુંબોની વહેંચણી (મઘાનીસર) | ૭૧ |
| ૩૪. | કુટુંબના સભ્યોનું વયજૂથ મુજબ વર્ગીકરણ | ૭૧ |
| ૩૫. | વૈવાહિક દરજ્જા પ્રમાણે વસતિનું વર્ગીકરણ | ૭૩ |
| ૩૬. | તપાસેલ કુટુંબોમાં શિક્ષણનું પ્રમાણ (મઘાનીસર) | ૭૪ |
| ૩૭. | કુટુંબના સભ્યોમાં કમાનાર સભ્યો | ૭૫ |
| ૩૮. | તપાસેલ કુટુંબોમાં વૃક્ષો | ૭૭ |
| ૩૯. | તપાસેલ કુટુંબોમાં પશુધન | ૭૯ |
| ૪૦. | તપાસેલ કુટુંબોમાં ઘરવખરીનાં સાધનો | ૮૧ |

| ક્રમ | વિગત | પાન નં. |
| --- | --- | --- |
| ૪૧. | તપાસેલ કુટુંબોમાં અસ્કયામતો (રૂા. ૧૯૮૯) | ૮૨ |
| ૪૨. | તપાસેલ કુટુંબોની વાર્ષિક આવક | ૮૩ |
| ૪૩. | તપાસેલ કુટુંબોનું કુટુંબદીઠ અને માથાદીઠ વાર્ષિક ખર્ચ (રૂપિયામાં) | ૮૭ |
| ૪૪. | જમીનના કદ મુજબ વાર્ષિક વપરાશ ખર્ચ દર્શાવતો કોઠો (રૂપિયામાં) | ૮૮-૮૯ |
| ૪૫. | અન્ય વાર્ષિક ખર્ચ દર્શાવતો કોઠો | ૯૦ |
| ૪૬. | સાધનવાર દેવું દર્શાવતો કોઠો (ટકામાં) | ૯૩ |
| ૪૭. | તપાસેલ કુટુંબોએ છેલ્લા દશ વર્ષમાં મૂડીરોકાણ તથા મૂડી મેળવવાનું સ્ત્રોત | ૯૫ |

# પ્રકરણ - ૧

## પ્રાસ્તાવિક : વિસ્તાર પરિચય

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર ધ્વારા ૧૯૬૯-૭૦ના વર્ષમાં ગુજરાતની મુખ્ય આદિવાસી જાતિઓ પર અભ્યાસગ્રંથ રચવાનું હાથ ધરવામાં આવ્યું હતું. આ તપાસ માટે જુદા જુદા વિસ્તારમાંથી જુદી જુદી જાતિઓના ગામો પસંદ કરવામાં આવ્યા હતા. ગુજરાતમાં સૌથી વધુ વસતિ ધરાવતી ભીલ જાતિના ગામો પણ જુદા જુદા વિસ્તારમાંથી પસંદ કરવામાં આવ્યા હતા.

ક્ષેત્રકાર્ય પુરુ કર્યા પછી પ્રાસ્તવ લેખન થયા પછી એના વિશે કશું થયું ન હતું. આ બધી માહિતી ફાઈલોમાં જ રહી ગઈ હતી. આ બધું જૂનું થઈ ગયું હતું. આથી સીધી એને એ સ્વરૂપે છપાવવા માટે આ બધા ગામોની પુનઃમોજણીનું કામ કેન્દ્રે હાથમાં લીધું હતું. એ મુજબ પંચમહાલ જિલ્લામાં દાહોદ તાલુકાના ઈટાવા અને ઝાલોદ તાલુકાના મધાનીસર ગામની પુનઃમોજણી હાથ ધરવામાં આવી હતી.

<u>તપાસનો હેતુ</u> :-

તપાસ માટે ૧૯૬૯-૭૦ના વર્ષમાં ઈટાવા ગામના કુલ ૨૦૦ કુટુંબોમાંથી ૫૦ કુટુંબો પસંદ કરવામાં આવ્યા હતા. જ્યારે મધાનીસર ગામના ૫૯ કુટુંબોને તપાસ હેઠળ આવરી લેવામાં આવ્યા હતા.

૧૯૭૯ના વર્ષમાં હાથ ધરાયેલ તપાસમાં ઈટાવા ગામના માત્ર ૨૯ કુટુંબોને આવરી લઈ શકાયા હતા કારણ કે ૯ કુટુંબોના વડાઓ મૃત્યુ પામ્યા હતા અને ૧૨ કુટુંબો મજૂરીકામ માટે સ્થળાંતર કરી ગયા હતા. જ્યારે મધાનીસર ગામમાં ૩૪ કુટુંબોને તપાસ હેઠળ આવરી લેવાયા હતા. અગાઉના પસંદ કરાયેલા કુટુંબોમાંના ૧૦ કુટુંબના વડાઓ મૃત્યુ પામ્યા હતા, ૧૩ કુટુંબો મજૂરીકામ માટે સ્થળાંતર કરી ગયા હતા અને ૨ કુટુંબો ગામ છોડી ગયા હતા.

અગાઉ મુજબ ૧૯૮૯ના વર્ષમાં હાથ ધરાયેલ તપાસમાં ઈટાવા ગામના ૨૯ કુટુંબોમાંથી ૧૬ કુટુંબોને આવરી લેવાયા હતા જ્યારે ૧૩ કુટુંબોના વડાઓનું અવસાન થયું હતું. એજ રીતે મધાનીસર ગામમાં અગાઉના ૩૪ કુટુંબોમાંથી ૨૫ કુટુંબો આવરી લઈ શકાયા હતા જ્યારે ૯ કુટુંબના વડાઓ અવસાન પામ્યા હતા. ૧૯૭૯-૮૯ના દશકા દરમિયાન બંને ગામમાંથી એક પણ કુટુંબે કાયમી સ્થળાંતર કર્યુ નહતું. અલબત્ત આ દશકાના સમયગાળા દરમિયાન સ્થળાંતરનો વ્યાપ વધ્યો છે પરંતુ આ પસંદ કરાયેલા કુટુંબોના વડાઓ હવે ખુબ વૃધ્ધ થઈ ગયા છે. તેઓ શહેરમાં રહીને કે ગામમાં રહીને પણ મજૂરી/ખેતી કરી શકે એવી શારિરીક શક્તિ ધરાવતા નથી.

<u>વિસ્તાર પરિચય</u> :-

ગુજરાત રાજ્યના ૧૯ જિલ્લાઓ છે તે પૈકીના રાજ્યની પૂર્વસરહદે આવેલા ૮ જિલ્લાઓ અનુક્રમે બનાસકાંઠા, સાબરકાંઠા, પંચમહાલ, વડોદરા, ભરૂચ, સુરત, વલસાડ, ડાંગ આદિવાસી જિલ્લા તરીકે ઓળખાય છે. આમ પંચમહાલ ગુજરાતનો આદિવાસી જિલ્લો છે.

<u>ભૌગોલિક સ્થાન</u> :-

પંચમહાલ જિલ્લો ૭૩° થી ૭૪° પૂર્વ રેખાંશ અને ૨૨° ઉત્તર અક્ષાંશથી ૨૩° ઉત્તર અક્ષાંશ વચ્ચે આવેલો છે. જિલ્લાની ઉત્તરે સાબરકાંઠા જિલ્લો અને રાજસ્થાનનો વાંસવાડા જિલ્લો, પશ્ચિમે વડોદરા અને ખેડા જિલ્લો, દક્ષિણે વડોદરા અને મધ્યપ્રદેશનો ઝાંબુવા જિલ્લો અને પૂર્વમાં પણ ઝાંબુવા જિલ્લો આવેલો છે. જિલ્લાની ઉત્તરથી દક્ષિણ લંબાઈ ૧૨૮ કિ.મી. તથા પૂર્વ-પશ્ચિમ પહોળાઈ ૧૧૫ કિ.મી. છે. આમ જિલ્લાનો કુલ ભૌગોલિક વિસ્તાર ૮૮૬૬ ચોરસ કિ.મી. છે. જિલ્લામાં કુલ મળીને ૧૯૪૪ ગામો અને ૯ શહેરો છે. જિલ્લામાં વહીવટી સુગમતા માટે તાલુકાઓ બનાવાયા છે.

પંચમહાલ જિલ્લામાં ૧૧ તાલુકાઓ અનુક્રમે (૧) ગોધરા (૨) શહેરા (૩) લુણાવાડા (૪) સંતરામપુર (૫) ઝાલોદ (૬) દાહોદ (૭) લીમખેડા (૮) દેવગઢબારીયા (૯) કાલોલ (૧૦) હાલોલ (૧૧) જાંબુઘોડા (મહાલ) છે.

ભૂરચના :-

જિલ્લાનો ઉત્તર-પૂર્વ વિભાગ ડુંગરો અને જંગલોથી છવાયેલો છે. આ વિભાગમાં ઝાલોદ, સંતરામપુર, દાહોદ, લીમખેડા, દેવગઢ-બારીયા અને જાંબુઘોડા તાલુકાના વિસ્તારો આવેલા છે. પંચમહાલ જિલ્લો તેના ગીચ જંગલો માટે જાણીતો હતો પરંતુ અન્ય વિસ્તારની જેમ આ જિલ્લાના જંગલો દિનપ્રતિદિન નાશ પામતા જાય છે અને હાલમાં તો જૂજ વિસ્તારોને બાદ કરતાં જંગલો નામશેષ થઈ ગયાં છે અને હવે તેમાં ખેતી થવા લાગી છે. જિલ્લાના કુલ વિસ્તારના ૨૫ ટકા વિસ્તાર જંગલો હેઠળ છે.

કોઠા નં. - ૧

જિલ્લાવાર વિસ્તાર, વસતિ, વસતિવધારાનો દર, જાતિ પ્રમાણ અને વસતિની ગીચતા- ૧૯૮૧ દર્શાવતો કોઠો :

| ક્રમ | વિગત | ગુજરાત | પંચમહાલ |
|---|---|---|---|
| ૧. | વિસ્તાર (ચો. કિ.મી.) | ૧૯૬૦૨૪ | ૮૮૬૬ |
| ૨. | વસતિ (૦૦૦માં) | ૩૪૦૮૬ | ૨૩૨૨ |
| ૩. | દર ચો. કિ.મી. દીઠ વસતિની ગીચતા | ૧૭૪ | ૨૬૨ |
| ૪. | જાતિવાર પ્રમાણે (દર ૧૦૦૦ પુરુષોએ સ્ત્રીઓની સંખ્યા) | ૯૪૨ | ૯૫૯ |
| ૫. | દશકાનો વસતિ વધારો દર | ૨૭.૬૭ % | ૨૫.૫૮ % |

કોઠામાં દર્શાવેલા આંકડા તરફ દૃષ્ટિપાત કરતાં ઘણી બાબતો ફલિત થાય છે. ગુજરાતમાં દર ચો. કિ.મી. દીઠ વસતિની ગીચતા માત્ર ૧૭૪ વ્યક્તિની છે. જેની સામે પંચમહાલ જિલ્લામાં દર ચો. કિ.મી. દીઠ આ પ્રમાણ ઘણું ઉંચું જોવા મળે છે.

૧૯૭૧ થી ૧૯૮૧ના સમયગાળામાં વસતિ વધારાના દરની વિગત જોઈએ તો ગુજરાતમાં ૨૭.૬૭ ટકા છે. જેની સામે પંચમહાલમાં આ દર ૨૫.૫૮ ટકા નોંધાયો છે જે ૨.૯ ટકા જેટલો ઓછો છે.

કોઠા નં.- ૨

જમીન વપરાશ

| ક્રમ | | ગુજરાત (૦૦૦હેકટર)૧૯૮૧-૮૨ | પંચમહાલ (૦૦હેકટર) |
|---|---|---|---|
| ૧. | જંગલો (કુલ) | ૧૯૬૫૧ | ૨૨૭૭ |
| ૨. | ઉજજડ તથા ખેડી ન શકાય તેવી જમીન | ૨૫૦૧૬ | ૨૯૬ |
| ૩. | બીન-ખેતીના ઉપયોગમાં લેવાયેલી જમીન | ૧૦૭૮૦ | ૫૫૬ |
| ૪. | ખેડવાલાયક પડતર | ૧૯૬૯૬ | ૩૩૪ |
| ૫. | કાયમી અને અન્ય ગૌચર જમીન | ૮૪૪૮ | ૨૫૧ |
| ૬. | પ્રકીર્ણ વૃક્ષાપાક હેઠળની જમીન અને ચોખ્ખા (જેતી) વિસ્તારમાં ન સમાવવામાં આવેલી અન્ય જમીન | ૪૦ | - |
| ૭. | ચાલુ પડતર | ૪૯૦૯ | ૩૨૫ |
| ૮. | અન્ય પડતર | ૩૦૧૮ | ૮૩ |
| ૯. | ચોખ્ખો વાવેતર વિસ્તાર | ૯૬૭૦૨ | ૪૭૨૮ |
| | કુલ | ૧૮૮૨૬૦ | ૮૮૫૦ |

પંચમહાલ જિલ્લામાં જમીન વપરાશની વિગતો જોતાં જણાય છે કે કુલ જમીનના લગભગ ૨૦ ટકાથી વધુ જમીન જંગલ હેઠળ આવેલી છે. અંદાજે ૬૨૧૦૦ હેક્ટર જમીન ઉજ્જડ, ખેડી ન શકાય તેવી પડતર છે. જંગલ હેઠળ દર્શાવેલી જમીનમાં દિનપ્રતિદિન ખેતી વિસ્તરી રહી હોવાનું નીરિક્ષણ દરમિયાન જોવા મળ્યું હતું. જંગલોની ગીચતા ઘટી રહી છે અને કેટલેક ઠેકાણે તો નામશેષ થઈ ગયા છે. થોડા દશકા પહેલાં ગીચ જંગલ તરીકે પંકાતો પંચમહાલ જિલ્લાના જંગલો બોડાં થઈ ગયાં છે. એ ઘણી ગંભીર બાબત છે.

**ખેતી :-**

જિલ્લામાં ખેતીમાં ખાદ્ય અને અખાદ્ય પ્રકારના મુખ્ય અને ગૌણ પાક લેવામાં આવે છે. વિવિધ પાકની વિગતો તપાસીએ તો અનાજમાં ચોખા, ઘઉં, જવ, જુવાર (ખરીફ અને રવી) બાજરી, મકાઈ, સગી, બંટી, ચણા, મગ, તુવર, અડદ જેવા કઠોળ, શેરડી, મરચાં, આદુ, હળદર, વરીયાળી, જીરુ, ઈસબગુલ, બટાટા, કપાસ,મગફળી, કોપરા, તલ, સરસવ, રાઈ જેવાં ખાદ્ય તેલીબીયાં અળસી, એરંડા જેવા xxx અખાદ્ય તેલિબીયાં તમાકુ વગેરે થાય છે.

**સિંચાઈ :-**

૧૯૮૨-૮૩ના વર્ષમાં સિંચાઈની સગવડની વિગતો તપાસીએ તો જિલ્લામાં કુલ ચોખ્ખો સિંચિત વિસ્તાર ૬૧૭૬૮ હેક્ટર હતો જે ચોખ્ખા વાવેતર હેઠળના વિસ્તારના પ્રમાણમાં ૧૧.૪૮ ટકા નોંધાયો હતો. આમ જિલ્લામાં ૧૧.૪૮ ટકા ખેતીની જમીનને સિંચાઈનો લાભ મળે છે.

સિંચાઈની સગવડ જુદા જુદા સાધનો દ્વારા ઉપલબ્ધ બને છે. તેની વિગતો તપાસીએ તો ૧૯૮૨-૮૩ના વર્ષમાં સરકારી નહેર દ્વારા ૨૨૬૭૬ હેક્ટર, તળાવ દ્વારા ૫૪૬૨, કુવા દ્વારા ૩૨૪૮૦ હેક્ટર અને અન્ય સાધનો દ્વારા ૧૧૫૪ હેક્ટર જમીનને સિંચાઈનો

લાભ મળતો હતો. આ સાધનો દ્વારા ૫૬૬૬૯ હેક્ટર જમીનને સિંચાઈનો લાભ મળતો હતો.

**લઘુ સિંચાઈ યોજના :(ટાઈની પ્રોજેક્ટ) :-**

ડુંગરાળ અને ખાડાટેકરાવાળા વિસ્તારોને મોટી/મધ્યમ સિંચાઈ યોજનાઓનો લાભ મળી શકતો નથી તેથી આવા વિસ્તારના લોકોને સિંચાઈની સગવડ પૂરી પાડી શકાય એ હેતુથી ૧૯૮૬-૮૭ના ક્ષ વર્ષથી ડુંગરાળ વિસ્તાર કે જ્યાં વરસાદનું પાણી બીનઉપયોગી થઈ વહી જાય છે ત્યાં ચેકડેમ બાંધીને પાણી અટકાવવું અને આ પાણી લીફ્ટ ઈરીગેશન(ઉર્ધ્વવહન સિંચાઈ)દ્વારા ખેડૂતોને સિંચાઈની સગવડ પૂરી પાડવી. આ પાણી ~~દ્વારા~~ ઉનાળુ અને શિયાળુ પાક લેવા માટે ખુબ ઉપયોગી બની શકે છે. જે ગરીબ ખેડૂતોના આર્થિક ઉત્કર્ષમાં મહત્વનો ભાગ ભજવે છે.

કોઠા નં.- ૩

સાધન પ્રમાણે સિંચિત વિસ્તાર

('૦૦ હેક્ટરમાં)

| ક્રમ | સાધન | ગુજરાત (૧૯૮૧) | પંચમહાલ (૭૯-૮૦) |
|---|---|---|---|
| ૧. | સરકારી નહેરો (પંચાયતી નહેરો સહિત) | ૪૨૧૧ | ૧૩૩ |
| ૨. | ખાનગી નહેરો | ~~XXXXX~~- | - |
| ૩. | કૂવા(પાતાળકૂવા સહિત) | ૧૬૮૯૬ | ૧૯૩ |
| ૪. | તળાવ | ૩૯૯ | ૪૮ |
| ૫. | અન્ય સાધનો | ૪૮ | ૧૫ |
| ૬. | કુલ ચોખ્ખો સિંચિત વિસ્તાર | ૨૧૫૫૪ | ૩૮૯ |
| ૭. | એકંદર સિંચિત વિસ્તાર | ૨૫૨૨૭ | ૪૧૧ |

વરસાદ :-

દેશમાં ખેતીના ઉત્પાદનનો મહત્વનો આધાર મુખ્યત્વે વરસાદ જ છે. જો વરસાદ સમયસર, પૂરતા સમયગાળા સુધી અને સપ્રમાણ આવે તો ખેતી ખુબ સારી થાય છે પરંતુ જો તેમાં અવ્યવસ્થા ઉભી થાય તો પાક નિષ્ફળ જાય છે અને વારંવાર નિષ્ફળ જતાં ખેતી ખેડૂતોને આર્થિક રીતે પાયમાલ કરે છે. જેની અસર વિસ્તારની સમગ્ર અર્થવ્યવસ્થાને થાય છે.

જિલ્લામાં સામાન્ય વરસાદની દર ૧૦૨૬.૫ મીલીમીટર છે. તેની સામે ૧૯૮૧ થી ૮૬ના વર્ષ દરમિયાન વરસાદની સ્થિતિ કેવી રહેવા પામી હતી તેની વિગતો કોઠા નં. ૪માં આપવામાં આવી છે.

કોઠા નં.- ૪

જિલ્લામાં ૧૯૮૧ થી ૧૯૮૬ દરમિયાન વરસાદ અને સામાન્ય વરસાદ દર્શાવતો કોઠો :-

| ક્રમ | વર્ષ | વરસાદ (મી.મી.) |
|---|---|---|
| ૧. | ૧૯૮૧ | ૧૦૫૪.૦ |
| ૨. | ૧૯૮૨ | ૬૩૪.૦ |
| ૩. | ૧૯૮૩ | ૧૦૪૦.૦ |
| ૪. | ૧૯૮૪ | ૮૧૮.૦ |
| ૫. | ૧૯૮૫ | ૪૦૭.૦ |
| ૬. | ૧૯૮૬ | ૪૦૧.૦ |

જિલ્લામાં સામાન્ય વરસાદનું પ્રમાણ ૧૦૨૬.૫ મી.મી. છે. ઉપર્યુક્ત કોઠામાં ૧૯૮૧ થી ૧૯૮૬ના વર્ષમાં થયેલ વરસાદના આંકડા તપાસીએ તો ૧૯૮૧ના વર્ષમાં સામાન્ય વરસાદ કરતાં લગભગ ૨૭.૫ મી.મી. જેટલો વધુ વરસાદ નોંધાયો હતો. એજ પ્રમાણે

૧૯૮૩ના વર્ષમાં પણ વરસાદનું પ્રમાણ સામાન્ય વરસાદ કરતાં ૧૩.૫ મી.મી. વધુ હતું.

પરંતુ જિલ્લામાં થયેલ વરસાદના અન્ય વર્ષોના આંકડા તપાસીએ તો પરિસ્થિતિ ચિંતાજનક છે. ૧૯૮૨માં અંદાજે આ પ્રમાણ ૬૦ ટકા હતું જ્યારે ૧૯૮૪ અને ૧૯૮૬ના વર્ષમાં તો આ પ્રમાણ અંદાજે ૪૦ ટકા જેટલું રહેવા પામ્યું હતું. આ ઉપરથી જિલ્લામાં અતિવૃષ્ટિની સ્થિતિ કેટલી ગંભીર હતી તેની કલ્પના થઈ શકે છે.

<u>પેટા યોજના વિસ્તાર</u> :-

ગુજરાતમાં આદિવાસી વિસ્તારમાં વિકાસ કાર્યક્રમને પહોંચાડી શકાય તે માટે આદિવાસી વિસ્તાર પેટા યોજનાની શરૂઆત ૧૯૭૬થી કરવામાં આવી છે. હાલમાં ૯ પ્રોજેક્ટ કાર્યરત છે. પંચમહાલ જિલ્લામાં આદિજાતિ વિસ્તારની કચેરી દાહોદમાં આવેલી છે.

આદિજાતિ વિસ્તાર પેટા યોજના દાહોદની કચેરીના કાર્યક્ષેત્રમાં પાંચ તાલુકાઓ અનુક્રમે દાહોદ, ઝાલોદ, લીમખેડા, દેવગઢબારીયા અને સંતરામપુર તાલુકાઓ ઉપરાંત ગોધરા તાલુકાના અનુક્રમે મોરાકથોલા અને ગોવીંદી વધુ વિસ્તારો તેમજ કરોલી(છૂટા-છવાયા) વિસ્તારનો સમાવેશ થાય છે. સમગ્ર પ્રોજેક્ટ વિસ્તારમાં વસતિવાળા ૧૧૯૬ ગામો અને ૬ ઉજ્જડ ગામો સહિત ૪ શહેરી વિસ્તાર-નો સમાવેશ થાય છે. જિલ્લાના કુલ ભૌગોલિક વિસ્તાર ૮૮૬૬ ચો. કિ.મી. છે. તેમાં પ્રોજેક્ટનો વિસ્તાર ૫૭૪૨ ચો.કિ.મી.નો છે. ૧૯૮૧ની વસતિ ગણતરી મુજબ પ્રોજેક્ટ વિસ્તારની કુલ વસતિ ૧૪,૨૯,૬૫૪ની છે. જેમાં ૭,૨૭,૭૮૯ પુરુષો અને ૭,૦૧,૮૬૫ સ્ત્રી-ઓનો સમાવેશ થાય છે. પ્રોજેક્ટ વિસ્તારમાં કુલ વસતિના ૫૦ % થી વધુ વસતિ ભીલ, રાઠવા, નાયક, પટેલીયા, ભીલકોળી, જાતિના આદિવાસીઓ વસવાટ કરે છે. તેઓમાંના ૮૫ ટકા લોકો ખેતી અને સંલગ્ન સેવાઓ, ૪ ટકા ખેતમજૂરીમાં, ૨ ટકા કુટિરઉદ્યોગોમાં અને ૯ ટકા અન્ય સેવાઓમાં રોકાયેલા છે.

**વસતિ :-**

૧૯૮૧ની વસતિ ગણતરી મુજબ પંચમહાલ જિલ્લાની કુલ વસતિ ૨૩,૨૧,૬૮૯ની નોંધાઈ હતી. જેમાં ૧૧,૮૫,૩૮૩ પુરુષો અને ૧૧,૩૬,૩૦૬ સ્ત્રીઓનો સમાવેશ થાય છે. ગ્રામ્ય વસતિની સંખ્યા ૨૭,૬૪,૧૩૭ની નોંધાઈ હતી જેમાં ૧૦,૫૨,૬૩૩ પુરુષો અને ૧૦૧૧૫૦૪ સ્ત્રીઓનો સમાવેશ થતો હતો જ્યારે શહેરી વસતિ ૨,૫૭,૫૫૨ની નોંધાઈ હતી તેમાં ૧,૩૨,૭૫૦ પુરુષો અને ૧,૨૪,૮૦૨ સ્ત્રીઓનો સમાવેશ થાય છે.

વસતિનું અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ મુજબ વર્ગીકરણ તપાસીએ તો જિલ્લામાં અનુસૂચિત જાતિની વસતિનું પ્રમાણ ઠીક કહી શકાય. જિલ્લામાં અનુસૂચિત જાતિની વસતિ ૮૯,૨૩૨ની નોંધાઈ હતી. જેમાં ૪૫૦૩૦ પુરુષો અને ૪૩૨૦૨ સ્ત્રીઓનો સમાવેશ થાય છે. ગુજરાતના જે ૮ જિલ્લાઓ આદિવાસી જિલ્લાઓ તરીકે જાહેર થયેલ છે તેમાં પંચમહાલ જિલ્લાનો સમાવેશ થાય છે. આ જિલ્લામાં વસતિની દૃષ્ટિએ રાજ્યની સૌથી મોટી આદિવાસી જાતિ ભીલની મુખ્ય વસતિ વસવાટ કરે છે. જિલ્લામાં કુલ ૯,૬૯,૫૩૩ નોંધાઈ હતી જેમાં ૪,૮૯,૩૨૯ પુરુષો અને ૪,૮૦,૧૯૪ સ્ત્રીઓનો સમાવેશ થાય છે.

**અક્ષરજ્ઞાન :-**

૧૯૮૧ની વસતિ ગણતરી મુજબ ગુજરાત રાજ્યમાં સાક્ષરતાનું પ્રમાણ ૪૩.૭૦ ટકા નોંધાયું હતું જેની સાથે જિલ્લામાં આ પ્રમાણ ૨૮.૧૦ ટકા નોંધાયું જે ૧૫.૬૦ ટકા જેટલું ઓછું હતું. એ ઉપરથી જોઈ શકાય છે કે આ જિલ્લો સાક્ષરતામાં ઘણો પછાત છે. સાક્ષરતાનું પ્રમાણ પુરુષ અને સ્ત્રીઓના સંદર્ભમાં તપાસીએ તો રાજ્યમાં પુરુષોમાં સાક્ષરતાનું પ્રમાણ ૫૪.૪૪ ટકા નોંધાયું હતું જેની સામે પંચમહાલ જિલ્લામાં આ પ્રમાણ ૪૦.૭૯ ટકા નોંધાયું હતું. જે ૧૩.૬૫ ટકા જેટલું નીચું હતું. રાજ્યમાં સ્ત્રીઓમાં સાક્ષરતાનું પ્રમાણ ૩૨.૩૦ ટકા

## કોઠા નં.- ૫

### ૧૯૮૧ની વસતિ ગણતરી મુજબ અક્ષરજ્ઞાન ધરાવનારનું વર્ગીકરણ

| ક્રમ | રાજ્ય, જિલ્લો, તાલુકો | કુલ | પુરુષ | સ્ત્રી |
|---|---|---|---|---|
| ૧. | ગુજરાત | ૪૩.૭૦ | ૫૪.૪૪ | ૩૨.૩૦ |
| ૨. | પંચમહાલ કુલ | ૨૮.૧૦ | ૪૦.૭૯ | ૧૪.૮૬ |
| | કુલ ગ્રામ્ય | ૨૪.૧૨ | ૩૭.૧૦ | ૧૦.૬૧ |
| | શહેરી | ૫૯.૯૯ | ૭૦.૦૭ | ૪૯.૨૭ |
| ૩. | દાહોદ | | | |
| | કુલ | ૨૬.૭૦ | ૩૫.૬૬ | ૧૭.૬૬ |
| | ગ્રામ્ય | ૧૩.૫૩ | ૨૨.૧૩ | ૪.૯૩ |
| | શહેરી | ૬૦.૯૯ | ૭૦.૧૭ | ૫૧.૪૬ |
| ૪. | ઝાલોદ | | | |
| | કુલ | ૨૦.૬૧ | ૩૦.૦૧ | ૩૪.૪૩ |
| | ગ્રામ્ય | ૨૦.૬૧ | ૩૦.૦૧ | ૩૪.૪૩ |
| | શહેરી | - | - | - |

નોંધાયું હતું જ્યારે પંચમહાલ જિલ્લામાં આ પ્રમાણ ૧૪.૮૬ ટકા નોંધાયું હતું જે ૧૭.૪૮ ટકા નીચું હતું એટલે કે પંચમહાલ જિલ્લામાં રાજયના પ્રમાણમાં ઘણું ઓછું છે.

વસતિમાં ૧૦૦૦ પુરુષોની સરખામણીમાં સ્ત્રીઓનું પ્રમાણ તપાસીએ તો ગુજરાતમાં ૧૦૦૦ પુરુષોમાં સ્ત્રીઓનું પ્રમાણ ૯૪૨ સ્ત્રીઓનું આ પ્રમાણ ૧૦૦૦ પુરુષોએ ૯૫૮ સ્ત્રીઓનું નોંધાયું હતું.

વસતિની ગીચતા એટલે કે ૧ કી.મી.ના વિસ્તારમાં વસતિની સંખ્યાની વિગત તપાસીએ તો ગુજરાતમાં આ પ્રમાણ ૧ કિ.મી. વિસ્તારમાં ૯૪૨ વ્યકિતનું નોંધાયું હતું જ્યારે આ પ્રમાણ પંચમહાલ જિલ્લામાં ૯૫૯નું નોંધાવા પામ્યું હતું.

<u>કામ કરનાર અને કામ નહીં કરનારનું પ્રમાણ</u> :-

જિલ્લામાં મુખ્ય કામ કરનારનું પ્રમાણ કુલ વસતિના પ્રમાણમાં ૩૩.૨૩ ટકા હતું જેમાં ૫૩.૭૫ ટકા પુરુષો અને ૧૧.૮૧ ટકા સ્ત્રીઓ હતી.

જિલ્લામાં સિમાંત કામ કરનારનું પ્રમાણ કુલ વસતિના પ્રમાણમાં ૧૧.૭૪ ટકા નોંધાયું હતું. જેમાં પુરુષોનું પ્રમાણ ૧.૧૯ ટકા અને સ્ત્રીઓનું પ્રમાણ ૨૨.૭૬ ટકા હતું એટલે કે જિલ્લામાં સ્ત્રીઓનું પ્રમાણ સિમાંત કામ કરનારમાં ઘણું ઊંચું નોંધાયું છે.

જિલ્લામાં કામ નહીં કરનારનું પ્રમાણ કુલ વસતિના પ્રમાણમાં ૫૫.૦૩ ટકા નોંધાયું હતું જેમાં પુરુષોમાં આ પ્રમાણ ૪૫.૦૬ ટકા અને સ્ત્રીઓમાં ૬૫.૪૩ ટકા નોંધાયું હતું. આ ઉપરથી જોઈ શકાય છે કે લગભગ અડધા લોકો તો કામ નહીં કરનારા હતા અને તેમાં પણ સ્ત્રીઓમાં આ પ્રમાણ ઘણું ઊંચું છે.

કોઠા નં.- ૬

મુખ્ય કામ કરનારનું વર્ગીકરણ

| ક્રમ | વ્યવસાય | ગુજરાત કુલ | ગુજરાત પુરુષ | ગુજરાત સ્ત્રી | પંચમહાલ કુલ | પંચમહાલ પુરુષ | પંચમહાલ સ્ત્રી |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ખેતી કરનારા | ૩૭.૪૬ | ૩૮.૯૫ | ૩૦.૦૨ | ૭૨.૪૫ | ૭૩.૮૯ | ૬૫.૬૦ |
| ૨. | ખેતમજૂરી કરનારા | ૨૨.૬૫ | ૧૭.૫૯ | ૪૮.૦૮ | ૧૦.૯૩ | ૭.૭૭ | ૨૫.૯૫ |
| ૩. | ગૃહોદ્યોગો કરનારા | ૨.૪૪ | ૨.૪૨ | ૨.૪૮ | ૧.૪૨ | ૧.૪૪ | ૧.૩૫ |
| ૪. | અન્ય કામ કરનારા | ૩૫.૪૫ | ૪૧.૦૪ | ૧૯.૪૨ | ૧૫.૨૦ | ૧૬.૯૦ | ૭.૧૦ |

મુખ્ય કામ કરનારાનું વર્ગીકરણ તપાસીએ તો ગુજરાતમાં ખેતીકામમાં ૪૦ ટકા [illegible] લોકો જોડાયેલા છે. તેની સામે પંચમહાલ જિલ્લામાં આ પ્રમાણ ૭૦ ટકાથી પણ વધુ નોંધાયેલું જોવા મળે છે. વર્ષ દરમિયાન શહેરોમાં બાંધકામ કે અન્ય મજૂરી કરતા આદિવાસી કુટુંબો વર્ષાઋતુની શરૂઆત થતાં પોતપોતાના વતનમાં પાછા આવી જઈ ખેતીકામમાં જોડાઈ જાય છે. ખેતમજૂરી કે અન્ય મજૂરીકામ રાજ્યસ્તરના પ્રમાણની સરખામણીમાં જિલ્લામાં આ પ્રમાણ માત્ર ૧૦ ટકા જેટલું છે.

## કોઠા નં. - ૭

### ૧૯૮૧ની વસતિ ગણતરીમાં મુખ્ય સિમાંત કામ કરનાર અને કામ નહીં કરનારનું વર્ગીકરણ (ટકામાં)

| ક્રમ | રાજ્ય, જિલ્લો | મુખ્ય કામ કરનારા | | | સિમાંત કામ કરનારા | | | કામ નહીં કરનારા | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | કુલ | પુરુષો | સ્ત્રી | કુલ | પુરુષો | સ્ત્રી | કુલ | પુરુષો | સ્ત્રી |
| ૧. | ગુજરાત | ૩૨.૨૩ | ૫૨.૧૯ | ૧૧.૦૩ | ૫.૦૪ | ૦.૭૨ | ૯.૬૩ | ૬૨.૭૩ | ૪૭.૦૯ | ૭૯.૩૪ |
| ૨. | પંચમહાલ | ૩૩.૨૩ | ૫૩.૭૫ | ૧૧.૮૧ | ૧૧.૭૪ | ૧.૧૯ | ૨૨.૭૬ | ૫૫.૦૩ | ૪૫.૦૬ | ૬૫.૪૩ |
| ૩. | દાહોદ | ૨૯.૪૬ | ૫૧.૨૯ | ૭.૪૩ | ૧૧.૧૩ | ૦.૭૬ | ૨૧.૫૯ | ૫૭.૪૧ | ૪૭.૯૫ | ૭૦.૯૮ |
| ૪. | ઝાલોદ | ૩૪.૪૩ | ૫૨.૬૪ | ૧૫.૮૪ | ૧૬.૭૨ | ૧.૦૨ | ૩૨.૭૪ | ૪૮.૮૫ | ૪૬.૩૪ | ૫૧.૪૨ |

**દાહોદ તાલુકો :-**

પંચમહાલ જિલ્લાના ૧૧ તાલુકાઓ આવેલા છે. તેમાં દાહોદ તાલુકાનો સમાવેશ થાય છે. આ તાલુકો જિલ્લાના પૂર્વ વિભાગના પહાડી અને જંગલ વિસ્તારમાં આવેલો છે.

**ભૌગોલિક સ્થાન :-**

દાહોદ તાલુકો ૨૨°. ૫૦ ઉત્તર અક્ષાંશ અને ૭૫°. ૧૮° પૂર્વ રેખાંશ વચ્ચે આવેલો છે. તાલુકાનો કુલ ભૌગોલિક વિસ્તાર ૮૭૫ ચો. કિ.મી. છે. તાલુકાની પૂર્વ દિશામાં મધ્યપ્રદેશ રાજ્યનો જાંબુવા વિસ્તાર, પશ્ચિમ દિશામાં લીમખેડા તાલુકો, ઉત્તર દિશામાં ઝાલોદ તાલુકો અને દક્ષિણ દિશામાં મધ્યપ્રદેશનો અલીરાજપુર જિલ્લો આવેલ છે. આમ દાહોદ તાલુકો માત્ર પંચમહાલ જિલ્લાનો જ નહીં પરંતુ રાજ્યનો સરહદી તાલુકો છે.

પંચમહાલ જિલ્લામાં બધા મળીને ૧૯૦૯ ગામો છે. જેમાં ૧૩ ઉજજડ ગામોનો પણ સમાવેશ થાય છે. જ્યારે ઝાલોદ તાલુકાના કુલ ૧૨૨ ગામો છે.

## કોઠા નં. - ૮

### જિલ્લા/તાલુકામાં ૧૯૮૧ની વસતિ ગણતરી મુજબ શિક્ષિત, અ.જાતિ, અનુસૂચિત જનજાતિ, કમાનાર-નહીં કમાનાર મુજબ વર્ગીકરણ દર્શાવતો કોઠો.

| જિલ્લો તાલુકો | | કુલ વસતિ કુલ | પુરુષ | સ્ત્રી | કુલ વસતિમાં અનુ.જાતિ | કુલ વસતિમાં અનુ.જનજાતિ | કુલ વસતિમાં શિક્ષિત % કુલ | પુરુષ | સ્ત્રી | કુલ વસતિમાં મુખ્ય કામ કરનાર કુલ | પુરુષ | સ્ત્રી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પંચમહાલ | કુલ | ૨૩૨૧૬૮૯ | ૧૧૮૫૩૮૩ | ૧૧૩૬૩૦૬ | ૩.૮૦ | ૪૧.૭૬ | ૨૮.૧૦ | ૪૦.૭૯ | ૧૪.૮૬ | ૩૩.૨૩ | ૫૩.૭૫ | ૧૧.૮૧ |
| | ગ્રામ્ય | ૨૦૬૪૧૩૭ | ૧૦૫૨૬૩૩ | ૧૦૧૧૫૦૪ | ૩.૫૭ | ૪૫.૪૭ | ૨૪.૧૨ | ૩૭.૧૦ | ૧૦.૬૧ | ૩૪.૦૯ | ૫૪.૬૩ | ૧૨.૭૭ |
| | શહેરી | ૨૫૭૫૫૨ | ૧૩૨૭૫૦ | ૧૨૪૮૦૨ | ૫.૬૨ | ૧૨.૦૧ | ૫૯.૯૯ | ૭૦.૦૭ | ૪૯.૨૭ | ૨૬.૩૨ | ૪૬.૭૯ | ૪.૫૫ |
| દાહોદ | કુલ | ૨૯૬૩૨૨ | ૧૪૮૮૨૩ | ૧૪૭૪૯૯ | ૨.૬૧ | ૭૨.૮૨ | ૨૬.૭૦ | ૩૫.૬૬ | ૧૭.૬૬ | ૨૯.૪૬ | ૫૧.૨૯ | ૭.૪૩ |
| | ગ્રામ્ય | ૨૧૪૦૬૬ | ૧૦૬૯૨૪ | ૧૦૭૧૪૨ | ૧.૫૪ | ૯૨.૪૦ | ૧૩.૫૩ | ૨૨.૧૩ | ૪.૯૩ | ૩૦.૯૧ | ૫૩.૩૫ | ૮.૫૧ |
| | શહેરી | ૮૨૨૫૬ | ૪૧૮૯૯ | ૪૦૩૫૭ | ૫.૪૦ | ૨૧.૪૮ | ૬૦.૯૯ | ૭૦.૧૭ | ૫૧.૪૬ | ૨૫.૭૦ | ૪૬.૦૪ | ૪.૫૮ |

| જિલ્લો,તા. | | કુલ વસતિમાં સિમાંત કામ કરનાર કુલ | પુરુષ | સ્ત્રી | કુલ વસતિમાં કુલ કામ કરનાર કુલ | પુરુષ | સ્ત્રી | કુલ વસતિમાં કામ નહીં કરનાર (ટકામાં) કુલ | પુરુષ | સ્ત્રી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પંચમહાલ | કુલ | ૧૧.૭૪ | ૧.૧૯ | ૨૨.૭૬ | ૪૪.૯૭ | ૫૪.૮૪ | ૩૪.૫૭ | ૫૫.૦૩ | ૪૫.૦૬ | ૬૫.૪૩ |
| | ગ્રામ્ય | ૧૩.૧૧ | ૧.૩૦ | ૨૫.૦૧ | ૪૭.૨૦ | ૫૫.૯૩ | ૩૮.૧૨ | ૫૨.૮૦ | ૪૪.૦૭ | ૬૧.૮૮ |
| | શહેરી | ૦.૭૮ | ૦.૩૩ | ૧.૨૫ | ૨૭.૧૦ | ૪૭.૧૨ | ૫.૮૦ | ૭૨.૯૦ | ૫૨.૮૮ | ૯૪.૨૦ |
| દાહોદ | કુલ | ૧૧.૧૩ | ૦.૭૬ | ૨૧.૫૯ | ૪૦.૫૯ | ૫૨.૦૫ | ૨૯.૦૨ | ૫૯.૪૧ | ૪૭.૯૫ | ૭૦.૯૮ |
| | ગ્રામ્ય | ૧૫.૧૯ | ૦.૯૭ | ૨૯.૩૯ | ૪૬.૧૦ | ૫૪.૩૨ | ૩૭.૯૦ | ૫૩.૯૦ | ૪૫.૬૮ | ૬૨.૧૦ |
| | શહેરી | ૦.૫૪ | ૦.૨૨ | ૦.૮૮ | ૨૬.૨૪ | ૪૬.૨૬ | ૫.૪૬ | ૭૩.૭૬ | ૫૩.૭૪ | ૯૪.૫૪ |

## કોઠા નં.- ૯

મુખ્ય કામ કરનારાઓનું વ્યવસાય મુજબ વર્ગીકરણ (ટકામાં)

| રાજય/ જિલ્લો | ખેતી | | | ખેતમજૂરી | | | ગૃહોદ્યોગ | | | અન્ય કામ કરનારા | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | કુલ | પુરુષો | સ્ત્રી | કુલ | પુરુષો | સ્ત્રી | કુલ | પુરુષો | સ્ત્રી | કુલ | પુરુષો | સ્ત્રી |
| ગુજરાત | ૩૭.૭૬ | ૩૮.૬૫ | ૩૦.૦૨ | ૨૨.૬૫ | ૧૭.૫૯ | ૪૮.૦૮ | ૨.૪૪ | ૨.૪૨ | ૨.૪૮ | ૩૭.૪૫ | ૪૧.૦૪ | ૧૯.૪૨ |
| પંચમહાલ | ૭૨.૪૫ | ૭૩.૮૯ | ૬૫.૬૦ | ૧૦.૯૩ | ૭.૭૭ | ૨૫.૯૫ | ૧.૪૨ | ૧.૪૪ | ૧.૩૫ | ૧૫.૨૦ | ૧૬.૯૦ | ૭.૧૦ |

ઈટાવા ગામમાં પાયાની સુવિધાઓ :-

અભ્યાસ માટે દાહોદ તાલુકાનું પસંદ કરાયેલ ઈટાવાની અન્ય વિગતો આગળ જોઈશું. આ ચર્ચામાં ૮૯ની તપાસ સમયે ગામમાં પાયાની સુવિધાઓની સ્થિતિ આવરી લઈશું.

ઈટાવા ગામનો કુલ ભૌગોલિક વિસ્તાર ૮૩૮ હેક્ટર ૪૭ આર છે. ગામની વસતિ ૮ ફળિયામાં વસવાટ કરે છે. આ ફળિયાઓમાં વાંદરીયા ફળિયું, માળીયા ફળિયું, પટેલ ફળિયું, નવાટાપરા ફળિયું, મડીયા ફળિયું, નીનામા ફળિયું, મેડા ફળિયુંનો સમાવેશ થાય છે. અહીંયાં ફળિયું શબ્દએ અન્ય વિસ્તાર માટે વપરાય છે, એ અર્થમાં નથી. પરંતુ એક પેટા જાતિના અથવા એક કુળના કુટુંબો નજીક નજીક રહે એ અર્થ થાય છે.

(૧) પીવાનું પાણી :-

પીવાનું પાણી એ પ્રાથમિક જરૂરિયાત છે. ઈટાવા ગામમાં પીવાના પાણી માટે સાર્વજનિક ૨ કુવાઓ ઉપરાંત ૪ હેન્ડપંપો હતા જેમાંના ૨ બગડેલા હતા અને બાકીના ૨ ઉપયોગમાં લેવાતા હતા. ક્ષેત્રકાર્ય દરમિયાન જોવા મળ્યું હતું કે આ કુટુંબો હેન્ડપંપના પાણીનો પીવાના પાણી તરીકે અને કુવાના પાણીનો અન્ય વપરાશના ઉપયોગમાં લેતા હતા. અલબત્ત જેમનો હેન્ડપંપ નજીકમાં હોય તેવા કુટુંબો આ પ્રમાણે કરતા હતા.

(૨) અનાજ દળવાની ઘંટી :-

આદિવાસીઓમાં રોજેરોજનું અનાજ ઘરઘંટીમાં દળવાની પ્રથા અન્ય વિસ્તારની જેમ ઝડપથી લુપ્ત થઈ રહી છે. એના કારણોની ચર્ચાને અત્યારે સ્થાન નથી. પરંતુ એક ઘંટી કે જે વિજળી અને ઓઈલ એન્જિનથી ચાલતી હતી.

(૩) દુકાન :-

ગામના લોકોને જરૂરી ચીજવસ્તુઓ મળી રહે એ માટે બે દુકાનો હતી જેમાંથી એક સસ્તા અનાજની દુકાન તરીકે પણ હતી.

(૪) સેવા સહકારી મંડળી :-

ઈટાવા ગામના લોકોને સેવા સહકારી મંડળી હાલ કઠલા-માં આવેલી મંડળી ધ્વારા મળે છે.

(૫) પ્રાથમિક શાળા :-

ગામમાં માત્ર ધો.૪ સુધીની શાળા છે. જોકે ગામના મોટા વિસ્તારને જોતાં ૨ શાળાઓ ચલાવવામાં આવે છે. જોકે એક શાળા નિયમિત ચાલતી ન હતી એવું માહિતીદાતાઓએ જણાવ્યું હતું.

(૬) આંગણવાડી :-

નાના બાળકો એટલે કે ૬ વર્ષથી નીચેની ઉંમરના બાળકોને પૌષ્ટિક આહાર મળે એ માટે આંગણવાડી ચલાવવામાં આવે છે. ગામમાં ૨ આંગણવાડી ચલાવવામાં આવે છે.

(૭) આરોગ્ય કાર્યકર :-

ગામમાં એક આરોગ્ય કાર્યકર (મેલેરીયા) અને એક તાલીમ દાયણની સેવા ઉપલબ્ધ હતી.

(૮) રેલ્વે સ્ટેશન :-

ઈટાવા ગામમાં રેલ્વેની સગવડ નથી પરંતુ ગામથી ૮ કિ.મી. દૂર અનાસ અને ૬ કિ.મી. દૂર બોરડી સ્ટેશન આવેલાં છે જ્યાંથી મુંબઈ-દીલ્હી જવાની સગવડ મળી શકે છે.

(૯) પોસ્ટ ઓફિસ :-

ગામમાં બ્રાન્ચ પોસ્ટ ઓફિસની સગવડ ઉપલબ્ધ છે જ્યારે તારની સગવડ દાહોદમાં ઉપલબ્ધ છે.

(૧૦) પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર :-

ઈટાવા ગામથી ૭ કિ.મી. દૂર ટીમરડા ગામમાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનો લાભ મળે છે. જ્યારે ગંભીર માંદગીના પ્રસંગોએ દાહોદ અથવા ગોધરા જવું પડે છે.

(૧૧) ઉચ્ચ શિક્ષણ :-

ગામમાં માધ્યમિક શિક્ષણની સેવા ઉપલબ્ધ નથી. ગામથી ૨ કિ.મી. દૂર આવેલ કઠલા ઉત્તર બુનિયાદી આશ્રમ શાળામાં માધ્યમિક શિક્ષણ મળી શકે છે. લીમડાબરા ગામમાં પણ ઉત્તર બુનિયાદી આશ્રમશાળા શરૂ થઈ છે. ઉચ્ચતર માધ્યમિક શાળા અને ઉચ્ચ શિક્ષણની સુવિધા દાહોદમાં મળી શકે છે.

(૧૨) બજાર :-

લોકોને પોતાની જરૂરિયાતો ખરીદવા માટે નજીકમાં બજારની સગવડ રાસરડા, ટીમરડા, દાહોદમાં ઉપલબ્ધ છે.

(૧૩) બસ સેવા :-

દાહોદની અનાસ જતી બસ ૨ વખત આ ગામમાંથી પસાર થાય છે. અહીંયાંથી ૧ કિ.મી. દૂર લીમડાબરા ગામેથી અનાસ-દાહોદ જતી બસની અન્ય ટ્રીપોનો લાભ મળે છે. અહીંયા ખાનગી વાહનોનો લાભ મળતો નથી.

ઝાલોદ તાલુકો :-

પંચમહાલ જિલ્લામાં આવેલા આદિવાસી તાલુકા તરીકે ગણાતા તાલુકાઓમાં ઝાલોદ તાલુકાનો સમાવેશ થાય છે.

વિસ્તાર અને વસતિ :-

ઝાલોદ તાલુકાનો કુલ ભૌગોલિક વિસ્તાર ૪૫૦ ચો. કિ.મી. નો છે. તેનું ભૌગોલિક સ્થાન તપાસીએ તો તાલુકાની પૂર્વ દિશામાં રાજસ્થાન જે તાલુકાના કંકાશીયા ગામ પછી શરૂ થાય છે, પશ્ચિમ દિશામાં અનુક્રમે ગોધરા અને સંતરામપુર અને રાજયસ્થાનનો વિસ્તાર, દક્ષિણ દિશામાં લીમખેડા અને દાહોદ તાલુકાઓ આવેલા છે. તાલુકામાં કુલ ૧૫૨ ગામો છે.

તાલુકામાં અનાસ, ટીટોડી, માછણ, કાળી મુખ્ય નદીઓ છે. આ ઉપરાંત નાના-મોટાં સિંચાઈ તળાવો આવેલા છે. તાલુકાના કઠવાલ ગામ પાસે ટીટોડી નદી ઉપર બંધ બાંધેલો છે.

જમીનનું વર્ગીકરણ તપાસીએ તો (૧૯૭૧ મુજબ) ૧૭.૧ ટકા જંગલ, ૬૨.૬ ટકા ખેડાણ વિસ્તાર, ૧૧.૨ ટકા ગૌચર, ૯.૧ ટકા ખેડાણમાં ન લેવાય તેવા વિસ્તારનો સમાવેશ થાય છે.

તાલુકામાં ખેતીમાં મુખ્યત્વે મકાઈ, ઘઉં, મગ, મઠ, અડદ જેવા મગફળી, તુવર, ડાંગર થાય છે.

## કોઠા નં. - ૧૦

જિલ્લા/તાલુકામાં ૧૯૮૧ની વસતિ ગણતરી મુજબ શિક્ષિત, અ.જાતિ, અનુ.જનજાતિ, કમાનાર, નહીં કમાનાર મુજબ વર્ગીકરણ દર્શાવતો કોઠો : (પંચમહાલ, ઝાલોદ)

| જિલ્લો | કુલ વસતિ | | | કુલ વસતિમાં | કુલ વસતિમાં | કુલ વસતિમાં શિક્ષિત(ટકા) | | | કુલ વસતિમાં કમાનાર(ટકા) | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| તાલુકો | કુલ | પુરુષ | સ્ત્રી | અનુ.જાતિ | અનુ.જનજાતિ | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી |
| પંચમહાલ | ૨૩૨૧૬૮૯ | ૧૧૮૫૩૮૩ | ૧૧૩૬૩૦૬ | ૩.૮૦ | ૪૧.૭૬ | ૨૮.૧૦ | ૪૦.૭૯ | ૧૪.૮૬ | ૩૩.૨૩ | ૫૩.૭૫ | ૧૧.૮૧ |
| ગ્રામ્ય | ૨૦૬૪૧૩૭ | ૧૦૫૨૬૩૩ | ૧૦૧૧૫૦૪ | ૩.૫૭ | ૪૫.૪૭ | ૨૪.૧૨ | ૩૭.૧૦ | ૧૦.૬૧ | ૩૪.૦૯ | ૫૪.૬૩ | ૧૨.૭૧ |
| શહેરી | ૨૫૭૫૫૨ | ૧૩૨૭૫૦ | ૧૨૪૮૦૨ | ૫.૬૨ | ૧૨.૦૧ | ૫૯.૯૯ | ૭૦.૦૭ | ૪૯.૨૭ | ૨૬.૩૨ | ૪૬.૭૯ | ૪.૫૫ |
| ઝાલોદ | ૨૦૦૪૪૫ | ૧૦૧૨૦૬ | ૯૯૨૩૯ | ૧.૬૧ | ૮૫.૫૮ | ૨૦.૬૧ | ૩૦.૦૧ | ૧૧.૦૩ | ૩૪.૪૩ | ૫૨.૬૪ | ૧૫.૬૪ |
| ગ્રામ્ય | ૨૦૦૪૪૫ | ૧૦૧૨૦૬ | ૯૯૨૩૯ | ૧.૬૧ | ૮૫.૫૮ | ૨૦.૬૧ | ૩૦.૦૧ | ૧૧.૦૩ | ૩૪.૪૩ | ૫૨.૬૪ | ૧૫.૮૪ |

| જિલ્લો | કુલ વસતિમાં સિંમાંત કામ કરનાર | | | કુલ વસતિમાં કામ કરનાર | | | કુલ વસતિમાં કામ નહીં કરનાર | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| તાલુકો | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી |
| પંચમહાલકુલ | ૧૧.૭૪ | ૧.૧૯ | ૨૨.૭૬ | ૪૪.૯૭ | ૫૪.૯૪ | ૩૪.૫૭ | ૫૫.૦૩ | ૪૫.૦૬ | ૬૫.૪૩ |
| ગ્રામ્ય | ૧૩.૧૧ | ૧.૩૦ | ૨૫.૪૧ | ૪૭.૨૦ | ૫૫.૯૩ | ૩૮.૧૨ | ૫૨.૮૦ | ૪૪.૦૭ | ૬૧.૮૮ |
| શહેરી | ૦.૭૮ | ૦.૩૩ | ૧.૨૫ | ૨૭.૧૦ | ૪૭.૧૨ | ૫.૮૦ | ૭૨.૯૦ | ૫૨.૮૮ | ૯૪.૨૦ |
| ઝાલોદ | ૧૬.૭૨ | ૧.૦૨ | ૩૨.૭૪ | ૫૧.૧૫ | ૫૩.૬૬ | ૪૮.૫૮ | ૪૮.૮૫ | ૪૬.૩૪ | ૫૧.૪૨ |
| ગ્રામ્ય | ૧૬.૭૨ | ૧.૦૨ | ૩૨.૭૪ | ૫૧.૧૫ | ૫૩.૬૬ | ૪૮.૫૮ | ૪૮.૮૫ | ૪૬.૩૪ | ૫૧.૪૨ |

<u>વસતિ :-</u>

૧૯૮૧ની વસતિ ગણતરી મુજબ તાલુકાની કુલ વસતિ ૨,૦૦,૪૪૫ની હતી જેમાં ૧,૦૬,૨૦૬ પુરુષો અને ૯૯,૨૩૯ સ્ત્રીઓનો સમાવેશ થતો હતો. આ તાલુકાની તમા વસતિ ગ્રામ્યવિસ્તારની છે એટલે કે તાલુકામાં કોઈ શહેરી વિસ્તાર નથી.

તાલુકાની વસતિનું અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ મુજબ વર્ગીકરણ તપાસીએ તો અનુસૂચિત જાતિની વસતિનું પ્રમાણ જિલ્લામાં ૩.૮૦ ટકા છે જે સાથે તાલુકાનું પ્રમાણ ૧.૬૧ ટકા છે. એટલે કે આ જાતિની વસતિનું પ્રમાણ નહિંવત છે. જ્યારે અનુસૂચિત જનજાતિની વસતિનું પ્રમાણ જિલ્લામાં ૪૧.૭૬ ટકા સામે તાલુકામાં આ પ્રમાણ ૮૫.૫૮ ટકા નોધાયું હતું એટલે કે વધુ આદિવાસી વસતિની ટકાવારી ધરાવતા તાલુકાઓમાંનો આ તાલુકો છે.

<u>શિક્ષણ :-</u>

૧૯૮૧ની વસતિ ગણતરી મુજબ જિલ્લામાં સાક્ષરતાનું પ્રમાણ ૨૮.૧૦ ટકા નોંધાયું હતું જે સામે તાલુકામાં આ પ્રમાણ ૨૦.૬૧ ટકા નોંધાયું હતું. જે ઉપરથી જોઈ શકાય છે કે રાજ્યમાં ૪૩.૭૦ ટકા સાક્ષરતા સામે તાલુકામાં પ્રમાણ ઘણું પાંગળું જોવા મળે છે.

રાજ્યમાં સ્ત્રીઓમાં સાક્ષરતાનું પ્રમાણ ૩૨.૩૦ ટકા સામે પંચમહાલ જિલ્લા અને ઝાલોદ તાલુકામાં આ પ્રમાણ અનુક્રમે ૧૪.૮૬ ટકા અને ૩૪.૪૩ ટકા નોંધાયું હતું. આમ રાજયની સરખામણીમાં ચિત્ર ખૂબ નિરાશાજનક નથી બલ્કે જિલ્લાની સ્થિતિની સરખામણીમાં આવકારદાયક છે.

<u>કમાનાર વસતિ :-</u>

રાજ્યમાં મુખ્ય કામ કરનારનું પ્રમાણ ૩૨.૨૩ ટકા સામે જિલ્લા અને તાલુકામાં આ પ્રમાણ અનુક્રમે ૩૩.૨૩ અને ૩૪.૪૩ ટકા નોંધાયું હતું જે જિલ્લા અને રાજયની સરખામણીમાં લગભગ ૧.૧ ટકા વધું હતું જ્યારે સિમાંત કામ કરનારાનું પ્રમાણ રાજ્યમાં ૫.૦૪

ટકા સામે જિલ્લા અને તાલુકામાં આ પ્રમાણ અનુક્રમે ૧૧.૧૩ ટકા અને ૧૬.૭૨ ટકા નોંધાયું હતું જે જિલ્લા અને રાજ્યની સરખામણીમાં વધુ હતું જ્યારે રાજ્યમાં કામ નહીં કરનારાનું પ્રમાણ ૬૨.૭૩ ટકા હતું. જે સામે જિલ્લામાં અને તાલુકામાં આ પ્રમાણ અનુક્રમે ૫૫.૦૩ ટકા અને ૪૮.૮૫ ટકા નોંધાયું હતું. આમ કામ કરનારઓનું પ્રમાણ જિલ્લા અને રાજ્યના પ્રમાણ કરતાં ઊંચું છે તેમ છતાં તાલુકાની એકંદર આર્થિક સ્થિતિ જિલ્લા અને રાજ્ય કરતાં સારી છે એમ ન કહી શકાય.

મધાનીસર :-

ઝાલોદ તાલુકામાં અભ્યાસમાં આવરી લીધેલું મધાનીસર ગામ ઝાલોદ-કુશલગઢ-કંકાશીયા માર્ગ ઉપર તાલુકા મથક ઝાલોદથી ૧૧ કિ.મી. દૂર લગભગ ઉંડાણના ભાગમાં આવેલું છે. ઝાલોદથી કંકાશીયા તરફ આવતી બસો આ ગામ પાસેથી પસાર થાય છે. આ ઉપરાંત ખાનગી વાહનો પણ દિવસ દરમિયાન મળી રહે છે.

મધાનીસર ગામની વધુ વિગતો ગામની ચર્ચાના પ્રકરણમાં આવરી લેવામાં આવશે. આ સ્થળે ગામમાં ઉપલબ્ધ પાયાની સેવાઓનું ચિત્ર મેળવવાનો પ્રયાસ કરીએ.

(૧) <u>પીવાનું પાણી</u> :-

પીવાનું પાણી પ્રાથમિક જરૂરિયાત છે. તેની સ્થિતિ જોઈએ તો ગામમાં પીવાના પાણી માટેના ૩ સાર્વજનિક કુવાઓ છે. આ ~~ઉપરાંત~~ ૨ હેન્ડપંપ પણ બેસાડવામાં આવ્યા છે. આ ઉપરાંત પોતાની માલિકીના કુવા/નજીકના કુવાનો પણ પીવાના પાણીના ઉપયોગમાં લેવાય છે. ગામમાં પીવાના પાણીની સ્થિતિ એકંદરે સારી છે.

(૨) <u>આંગણવાડી પ્રાથમિક શિક્ષણ</u> :-

આંગણવાડી અને ધો. ૧ થી ૪ સુધીના શિક્ષણ માટેની સુવિધા ગામમાં જ ઉપલબ્ધ છે જ્યારે ધો. ૫ થી ૭ માટે ૧ કિ.મી. દૂર આવેલા મકુડી ગામમાં ઉપલબ્ધ છે.

(૩) માધ્યમિક/ ઉચ્ચ શિક્ષણ :-

ગામમાં માધ્યમિક શાળા નથી. ગામથી એક કિ.મી. દૂર આવેલ મહુડી ગામમાં માધ્યમિક શાળા આવેલી છે. ઉચ્ચતર માધ્યમિક શાળા ગામથી ૧૧ કિ.મી. દૂર તાલુકા મથક ઝાલોદમાં આવેલી છે જ્યારે કોલેજના શિક્ષણની વ્યવસ્થા દાહોદમાં છે.

ટપાલ સેવા :-

ગામમાં પોસ્ટ ઓફિસની સગવડ નથી પરંતુ એક કિ.મી. દૂર મહુડી ગામમાં છે જ્યારે તારની સગવડ ૧૧ કિ.મી. દૂર આવેલ ઝાલોદમાં છે.

રેલ્વે :-

તાલુકામાં રેલ્વે લાઈન પસાર થતી નથી. નજીકનું રેલ્વે સ્ટેશન દાહોદ છે.

આશ્રમશાળા અને છાત્રાલય :-

ગામથી ૨-૩ કિ.મી. દૂર ભીમપુરી ગામમાં ભીલસેવા મંડળ સંચાલિત આશ્રમશાળા ચાલે છે. જ્યારે મઘાનીસરની ગામની બાજુમાં જ છાત્રાલય આવેલું છે. આશ્રમશાળામાં ગામના ૫ કુમાર અને ૩ કન્યા દાખલ થયેલ છે જ્યારે છાત્રાલયનો લાભ ખૂબ ઓછો લેવાય છે. તપાસ સમયે આ છાત્રાલય શરૂ થયું નહોતું. જો સંચાલકો તરફથી નિષ્ઠા-પૂર્વકના પ્રયત્નો કરવામાં આવે તો ગામના બાળકો છાત્રાલયનો લાભ મેળવવા તૈયાર છે એવું માહિતીદાતાઓએ જણાવ્યું હતું.

મધ્યાહન ભોજન યોજના :-

ગામની પ્રાથમિક શાળામાં મધ્યાહન ભોજન યોજના ચાલે છે.

**વિજળી :-**

ગામમાં માત્ર ખેતીના ઉપયોગ માટે વિજળીની લાઈન નંખાયેલી છે. અગાઉ ગામમાં સ્ટ્રીટ લાઈટની સગવડ હતી પરંતુ વિજળી બીલ ન ભરાવાને કારણે એક વર્ષથી કનેક્શન કાપી નાંખવામાં આવ્યું છે. તપાસ સમયે ગામના આશરે ૨૫ કુટુંબોને ઘરગથ્થુ વિજળીનો લાભ આપી શકાય એવી શક્યતાઓ હતી. આ દિશામાં કામગીરી કરવાની ખૂબ જરૂર છે.

**સહકારી મંડળી :-**

ખેતી સેવા સહકારી મંડળી, શંકરપુરાનો લાભ આ ગામના લોકોને મળે છે. આ મંડળી ધ્વારા મહુડી ગામે સસ્તા અનાજની દુકાન ચલાવવામાં આવે છે. તપાસ સમયે ગામના કુટુંબોએ આ સસ્તા અનાજની દુકાનની કામગીરી અંગે ઘણી ફરિયાદો કરી હતી જેમાં મુખ્યત્વે દુકાન ચાલુ થયાનો અને બંધ થયાનો ચોકકસ સમય ન હોવાથી લોકોને દુકાને જઈ બંધ હોવાથી પોતાનો સમય બગાડવો પડે છે. વળી દુકાનમાં જરૂરિયાતોનો પુરવઠો અપૂરતો અથવા ન હોવાના કારણે લોકોને ખૂબ હેરાનગતિનો ભોગ બનવું પડતું હતું. સસ્તા અનાજની દુકાનની કાર્યપધ્ધતિ સુધારવા માટે માહિતીદાતાઓનું ભારપૂર્વકનું સૂચન હતું. વધુમાં એવી રજૂઆત કરવામાં આવી હતી કે સરકારી લેણું (ઘરવેરા સહિત) બાકી હોય તેમને સસ્તા અનાજની દુકાનેથી અનાજ-ખાંડ વગેરે આપવામાં આવતું નહોતું જે બાબત ગંભીર વિચારણા માંગી લે તેવી છે.

**દુકાન-બજાર :-**

ગામમાં કોઈ ખાનગી દુકાન નથી. સામાન્ય ચીજવસ્તુઓ મહુડી ગામમાંની દુકાનોએથી મળે છે. સામાન્ય રીતે વધુ ખરીદી ઝાલોદમાં અને ખાસ કરીને સોમવારે ભરાતા હાટમાંથી થતી હોવાનું જણાયું હતું.

## પ્રકરણ : ૨

## ભીલજાતિ : પરિચય અને વસતિ

### ઐતિહાસિક પૂર્વભૂમિકા :-

ભીલજાતિની ઐતિહાસિક પૂર્વભૂમિકા જોતાં પહેલાં એ બાબત જાણવી યોગ્ય રહેશે કે દેશના રાજયબંધારણમાં સમાજમાં જે સામાન્ય પ્રવાહથી પાછળ રહી ગયા છે. તેમને સામાન્ય પ્રવાહમાં લાવી શકાય એ માટેના જરૂરી પગલાં લેવાની જવાબદારી સરકારની ગણાવી છે. વધુમાં સમાજની જે જ્ઞાતિઓ અસ્પૃશ્યતા અને શોષણના ભોગ બનવાને કારણે પાછળ રહી ગઈ હતી તેથી જ્ઞાતિઓની જે યાદી તૈયાર કરવામાં આવી તેને અનુસૂચિત જાતિ તરીકે ઓળખવામાં આવે છે. આ ઉપરાંત જે જાતિ પહાડી અને જંગલ વિસ્તારમાં વસવાટ કરતી હતી અને તેઓ પોતાનું જીવન પરંપરાગત રીતે જીવતા હતા તેવી જાતિઓની જે યાદી તૈયાર કરવામાં આવી તેને અનુસૂચિત જનજાતિ કહેવામાં આવે છે. આમ ભીલ એ અનુસૂચિત જનજાતિની યાદીમાં આવતી જાતિ છે.

'ભીલ' શબ્દ મૂળભૂત રીતે દ્રાવિડ ભાષામાં 'બીલ'શબ્દનો અપભ્રંશ થયેલું રૂપ હશે એમ માની શકાય. દ્રાવિડ ભાષાના 'બીલ' શબ્દનો અર્થ થાય છે 'બાણ' એટલે કે બાણ ધારણ કરનારી પ્રજા. તીરકામઠું એ ભીલોનું માત્ર શિકાર માટેનું સાધન જ નહીં પણ પોતાની ઓળખ અથવા તો અસ્મિતાનું પ્રતિક છે. આજે ખૂબ ઓછા ભીલો પોતાની સાથે તીરકામઠું લઈને બહાર જાય છે. તેમ છતાં પોતાના ઘરમાં તીરકામઠું તો અવશ્ય હોય છે જ. આમ બાણ કે તીરકામઠું રાખવાને કારણે અથવા તો બાણવિદ્યામાં પ્રવીણ હોવાના કારણે ભીલ તરીકે ઓળખાતા હશે. સંસ્કૃત ભાષામાં 'ભીલ'શબ્દનો અર્થ 'કાપવું' એમ થાય છે. આવી પણ એક માન્યતા છે કે ભીલ લોકો પહેલાં જંગલો કાપવાનું કામ કરતા હશે અને તેમના જંગલ

કાપવાના વ્યવસાય અથવા તો પ્રવૃત્તિના આધારે ભીલ તરીકે ઓળખાયા હશે. પ્રાચીન ગ્રંથો જેમ કે 'કથા-સરિત-સાગર', ઋગ્વેદ, રામાયણ, મહાભારતમાં પણ ભીલ શબ્દનો ઉલ્લેખ આવે છે.

ભીલો મૂળભૂત રીતે કયા હશે તેમજ ક્યાંથી આવ્યા હશે એ વિશે નિષ્ણાતોના અભિપ્રાયોમાં એકમતિ નથી. કેટલાક નિષ્ણાતો ભીલોને આર્ય હોવાનું તો કેટલાક નિષ્ણાતો 'અનાર્ય' હોવાનું માને છે. બીજા નિષ્ણાતોના મતે ભીલો દ્રાવિડીયન અથવા તો દ્રાવિડીયન પહેલાંના હશે હેવો અભિપ્રાય આપે છે. આવો મત ધરાવતા શ્રી બેન્કર માને છે કે 'ભીલો એ આર્યો અને દ્રાવિડો પહેલાંના સમયમાં અહીંયા વસતિ જાતિઓના વંશજો છે તેથી તેઓ પ્રોટો મેડિરેરીયન જાતિના વંશજો હોવાનો સંભવ છે. ૧૯૪૨માં જાણીતા ઈતિહાસવિદ્ ડૉ. ડી. એન. મજમુદારે ભીલોના લોહીનું પૃથ્થકરણ કર્યું હતું. તેમજ શ્રી જી. એમ. કુલકર્ણીએ ભીલોની માનવશાસ્ત્રીય તપાસ કરી હતી. તેઓએ ભીલોને આર્યોના વંશજો હોવાનો અભિપ્રાય આપ્યો હતો. આ બધા મતમતાંતરોમાંથી એક બાબત સ્પષ્ટ થાય છે કે પુરાણકાળમાં પણ ભીલોનું અસ્તિત્વ તો હતું જ.

ગુજરાતમાં ભીલ જાતિ વસતિની દૃષ્ટિએ સૌથી મોટી આદિજાતિ છે. ઉપરાંત રાજ્યના લગભગ તમામ વિસ્તારોમાં તેમની વસતિ વસવાટ કરતી જોવા મળે છે. તેમ છતાં રાજ્યના બધા જિલ્લાઓમાં વસતા ભીલોમાં એક સામ્યતા નથી. હાલમાં જે દેખાય છે તે આ બધાં અલગ અલગ જુથો છે. બધા જ વિસ્તારના ભીલો એકજ હોય એવો કોઈ ઐતિહાસિક પુરાવો પણ ઉપલબ્ધ નથી પરંતુ પંચમહાલમાં વસતા ભીલોના શરીરનો બાંધો, દેખાવ તેમજ સામાજિક રિતરિવાજોમાં અલગ તરી આવે છે. બનાસ-કાંઠા, ભરુચ, વડોદરા, પંચમહાલ કે ડાંગમાં વસતા ભીલોને પોતાની આગવી વિશિષ્ટતાઓ હોય છે.

રાજ્યના જુદા જુદા વિસ્તારોમાં વસતા ભીલોમાં જે આગવી વિશિષ્ટતા હોય છે તે માટે અનેક કારણો જવાબદાર હોઈ

શકે. આ વિશિષ્ટતા જે તે પ્રદેશની સમગ્ર વિશિષ્ટતાના કારણે હોય અથવા તો અલગ અલગ સમયે થયેલ રાજકીય ઉથલપાથલોની અસર સ્વરૂપે અથવા તો જે તે વિસ્તારના બીજા પ્રજાતિય જુથો સાથેના સંબંધમાંથી ઉભી થયેલી મિશ્ર XXX જાતો પણ હોઈ શકે. દા.ત. સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લાના વિસ્તારોમાં વસતા ગરાસીયાઓ પણ ભીલ જાતિનો પેટા પ્રકાર છે. તેઓ ભીલ અને રાજપૂત જાતિના સંબંધમાંથી ઉદભવેલી મિશ્રજાતિ છે. તેમછતાં ભીલોની ભિન્નતા વિશે કોઈ ચોકકસ મત બાંધી શકાય તેમ નથી. દર દશ વર્ષના અંતે રાષ્ટ્રભરમાં યોજાતી વસતિ ગણતરીમાં ભીલ જાતિમાં જે પેટા-જૂથોનો સમાવેશ કરવામાં આવે છે. તેમાં ભીલ, ભીલ ગરાસિયા, ઢોલી ભીલ, ડુંગરી ભીલ, ડુંગરી ગરાસિયા, મેવાસી ભીલ, રાવળ ભીલ, તડવી ભીલ, ભાગલિયા, ભીલાલા, પાવરા, વસાવા, વસાવેને સાથે ગણવામાં આવે છે.

વસતિ :-

ગુજરાત રાજ્યમાં વસતિની રીતે જોતાં ભીલ સૌથી મોટી જાતિ હોવાનું અગાઉ નોંધ્યું છે. જેની વિગતો આગળ તપાસીશું. પરંતુ ભીલ જાતિની વસતિ માત્ર ગુજરાતમાં જ નહિ પણ દેશના અન્ય રાજ્યોમાં પણ વસવાટ કરતી જોવા મળે છે. તેની વિગતો જોવાનું રસપ્રદ છે.

કોઠા નં.- ૧૧

રાજ્યવાર ભીલોની વસતિ

| ક્રમ | રાજ્ય | ૧૯૬૧ | ૧૯૭૧ | ૧૯૮૧ |
|---|---|---|---|---|
| ૧. | મધ્યપ્રદેશ | ૧૨,૨૯,૯૩૦ | ૧૬,૧૮,૭૯૫ | |
| ૨. | ગુજરાત | ૧૧,૨૪,૨૮૨ | ૧૪,૫૧,૭૬૦ | |
| ૩. | રાજસ્થાન | ૯,૦૮,૭૬૮ | ૧૪,૪૭,૪૭૩ | |
| ૪. | મહારાષ્ટ્ર | ૫,૭૫,૦૨૨ | ૬,૭૮,૭૫૦ | |
| ૫. | કર્ણાટક | ૨૧૭ | ૩૫૩ | |
| ૬. | આંધ્રપ્રદેશ | ૮૩ | ૫૬૦ | |
| ૭. | ત્રિપુરા | ૬૯ | ૧૬૯ | |

વસતિની સંખ્યાના આધારે રાષ્ટ્ર સ્તરે જોઇએ તો પ્રથમક્રમ ગોંડ જાતિનો આવે છે અને ત્યારપછીનો બીજોક્રમ ભીલજાતિનો આવે છે. રાષ્ટ્રસ્તરે ભીલોની વસતિના આંકડા તરફ દૃષ્ટિપાત કરતાં જોઈ શકાય છે કે ગુજરાતનું સ્થાન મધ્યપ્રદેશના પ્રથમસ્થાન પછીનું બીજું મહત્વનું સ્થાન છે. વધુમાં ગુજરાતમાં અનુસૂચિત જનજાતિની કુલ વસતિના ૪૦ ટકા વસતિ ભીલ જાતિની છે.

ગુજરાતમાં વસતિની દૃષ્ટિએ ભીલ જાતિ સૌથી મોટી હોવા ઉપરાંત તેમની વસતિ રાજ્યના લગભગ તમામ જિલ્લાઓમાં વધતા ઓછા પ્રમાણમાં વસવાટ કરતી જોવા મળે છે તેની વિગતો નીચેના કોઠામાં તપાસીશું.

કોઠા નં.- ૧૨

જિલ્લાવાર ભીલજાતિની વસતિ

| ક્રમ | જિલ્લો | ૧૯૬૧ | ૧૯૭૧ | ૧૯૮૧ |
|---|---|---|---|---|
| ૧. | સાબરકાંઠા | ૧,૨૩,૦૬૨ | ૧,૭૩,૬૦૮ | |
| ૨. | બનાસકાંઠા | ૫૨,૩૭૦ | ૭૬,૯૬૮ | |
| ૩. | પંચમહાલ | ૪,૦૨,૯૯૨ | ૫,૧૮,૮૭૮ | |
| ૪. | વડોદરા | ૧,૧૮,૮૩૬ | ૧,૨૮,૯૭૩ | |
| ૫. | ભરુચ | ૨,૮૨,૪૨૪ | ૩,૭૪,૫૨૯ | |
| ૬. | સુરત | ૯૫,૭૭૪ | ૧,૧૫,૫૧૨ | |
| ૭. | વલસાડ | - | ૧,૬૧૬ | |
| ૮. | ડાંગ | ૨૩,૭૦૧ | ૨૮,૪૭૫ | |
| ૯. | અન્ય જિલ્લામાં | ૨૫,૧૨૩ | ૩૩,૧૮૩ | |
| | કુલ | ૧૧,૨૪,૨૮૨ | ૧૪,૫૧,૭૬૦ | |

કોઠામાં દર્શાવેલા આંકડા જોતાં ભીલજાતિની કુલ વસતિના લગભગ ૧/૩ વસતિ માત્ર પંચમહાલ જિલ્લામાં વસવાટ કરે છે. વસતિની સંખ્યા જોતાં ભીલ જાતિની વસતિ જિલ્લાના તમામ તાલુકાઓમાં પથરાયેલી હોય પરંતુ જિલ્લાની ભૂરચના જોતાં વસતિનું પ્રમાણ બધા તાલુકામાં એકસરખું ન હોઈ શકે. મુખ્યત્વે ડુંગરાળ અને જંગલ ધરાવતા વિસ્તારોમાં તેમની વસતિ સરખામણીમાં વધુ હોય.

કોઠા નં.- ૧૩

પંચમહાલ જિલ્લામાં ભીલોની તાલુકાવાર વસતિ

| ક્રમ | તાલુકો | ૧૯૬૧ | ૧૯૭૧ | ૧૯૮૧ |
|---|---|---|---|---|
| ૧. | ગોધરા | ૨૦,૫૦૧ | ૨૭,૦૮૪ | |
| ૨. | કાલોલ | ૧૬૯ | ૪૪૮ | |
| ૩. | હાલોલ | ૨૦૦ | ૬૦૪ | |
| ૪. | જાંબુઘોડા | ૩૨ | ૨૭ | |
| ૫. | શહેરા | ૩૨૨ | ૮૧૯ | |
| ૬. | લુણાવાડા | ૭૩ | ૧૦૨ | |
| ૭. | સંતરામપુર | ૧,૦૫,૭૦૯ | ૧,૩૫,૨૭૪ | |
| ૮. | ઝાલોદ | ૧,૦૨,૦૩૧ | ૧,૩૪,૦૩૨ | |
| ૯. | દાહોદ | ૧,૦૦,૦૬૯ | ૧,૩૦,૩૦૦ | |
| ૧૦. | દેવગઢબારિયા | ૩,૬૯૫ | ૫,૫૫૬ | |
| ૧૧. | લીમખેડા | ૬૫,૩૧૬ | ૮૪,૬૩૨ | |
| | કુલ (ગ્રામ્ય) | ૩,૯૮,૧૧૭ | | |
| | (શહેરી) | ૪,૮૭૫ | | |
| | એકંદરે | ૪,૦૨,૯૯૨ | ૫,૧૮,૮૭૮ | |

કોઠામાં દર્શાવેલા આંકડા જોતાં અનુક્રમે સંતરામપુર, ઝાલોદ અને દાહોદ તાલુકાઓમાં તેમની વસતિનું મુખ્ય કેન્દ્રિકરણ થયેલું છે.

## પ્રકરણ - ૩

## ભૌતિક સંસ્કૃતિ

**ઘર :-**

આ અભ્યાસ માટે તપાસેલ બંને ગામો ઉંડાણના વિસ્તારમાં ડુંગરાળ અને જંગલના પ્રદેશમાં આવેલા છે. તેની વિગતો અગાઉ જોઇ ગયા છે. ~~આ બંને ગામો નાની મોટી ટેકરીઓવાળાં છે.~~ આદિવાસી પ્રજાની અનેક ખાસિયતોમાંની એક ખાસિયત એવી છે કે તેઓ અન્ય લોકોની જેમ એક ફળિયામાં વસવાનું પસંદ કરતા નથી. તેઓ મોટાભાગે છુટીછવાયી રીતે રહેવાનું પસંદ કરે છે. બે ઝુંપડા વચ્ચે અમુક અંતર હોય છે જ. ક્યાંક ક્યાંક ૨-૩ ઘર એક સાથે જોવા મળે છે. આવું મોટાભાગે સંયુકત પ્રકારના કુટુંબોમાં ખાસ જોવા મળે છે. વળી આ વિસ્તારોમાં ચોરીનો ખુબ જ ભય હંમેશાં હોય છે. તેથી તેઓ તેમના રહેઠાણ એકબીજાથી ખૂબ જ દૂર ન હોય તેની કાળજી અવશ્ય રાખે છે. ઘરનું સ્થાન મોટાભાગે તેમની ખેતીની જમીનના ભાગમાં અથવા તો તેને અડીને રાખવામાં આવે છે. જેથી તેઓ ખેતીની પણ સાચવણી કરી શકે. અગાઉ જોયું કે ભીલ જાતિમાં પણઅન્ય જાતિઓની જેમ ગોત્ર અથવા કુળગોત્ર હોય છે. તેથી તેઓ એક ગોત્રના ઘરો નજીક નજીક હોય તેની પણ ખાસ કાળજી રાખે છે.

**ઘરોની બાંધણી :-**

તપાસેલ બંને ગામોમાં ઘરો ખૂબ જ સાદા પ્રકારનાં હોય છે. તેમના ઘરોના બાંધકામમાં મોટાભાગે સ્થાનિક રીતે મળી રહેતી સામગ્રીનો ઉપયોગ કરે છે. ઘર બાંધકામ અને ઘરની મરામત પણ પોતાની રીતે અથવા તો પોતાનાં સગાંવહાલાં અથવા ઘનિષ્ટ સંબંધ ધરાવતી વ્યકિતઓના સહકારથી કરતા હોય છે. તેથી તેમને ઘર બાંધવા અને મરામત કરવા માટે ઓછામાં ઓછું મજૂરી કામનું ખર્ચ તો કરવું પડતું નથી.

ઘરની દિવાલો મોટાભાગે માટી એટલે કે પથ્થર મિશ્રિત માટીની બનાવેલી હોય છે. માટીની દિવાલને વરસાદના પાણીની અસરથી બચાવવા કરાંઠી અથવા ઘાસની આડાશ કરીને રક્ષણ આપવામાં આવે છે. તપાસેલ કુટુંબોની ગરીબ આર્થિક સ્થિતિ તેમજ ભૌગોલિક પરિસ્થિતિ મુજબ ઘર કાચું હોય છે જેની દિવાલ માટીની બનાવેલી હોય છે. ગામમાં અન્ય કુટુંબો જેમની આર્થિક સ્થિતિ સારી હોય તેઓ ઈંટ-સીમેન્ટનો ઉપયોગ કરે છે. તેમજ સરકારી યોજના હેઠળ બનતા મકાનો ઈંટ-રેતી-સિમેન્ટના પાકાં અને પ્લાસ્ટરવાળાં હોય છે. ઈટાવા ગામમાં ૧૨ મકાનો આવી યોજનામાં તૈયાર થયેલા હતા.

## કોઠા નં.- ૧૪

### ઘર-બાંધકામની વિગત

| ગામ | પ્રકાર | | ઓરડાની સંખ્યા | | | દિવાલનો પ્રકાર | | | છાપરાનો પ્રકાર | | જગાની માલિકી | પશુ માટેની છાપરી | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | કાચું | પાકું | ૧ | ૨ | ૩ | કરાંઠી માટી | ઈંટ રેતી | પથ્થર | વિલાયતી નળિયાં | દેશી નળિયાં | પોતાની-અન્ય | હા | ના |
| ઈટાવા | ૧૬ | – | ૭ | ૯ | – | ૧૬ | – | – | – | ૧૬ | ૧૬ | ૧૨ | ૪ |
| મધાનીસર | ૨૪ | ૧ | ૧૭ | ૪ | ૪ | ૨૫ | – | – | – | ૨૫ | ૨૫ | ૧૭ | ૮ |

આદિવાસી પ્રજા મૂળભૂત રીતે કુદરતી વાતાવરણમાં રહેવાનું વધુને વધુ પસંદ કરે છે. તેમના ઘરનું નીરિક્ષણ કરીએ તો ઘર મોટાભાગે એક મોટા ઓરડાનું હોય છે. જેમાં ૨-૩ ભાગ રાખવામાં આવે છે. એક ભાગમાં ઘરવખરીનાં સાધનો અનાજ-રસોડું વગેરે હોય છે. બીજા ભાગમાં અનાજની કોઠી- અન્ય સાધનો વગેરે હોય છે. તેમજ ત્રીજા ભાગમાં પશુઓ બાંધવા માટેની જગ્યા હોય છે. અગાઉ જોયું કે આ વિસ્તારમાં ચોરીનો ખૂબ જ ભય હોય છે. દિવસે પણ ચોર આવીને પશુ લઈ જાય છે તેથી તેઓ પશુને મોટા ભાગે ઘરની અંદરના ભાગમાં રાખવાનું પસંદ કરતા હોય છે. વડીલ પુરુષોની હાજરીમાં સ્ત્રીઓ ઘરમાં રહેવાનું પસંદ કરે છે. પુરુષ વર્ગ ઘરની નજીકમાં કે વૃક્ષા નીચે બેસીને મોભનું કામ કરવાનું પસંદ કરે છે. તેઓ રાત્રે સુવા માટે પણ આં ખુલ્લી જગ્યા પસંદ કરે છે. જ્યારે સ્ત્રીઓ સુવા માટે ઓરડો પસંદ કરતી હોય છે.

<u>ખેતીનાં સાધનો</u> :-

આદિવાસી કુટુંબો સહિત ગ્રામ્ય વિસ્તારમાં વસતા અન્ય કુટુંબો જેઓનો વ્યવસાય ખેતી છે તેમના ત્યાં ખેતીના સાધનો હોય તે સ્વાભાવિક છે. જે તેમની ભૌતિક સંસ્કૃતિનો ભાગ છે.

તપાસેલ કુટુંબોમાં ખેતીને લગતાં જુદા જુદા સાધનો જોવા મળ્યા હતા તેમાં ઈટાવા ગામના ૧૬ કુટુંબોમાં ૨૦ હળ, ૯ વાવણિયા, ૨૦૫ નાનાં-ઓજારો, ૯ ગાડાં, ૮ કુવા(કાચા)નો સમાવેશ થતો હતો.

તપાસેલ મધાનીસર ગામમાં ખેતીના સાધનોમાં (૨૫ કુટુંબોમાં) ૩૧ હળ, ૧૫ વાવણિયા, ૧૯૫ નાનાં-મોટાં અન્ય સાધનો, ૪ ગાડાં, ૯ કાચા કુવા, ૫ પાકા કુવા, ૪ ઓઈલ એન્જિન અને ૧ ઈલેક્ટ્રીક મોટરનો સમાવેશ થતો હતો.

## કોઠા નં.- ૧૫

### તપાસેલ કુટુંબોમાં ખેતીનાં સાધનો :

| ગામ | કુલ કુટુંબો | હળ | વાવણિયા | નાનાં ઓજારો | ગાડું | કૂવો | ઓઈલ એન્જિન | ઈલેક્ટ્રીક એન્જિન |
|---|---|---|---|---|---|---|---|---|
| ઈટાવા | ૧૬ | ૨૦ | ૯ | ૨૦૫ | ૯ | ૮ | – | – |
| મધાનીસર | ૨૫ | ૩૧ | ૧૫ | ૧૯૫ | ૪૦ | ૧૪ | ૪ | ૧ |

## પ્રકરણ - ૪

### ઈટાવા : ૧૯૬૯-૭૯-૮૯

દાહોદ તાલુકાનું ઈટાવા ગામ તાલુકાના પૂર્વવિભાગમાં આવેલા ઉંડાણનાં વિસ્તારમાં અને અતિપછાત વિસ્તારમાં ગણાતા ૩૬ ગામોમાંનું મહત્વનું ગામ છે. આ વિસ્તાર ઉંડાણના વિસ્તારમાં હોવાથી પાયાની સુવિધાઓ તેમજ સરકારશ્રીની જુદી જુદી કલ્યાણ અને વિકાસ વિષયક યોજનાઓના લાભથી વંચિત રહી ગયેલી છે. તેથી આ વિસ્તાર ઘણો પછાત રહી જવા પામ્યો છે: વધુમાં અહીંથી નજીકમાંજ મધ્યપ્રદેશના જાંબુવા જિલ્લાની હદ શરૂ થતી હોવાથી આ રાજયનો જિલ્લાનો અને તાલુકાનો સરહદી વિસ્તાર છે. આ વિસ્તાર કઠલા વિસ્તાર તરીકે પણ ઓળખાય છે કારણ કે આ વિસ્તારનું આ મહત્વનું ગામ છે.

**સ્થાન :-**

ઈટાવા ગામ દાહોદ-ઈન્દોર માર્ગ ઉપર કઠલા ગામથી ફંટાઈને અનાસ તરફ જતા માર્ગ ઉપર આવેલ ઈટાવા પાટીયા અથવા લીમડાબરા સ્ટેન્ડથી લગભગ ૧ કિ.મી. અંદરના ભાગમાં બોરડી તરફ જવાના મેટલ માર્ગ ઉપર આવેલું છે. તાલુકા નજીક દાહોદથી ગામનું અંતર લગભગ ૨૨ કિ.મી. છે.

ઈટાવા ગામમાં આવવા માટે દાહોદથી કોઈ સીધી બસ સેવા આટલા વર્ષો બાદ પણ ઉપલબ્ધ નથી પરંતુ ઈટાવાથી ઉચવાણિયા જતી સવારની બસ આ ગામમાં જાય છે અને ત્યાંથી પાછી લીમડાબરા આવીને ઉચવાણિયા જાય છે. એજ રીતે સાંજના ૫ વાગ્યાની બસ ગામમાં જાય છે અને ત્યાંથી પાછી આવી દાહોદ જાય છે. આમ આ ગામથી દાહોદ જવા માટે અથવા ઉચવાણિયા જવા માત્ર ૨ ટ્રીપોની સેવા ઉપલબ્ધ છે. વધુ વિગતો પાયાની સુવિધાઓની ચર્ચામાં વણી લઈશું.

<u>વસતિ</u> :-

૧૯૬૧ની વસતિ ગણતરી મુજબ ગામમાં કુલ ૧૫૯ કુટુંબો વસવાટ કરતા હતા જેમની કુલ વસતિ ૯૨૫ની હતી જેમાં ૪૫૭ પુરુષો અને ૪૬૮ સ્ત્રીઓનો સમાવેશ થતો હતો.

જ્યારે ૧૯૭૧ની વસતિ ગણતરી મુજબ ગામમાં કુલ ૧૯૨ કુટુંબો વસવાટ કરતાં નોંધાયા હતા જે અગાઉની વસતિ ગણતરીની સરખામણીમાં ૩૩ કુટુંબો વધુ હતા. ૧૯૭૧ની વસતિ ગણતરી મુજબ ગામની કુલ વસતિ ૧૧૯૭ની નોંધાઈ હતી જેમાં ૫૮૯ પુરુષો અને ૬૦૮ સ્ત્રીઓનો સમાવેશ થતો હતો. અગાઉની વસતિ ગણતરી મુજબ વ્યક્તિઓની સંખ્યાની સરખામણી કરીએ તો ૧૯૭૧ની વસતિ ગણતરીમાં ૨૭૨ વ્યક્તિઓનો વધારો નોંધાયો હતો. આમ ૧૯૬૧થી ૧૯૭૧ના દશકાનો વસતિ વધારો દર ગણીએ તો ૨૪.૪ ટકા થાય છે.

<u>કોઠા નં. - ૧૬</u>

<u>કુટુંબના કદ મુજબ કુટુંબોની વહેંચણી</u>

| કુટુંબનું કદ | ૧૯૬૯ | ૧૯૭૯ | ૧૯૮૯ |
|---|---|---|---|
| ૧ થી ૩ સભ્યો | ૧ (૩.૪૫) | - | - |
| ૪ થી ૬ સભ્યો | ૧૦ (૩૪.૪૮) | ૧૦ (૩૪.૪૮) | ૩ (૧૮.૭૫) |
| ૭ થી ૯ સભ્યો | ૧૦ (૩૪.૪૮) | ૧૩ (૪૪.૮૩) | ૫ (૩૧.૨૫) |
| ૧૦થી વધુ સભ્યો | ૮ (૨૭.૫૯) | ૬ (૨૦.૬૯) | ૮ (૫૦.૦૦) |
| કુલ | ૨૯ (૧૦૦.૦૦) | ૨૯ (૧૦૦.૦૦) | ૧૬ (૧૦૦.૦૦) |

કુટુંબનું કદ :-

કુટુંબની વ્યાખ્યા મુજબ એકજ મકાનમાં રહેતા તેમજ એકજ રસોડામાં જમતા સભ્યોનો સમાવેશ થાય છે. કુટુંબનું કદ જાણવાનું ઘણું ઉપયોગી એટલા માટે થઈ પડે છે કે તેઓ નાનાં-નાનાં કુટુંબોમાં વિભાજિત થાય છે કે કેમ ? કુટુંબ કલ્યાણ કાર્યક્રમનો પ્રભાવ જોવા મળે છે કે કેમ ?

ઈટાવા ગામમાં સૌથી નાનું એકમ ૧-૩ સભ્યોનું તપાસીએ તો ૧૯૬૯માં ૩.૪૫ ટકાના પ્રમાણમાં હતું. ૧૯૭૯ના વર્ષમાં આવું એક પણ કુટુંબ નોંધાયું નહોતું તેમજ ૧૯૮૯ની તપાસમાં નોંધાયું નહોતું. ૪ થી ૬ સભ્યોના એકમમાં ૧૯૬૯ અને ૧૯૭૯ના વર્ષમાં પરિસ્થિતિમાં કોઈ ફેરફાર નોંધાયો નહોતો પરંતુ ૧૯૮૯ના વર્ષમાં અગાઉના દસકાઓ તેમજ ૧૯૮૯માં તપાસેલ કુટુંબોની સંખ્યામાં ઘટાડો જોવા મળે છે. ૭ થી ૯ સભ્યોના એકમમાં ૧૯૬૯ના વર્ષની સરખામણીમાં ૧૯૭૯ના વર્ષમાં ૩ કુટુંબોનો વધારો નોંધાયો હતો પરંતુ ૧૯૮૯ના વર્ષમાં અગાઉના બંને તપાસની સરખામણીમાં મોટો ઘટાડો નોંધાયો હતો જ્યારે ૧૦ કે તેથી વધુ સભ્યો ધરાવતા એકમમાં ૧૯૬૯ના વર્ષની સરખામણીમાં ૧૯૭૯ના વર્ષમાં ઘટાડો થયો હતો જ્યારે ૧૯૮૯ ના વર્ષમાં આ પ્રમાણ અગાઉની બંને તપાસ કરતાં વધુ નોંધાયું હતું. આમ મોટા કુટુંબના પ્રમાણમાં વધારો થયેલો જોવા મળે છે.

કોઠા નં. - ૧૭

કુટુંબના સભ્યોનું વયજૂથ મુજબ વર્ગીકરણ

| ક્રમ | વયજૂથ | પુરુષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|---|
| ૧. | ૦ થી ૬ | ૧૬(૨૪.૨૪) | ૨૬(૩૩.૩૩) | ૪૨(૨૯.૧૭) |
| ૨. | ૭ થી ૧૪ | ૮(૧૨.૧૨) | ૬(૭.૬૯) | ૧૪(૯.૭૨) |
| ૩. | ૧૫થી ૨૫ | ૧૫(૨૨.૭૩) | ૧૮(૨૩.૦૮) | ૩૩(૨૨.૯૨) |
| ૪. | ૨૬થી ૬૦ | ૧૯(૨૮.૭૯) | ૨૩(૨૯.૪૯) | ૪૨(૨૯.૧૬) |
| ૫. | ૬૧થી વધુ | ૮(૧૨.૧૨) | ૫(૬.૪૧) | ૧૩(૯.૦૩) |

<u>કોઠા નં.- ૧૮</u>

<u>વૈવાહિક દરજ્જા પ્રમાણે વસતિનું વર્ગીકરણ</u>

| ક્રમ વૈવાહિક દરજ્જો | ૧૯૬૯ | | | ૧૯૭૯ | | | ૧૯૮૯ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુરુષો | સ્ત્રી | કુલ | પુરુષો | સ્ત્રી | કુલ | પુરુષો | સ્ત્રી | કુલ |
| ૧. પરણિત | ૪૬ | ૫૦ | ૯૬ (૪૧.૭૪) | ૫૧ | ૫૪ | ૧૦૫ (૪૭.૭૩) | ૩૭ | ૪૦ | ૮૭ (૫૩.૪૭) |
| ૨. અપરણિત | ૬૯ | ૬૧ | ૧૩૦ (૫૬.૫૨) | ૫૧ | ૫૯ | ૧૧૦ (૫૦.૦૦) | ૨૪ | ૩૮ | ૬૨ (૪૩.૦૬) |
| ૩. છૂટાછેડા | - | - | - | - | ૨ | ૨ (૦.૯૧) | - | - | - |
| ૪. વિધવા | - | ૨ | ૨ (૦.૦૯) | - | - | - | - | ૨ | ૨ (૧.૩૯) |
| ૫. વિધુર | ૨ | - | ૨ (૦.૦૯) | ૩ | - | ૩ (૧.૩૬) | ૩ | - | ૩ (૨.૦૮) |
| કુલ | ૧૧૦ | ૧૧૩ | ૨૩૦ | ૧૦૫ | ૧૧૫ | ૨૨૦ (૧૦૦.૦૦) | ૬૪ | ૮૦ | ૧૪૪ (૧૦૦.૦૦) |

કુટુંબના સભ્યોનું વયજૂથ :-

૧૯૮૯ની તપાસમાં કુટુંબના સભ્યોના વયજૂથની તપાસ કરતાં લગભગ ૩૦ ટકા તો ૬ વર્ષથી નીચેનાં બાળકો જ હતા જે ફરજિયાત શાળામાં જવાની ઉંમર ધરાવનાર જુથમાંના બાળકોની સંખ્યા ઘણી ઓછી હતી જયારે યુવાન વયના કે જેઓ મુખ્યત્વે આવક કરનાર વયજુથના ગણાય તેમનું પ્રમાણ ૧/૨થી થોડું વધુ નોંધાયું હતું. વૃધ્ધોનું પ્રમાણ પણ લગભગ ૧૦ ટકા જેટલું છે. તેઓ આવક કરી શકવાશકિતમાન નથી. શાળા છોડયા બાદ છૂટક મજૂરી કામમાં જોડાતા તેમજ નિયમિત આવક મેળવી શકે તે વયજૂથના લોકોના ટકા જોઈએ તો ૫૨ ટકાનું પ્રમાણ છે.

કુટુંબના સભ્યોનો વૈવાહિક દરજ્જો :-

૧૯૬૯-૧૯૭૯ તેમજ ૧૯૮૯ના વર્ષમાં તપાસેલ કુટુંબોના સભ્યોનો વૈવાહિક દરજ્જો તપાસીએ તો સ્પષ્ટ રીતે જોઈ શકાય છે કે પરિણિત સભ્યોની ટકાવારીમાં ક્રમિક વધારો નોંધાયેલો જોવા મળે છે. એજ રીતે અપરિણિત સભ્યોના પ્રમાણમાં ક્રમિક ઘટાડો જોવા મળે છે. છૂટાછેડા લીધેલા સભ્યો માત્ર ૧૯૭૯ના વર્ષમાં નોંધાયા હતા. છેવટે વિધવા અને વિધુરમાં પણ ટકાવારીમાં ક્રમિક વધારો જોવા મળે છે.

કોઠા નં.- ૧૯

તપાસેલ કુટુંબોમાં શિક્ષણનું પ્રમાણ (ઈટાવા)

| ક્રમ | વિગત | ૧૯૬૯ | ૧૯૭૯ | ૧૯૮૯ |
|---|---|---|---|---|
| ૧. | શિક્ષિત | ૨ | ૧૦ | ૧૨ |
| ૨. | અભણ | ૧૮૩ | ૧૮૬ | ૮૯ |
| ૩. | ૬ વર્ષથી નીચેના | ૪૫ | ૨૪ | ૪૨ |
| | કુલ | ૨૩૦<br>(૦૦.૮૬) | ૨૨૦<br>(૪.૫૪) | ૧૪૩<br>(૮.૩૯) |

<u>શિક્ષણ</u> :-

૧૯૬૯ની તપાસ સમયે ગામમાં માત્ર ધોરણ ૧ થી ૪ની શાળા ચાલતી હતી જેનું સ્વતંત્ર મકાન નહોતું પરંતુ ગામના સરપંચશ્રીના મકાનમાં ચાલતી હતી. શાળાની સ્થિતિ જોતાં ગામના પૂર્વ ભાગમાં રહેતાં બાળકોને કાળી નદી ઓળંગીને આવવું પડતું અને તેથી ચોમાસામાં તેઓ નદી ઓળંગીને શાળામાં આવવાની સ્થિતિમાં નહોતા. પરિણામે આ શાળા નિયમિત રીતે નહોતી ચાલતી. ગામમાં ધોરણ ૪ થી વધુ ભણેલની સંખ્યા માત્ર ૪ હતી. તેમાં ધોરણ-૬થી આગળ અભ્યાસ કરેલ એક પણ વ્યક્તિ નહતી. ૧૯૭૯ની તપાસ સમયે ગામની શાળાની સ્થિતિમાં ખાસ ફેર પડયો નહોતો. આ સમયે પણ માત્ર ધોરણ ૧ થી ૪ સુધીની શાળા હતી. અલબત્ત આ તપાસ સમયે શાળા એક ઓરડાના નવા મકાનમાં ચાલતી હતી અને માત્ર એક શિક્ષક આ શાળા ચલાવતા હતા. ૧૯૬૯ની તપાસ સમયે ગામમાં વધુમાં વધુ ધોરણ ૬ સુધીનો અભ્યાસ કરેલ વ્યકિતઓ હતી જ્યારે ૧૯૭૯ની તપાસ સમયે ગામના ૨ છોકરાઓ નજીકમાં આવેલ કઠલા આશ્રમશાળામાં ભણવા જતા હતા. ૧૯૭૧ની વસતિ ગણતરી મુજબ ગામની માત્ર ૧૨ વ્યકિતઓ શિક્ષિત તરીકે નોંધાઈ હતી. આમ દશકાના સમયગાળામાં શિક્ષણની સ્થિતિમાં ખાસ ફેર થયો નથી એ ઘણી સૂચક બાબત છે. ગામની તપાસ સમયે શાળામાં ૫૭ બાળકોના નામ દાખલ કરવામાં આવ્યા હતા. જેમાં ૪૩ કુમાર અને ૧૪ કન્યાનો સમાવેશ થતો હતો જ્યારે સરાસરી હાજરી માત્ર ૧૪ વિદ્યાર્થીઓની હતી. આમ દશકાના સમયગાળા બાદ શિક્ષણની સ્થિતિ કંગાળ જ રહી જવા પામી હતી.

## કોઠા નં.- ૨૦

### કુટુંબના સભ્યોમાં કમાનાર સભ્યો

| ક્રમ | વિગત | ૧૯૬૯ | | | ૧૯૭૯ | | | ૧૯૮૯ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરુષો | સ્ત્રી | કુલ | પુરુષો | સ્ત્રી | કુલ | પુરુષો | સ્ત્રી | કુલ |
| ૧. | કુલ વસતિ | ૧૧૭ | ૧૧૩ | ૨૩૦ | ૧૦૫ | ૧૧૫ | ૨૨૦ | ૬૪ | ૮૦ | ૧૪૪ |
| ૨. | કમાનાર સભ્યો | ૬૨ | ૬૫ | ૧૨૭ | ૭૯ | ૬૮ | ૧૪૭ | ૩૬ | ૨૯ | ૬૫ |
| | | (૫૨.૯૯) | (૫૭.૫૧) | (૫૫.૨૨) | (૭૫.૨૪) | (૫૯.૧૩) | (૬૬.૮૧) | (૫૬.૨૫) | (૩૬.૨૫) | (૪૫.૧૪) |

તપાસેલ કુટુંબોમાં કમાનાર સભ્યોનું પ્રમાણ :-

૧૯૬૯-૭૯ અને ૮૯ના વર્ષોમાં તપાસેલ કુટુંબોમાં કમાનાર સભ્યો જેમાં મુખ્ય કમાનાર અને કમાનાર આધારિત પ્રકારના સભ્યો છે. તેમાં પુરુષોની સંખ્યામાં ક્રમિક વધારો થતો જોવા મળે છે. જ્યારે ૧૯૬૯ અને ૧૯૭૯ની તપાસમાં પણ સ્ત્રીઓની સંખ્યામાં વધારો સૂચવે છે પરંતુ ૧૯૮૯ની તપાસમાં કમાનાર સ્ત્રીઓની ટકાવારીમાં ભારે ઓટ જોવા મળે છે. તેથી કમાનાર વ્યક્તિઓની ટકાવારીમાં પણ ૧૯૬૯ના વર્ષની સરખામણીમાં ૧૯૭૯માં વધારો જોવા મળે છે. પરંતુ ૧૯૮૯ની તપાસમાં અગાઉની તપાસની સરખામણીમાં લગભગ ૧૪ ટકા ઘટાડો જોવા મળે છે. જ્યારે સમગ્ર વિસ્તારનું સમગ્ર ચિત્ર જોઈએ તો કમાનાર સભ્યોમાં ખાસ કરીને કમાનાર આધારિતના પ્રકારમાં સ્ત્રીઓની સંખ્યામાં વધારો થતો રહયાનું જોવા મળે છે જેને આ તપાસમાં સમર્થન મળતું નથી એ તપાસની અથવા તો પસંદ કરેલ નમૂનાની મર્યાદા ગણાવી શકાય.

આર્થિક જીવન : ઈટાવા :-

ગામમાં ભીલોની અર્થવ્યવસ્થામાં આમુલ પરિવર્તન આવી રહયું હોવાનું જોવા મળતું હતું જેની વિગતવાર ચર્ચા આગળ કરી છે.

ખેતી અને સિંચાઈ :-

જમીન ધરાવનાર કુટુંબોની રીતે જોઈએ અથવા તો તેમની પાસેની જમીનના કદના સંદર્ભમાં જોઈએ તો તેમનો મુખ્ય વ્યવસાય ખેતી છે. તેઓ પોતાની થોડા ગુંઠા જમીનમાં[૫૧] પોતાના તન-મન અને ધનથી પ્રયત્નો કરી ખેતીની ઉપજ મેળવવા પ્રયત્ન કરતા કુટુંબો બંને ગામોમાં જોવા મળ્યા હતા પરંતુ કુટુંબની વાર્ષિક આવકનું માળખું તપાસીએ તો કેટલીકવાર ખેતી ગૌણ વ્યવસાય બની જાય છે.

પેઢી દર પેઢી ખેતીની જમીનના થતા ભાગલાને કારણે પેઢી દર પેઢી કુટુંબદીઠ જમીનના કદમાં ઘટાડો થતો રહે છે.

આ વિસ્તારની જમીન ખાડા-ટેકરાવાળી હોવાથી ખેતીની ઉપજ ઓછી રહે છે. ખાસ કરીને ઈટાવા ગામની જમીન તો ખુબજ ખડકાળ અને જમીનમાં પથ્થરનું પ્રમાણ ખૂબ હોવાથી જમીનની ફળદ્રુપતા પ્રમાણમાં ઘણી ઓછી જોવા મળે છે. આ પરિસ્થિતિમાં પણ આ કુટુંબો ખેતી કરે છે. ખેડવા માટે હળ અને બળદનો ઉપયોગ કરે છે. તેનું મુખ્ય કારણ ઓછી અને અસપાટ જમીન-ટ્રેકટર જેવા સાધન માટે સપાટ અને વિશાળ જગ્યા હોય તો ફાયદારૂપ બને છે.

ઈટાવા ગામમાં ખેતીમાં મુખ્યત્વે મકાઈ, તુવર, ડાંગર (શીયાળુ) ચણા, ઘઉં, જવ વગેરે પાકે છે. ઈટાવા ગામની ક્ષેત્ર તપાસ દરમિયાન જોવા મળ્યું હતું કે ખેડૂતો ખેતીમાં આધુનિક પધ્ધતિનો નહીંવત ઉપયોગ કરે છે.

ઈટાવા ગામમાં ખેતી મુખ્યત્વે આકાશી ખેતી છે. એટલે ખેતીનો મુખ્ય આધાર વરસાદ ઉપર છે. ગયા વર્ષ અગાઉના લગભગ ૩-૪ વર્ષ સુધી વરસાદ ખૂબ જ થોડો અને સમયસર ન હોવાને અભાવે ખેતીને ભારે અસર થઈ હતી. તપાસ વખતે જોવા મળ્યું હતું કે હવે કેટલાક ખેડૂતોએ પોતાનું મૂડી રોકાણ કરીને પોતા પૂરતા કાચા કુવાઓ બનાવ્યા હતા જેનાથી થોડી મદદ મળી રહે. આ કુવા બનાવવાનું કામ ઘણું સાહસ માંગી લે તેવું છે. ખેડૂતો આ પાણીથી સિંચાઈ કરતા હતા તેથી તેમના ખેતરોમાં પણ સિંચાઈનો લાભ મળી શકતો હતો.

ઈટાવા ગામમાં ખેતી વિકાસમાં સહકારી મંડળીઓનો ફાળો મળતો હતો. ઈટાવા ગામ કઠલા લેમ્પસમાં આવતું હોવાથી મંડળી દ્વારા સભાસદોને ખેતીના કીટસ, રોકડ ધિરાણ,ખાતર, વગેરેનો લાભ આપવામાં આવતો એનાથી ખેતીમાં ઘણો ટેકો મળતો હતો.

ખેતીમાં પાક ઉપરાંત ફળાઉ અને બિનફળાઉ વૃક્ષોનો ફાળો પણ મહત્વનો છે. ફળાઉ વૃક્ષોમાં આંબા અને બોર મહત્વનાં છે. જે ખેતરોમાં અને રહેઠાણની આસપાસની જમીનમાં ઉછેરવામાં આવે છે. આ વૃક્ષોની ઉપજમાંથી પૂરક આવક મળી શકે છે. આ ઉપરાંત મહુડા એ ખુબ જ મહત્વનું વૃક્ષ છે. મહુડાના ફળ ખૂબ જ પૌષ્ટિક હોય છે અને આદિવાસી કુટુંબો તેને શેકીને ખાય છે. તેમજ ડોળીનું તેલ પણ ખાદ્યતેલમા ઉપયોગમાં લે છે. અન્ય વૃક્ષો જેને પંચરાવ પ્રકારના ગણાવી શકાય તેનો બળતણ તરીકે ઉપયોગ થાય છે.

ઈટાવા ગામમાં ૧૯૬૯ અને ૧૯૭૯ની તપાસ વખતે કુલ ખાતા ધરાવનારની સંખ્યા ૬૪ની હતી જે ૧૯૮૯ની તપાસ વખતે વધીને ૯૭ની નોંધાઈ હતી અને ખેતીની કુલ જમીન ૬૨૪ હેકટરની નોંધાઈ હતી. જમીનના કદ મુજબ ખેડૂતોનું સ્થાન તપાસીએ તો ૪૭ નાના અને સિમાંત ખેડૂતો અને ૫૦ મોટા ખેડૂતો હતા. તપાસેલ કુટુંબોમાં ૧૩ કુટુંબો પાસે ખેતીની જમીન હતી જ્યારે ૩ કુટુંબો જમીનવિહોણા હતા. જે કુટુંબો પાસે ખેતીની જમીન હતી તેમાં ૦ થી ૫ એકર જમીન ધરાવનાર ૧૦ કુટુંબો, ૫ થી ૧૦ એકર જમીન ધરાવનાર ૨ કુટુંબો અને ૧૦ એકરથી વધુ જમીન ધરાવનાર ૧ કુટુંબનો સમાવેશ થતો હતો. તેમની પાસેના જમીનના કદ જોઈએ તો ૫ એકર સુધીની જમીન ધરાવનારા પાસે ૩૨ એકર, ૫ થી ૧૦ એકર જમીન ધરાવનાર પાસે ૧૭ એકર અને ૧૦ થી વધુ એકર જમીન ધરાવનારા પાસે ૧૪.૯ એકર જમીન નોંધાઈ હતી. ખેતીની જમીનની ચર્ચા સાથે એક બાબતની સ્પષ્ટતા કરવાની કે આ માહિતીને તલાટીના રેકર્ડ સાથે સરખાવી શકાય નહીં કારણ કે સામાન્ય રીતે તલાટીના રેકર્ડમાં જમીન કુટુંબના વડાના નામે ચાલતી હોય છે પરંતુ પુત્ર લગ્ન કરી અલગ રહે ત્યારે તેના ભાગની જમીન અલગ કાઢી અથવા પંચ ધ્વારા સોંપવામાં આવે છે. આ માહિતીમાં જે તે કુટુંબ હસ્તક ચોકક્સ કેટલા એકર જમીન છે તે નોંધવામાં આવ્યું હતું. બીજી

પણ એક મર્યાદા એ રહેલી છે કે વહેંચેલી જમીનની પણ વિધિસરની માપણી હોતી નથી પરંતુ સમજુતિથી ભાગ પાડવામાં આવે છે તેથી જે તે વ્યક્તિના ફાળે આવતી જમીનમાં પણ થોડી વધઘટ રહેવાનો સંભવ છે જ.

<u>પશુધન</u> :-

ઈટાવા ગામની ભૌગોલિક પરિસ્થિતિની ચર્ચા સમયે જોયું કે આ વિસ્તારની જમીન ખૂબ જ ખાડાટેકરાવાળી છે. સિંચાઈનો અભાવ છે તેથી ખેતી મુખ્યત્વે આકાશી છે. આ પરિબળો પશુપાલન માટે અડચણરૂપ છે. તેમ છતાં આદિવાસી સંસ્કૃતિમાં પશુ માત્ર તેમની સંસ્કૃતિના જીવંત અંગ સમાન છે. તેઓ સપાટ અને સિંચાઈવાળી જમીન ધરાવનાર કુટુંબો ભેંસ જેવા દૂધાળા પશુ મોટી સંખ્યામાં રાખી શકે છે. જ્યારે આ કુટુંબો વગડામાં ચરીને પોતાનું પોષણ મેળવી શકે એવી ગાયો, ઘેટાં-બકરાં જેવા પશુને ખાસ પાળે છે. તેમજ આ વિસ્તારની જમીન ખેડવા માટે ટ્રેક્ટર ઉપયોગી બની શકે તેમ નથી. આ સંજોગોમાં માત્ર બળદ જ ખેડવાના કામમાં આવી શકે તેમ છે. મરઘાં ખાસ કરીને દેશી પ્રકારની મરઘી પાળવામાં આવે છે. ઘેટાં-બકરાં અને મરઘાં કુટુંબમાં આર્થિક સંકડામણમાંથી બહાર નિકળવાના ઉપાય તરીકે વેચવામાં આવે છે.

ઈટાવા ગામની ૧૯૬૯, ૧૯૭૯ અને ૧૯૮૯ની તપાસમાં કુટુંબ દીઠ પશુની સરાસરી ટકાવારી ક્રમિક વધારો નોંધાયેલો કોઠામાં જોવા મળે છે.

## કોઠા નં.- ૨૧

### તપાસેલા કુટુંબોમાં પશુધન

| પશુ | ૧૯૬૯ કુલકુટુંબ સંખ્યા | ૧૯૬૯ પશુસંખ્યા | ૧૯૭૯ કુલકુટુંબ સંખ્યા | ૧૯૭૯ પશુસંખ્યા | ૧૯૮૯ કુલકુટુંબ સંખ્યા | ૧૯૮૯ પશુ સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ગાય | ૩૪ | ૫૦ | ૩૪ | ૫૬ | ૧૬ | ૨૮ |
| ભેંસ | ૩૪ | ૧૭ | ૩૪ | ૧૩ | ૧૬ | ૧૨ |
| ઘેટાંબકરાં | ૩૪ | ૧૦૪ | ૩૪ | ૫૮ | ૧૬ | ૪૬ |
| બળદ | ૩૪ | ૮૯ | ૩૪ | ૭૨ | ૧૬ | ૪૦ |
| વાછરડા<br>વાછરડી | ૩૪ | ૩૩ | ૩૪ | ૪૩ | ૧૬<br>૧૬ | ૪<br>૬ |
| મરઘાં | ૩૪ | ૧૩૦ | ૩૪ | ૧૦૩ | ૧૬ | ૧૧૨ |
| અન્ય | - | - | - | - | - | - |
| કુલ | ૩૪ | ૩૦૨ | ૩૪ | ૩૪૨ | ૧૬ | ૨૪૮ |
| | | ૮.૮૮ | | ૧૦.૦૬ | | ૧૫.૫ |

૧૯૬૯ની તપાસમાં કુટુંબદીઠ પશુનું પ્રમાણ ૮.૮૮ ટકા હતું જે ૧૯૭૯ની તપાસ વખતે વધીને ૧૦.૦૬ ટકા અને ૧૯૮૯ની તપાસ વખતે ૧૫.૫ ટકા નોંધાયું હતું.

### વૃક્ષો :-

આદિવાસી સંસ્કૃતિમાં પશુની જેમ વૃક્ષોનું પણ ખુબ જ મહત્વ છે. તેઓ જંગલમાં એટલે વૃક્ષોની વચ્ચે રહેતા હોવાથી વૃક્ષો પ્રતિ તેમને ઘરોબો હોય. વૃક્ષો માત્ર લાગણી કે ભકિત માટે હોવા ઉપરાંત તે મિલકતનો એક ભાગ છે. વૃક્ષોમાં સામાન્ય રીતે ફળાઉ અને બિન ફળાઉ પ્રકારનાં હોય છે. વૃક્ષોમાં મહુડાનું વૃક્ષ ખુબ અગત્યનું હોય છે.

## કોઠા નં.- ૨૨

### તપાસના કુટુંબોમાં વૃક્ષો

| ગામ | મહુડા | આંબા | બોરડી | નીલગીરી | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|
| ઈટાવા | ૧૨ | ૧૨ | ૧ | ૨૩ | ૪૪ | |

મહુડાના ફુલ ખાવાના ઉપયોગમાં લેવાય છે. અને ઠોળીનું તેલ ખોરાક તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. આંબા, બોરડી જેવા ફળાઉ વૃક્ષો મોસમમાં ફળ આપે છે. તાજેતરના વૃક્ષોમાં નીલગીરીનો પ્રભાવ વધતો જાય છે. હવે તો વૃક્ષો પણ ખેતીના રૂપમાં ઉછેરાય છે. જોકે કોઠામાં બતાવેલા આંકડા જોતાં ઈટાવા ગામમાં નીલગીરીનો ખાસ પ્રભાવ જોવા મળતો નથી. નીલગીરીની ખેતીને મહત્વના આર્થિક કાર્યક્રમ તરીકે વેગ આપવો જોઈએ એ જરૂરી છે.

**ખેતીનાં સાધનો :-**

અગાઉ વારંવાર જોઈ ગયા છીએ કે આદિવાસીઓની આવકની દૃષ્ટિએ ખેતી મુખ્ય ધંધો નથી પરંતુ આ વ્યવસાય પાછળ રોકાતા માનવદિનની દૃષ્ટિએ ખેતી એ મુખ્ય ધંધો છે. આ ઉપરાંત આદિવાસીઓ નાના-મોટા હુન્નરો પણ કરતા હોય છે. અને આ માટે તેમને નાનાં-મોટાં સાધનોની જરૂર પડતી હોય છે. તેથી તેઓ આવાં સાધનો અવશ્ય રાખે છે. ખેતીનાં સાધનો તેમની અસ્કયામતનો મહત્વનો ભાગ છે. ખેતીનાં સાધનો મુખ્યત્વે ખેતીની જમીનના પ્રમાણમાં હોય છે. તેમ છતાં કેટલાક સાધનો બહુહેતુક રીતે વપરાતા હોય છે.

કોઠામાં બતાવ્યા મુજબ ખેતીમાં સાધનોમાં હળ જે મજબૂત પ્રકારના લાકડાનું બનેલું હોય છે. આ ઉપરાંત કરબ, વાવણિયો

અને નાનાં છૂટક ઓજારો પણ ખેતી સહિત સમગ્ર રીતે આર્થિક રીતે સધ્ધર હોય તેવા ખેડૂતો ગાડું વસાવતા હોય છે. ગાડુ કેવળ જરૂરિયાતનું સાધન ન રહેતાં આર્થિક સધ્ધરતાનું પ્રતિક પણ ગણાય છે. એજ મુજબ આર્થિક રીતે સ્થિતિપાત્ર અને ખેતીની જમીન ધરાવનાર ખેડૂતો પોતાના ખેતરમાં સ્થિતિ અનુસાર કાચો કે પાકો કુવો કરતા હોય છે. કુવાનું પાણી સિંચાઈ માટે ઉપરાંત ઘરવપરાશમાં પણ વપરાય છે. કુવામાં પાણીનો જથ્થો વધુ રહેતો હોય તો મશીન ધ્વારા આસપાસના ખેડૂતોને પાણી આપી તેમાંથી સારી એવી આવક મેળવતા હોય છે.

## કોઠા નં.- ૨૩

### તપાસેલ કુટુંબોમાં ખેતીના સાધનો

| ક્રમ | ગામ | હળ | કરબ | સમાર | વાવણિયો | નાનાં ઓજારો | ગાડું | કુવો કાચો | કુવો પાકો | ઓઇલ એન્જિન | ઈલેક્ટ્રીક મોટર | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ઈટાવા | ૨૨૦૦ | ૧૭૫ | ૨૫૦ | ૨૧૦ | ૮૦૦૦ | ૧૩૦૦૦ | ૩૭૦૦૦ | - | - | - | ૬૦૮૩૫ (૩૮૦૪.૬૯) |
| ૨ | મધાનીસર | ૩૧૦૦ | ૧૫૫૦ | ૮૦૦ | ૭૫૦ | ૭૪૦૫૦ | ૫૬૦૦ | ૪૦૦૦૦ | ૩૫૦૦૦ | ૬૦૦૦ | ૧૨૦૦૦ | ૧૮૧૮૫૦ (૭૨૭૪) |

નોંધ :-

કૌંસમાં બતાવેલ આંકડા કુટુંબદીઠ સરાસરી અસ્કયામત કિંમત દર્શાવે છે.

## કોઠા નં. - ૨૪

## તપાસેલ કુટુંબોમાં ઘરવખરીનાં સાધનો

| ક્રમ વિગત | ૧૯૬૯ કુલકુટુંબ સંખ્યા | ૧૯૬૯ વસ્તુની સંખ્યા | ૧૯૭૯ કુલકુટુંબ સંખ્યા | ૧૯૭૯ વસ્તુની સંખ્યા | ૧૯૮૯ કુલકુટુંબ સંખ્યા | ૧૯૮૯ વસ્તુની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ૧.વાસણો | | | | | | |
| તાંબાના | ૨૯ | ૨ | ૨૯ | ૨ | ૧૬ | ૩૦ |
| એલ્યુમિનિયમ | ૨૯ | ૩૧ | ૨૯ | ૩૪ | ૧૬ | ૨૨૩ |
| પિત્તળનાં | ૨૯ | ૫૬ | ૨૯ | ૪૯ | ૧૬ | ૬૪ |
| સ્ટીલનાં | | | | | ૧૬ | ૩૪ |
| માટીનાં | ૨૯ | ૨૭૧ | ૨૯ | ૨૦૦ | ૧૬ | ૧૧૨ |
| અન્ય | | | | | ૧૬ | ૧૫ |
| ૨.ફર્નિચર | | | | | | |
| ખાટલા | ૨૯ | ૯૮ | ૨૯ | ૭૨ | ૧૬ | ૪૨ |
| ખુરશીટેબલ | | | | | | |
| ૩.સાયકલ | | | | | ૧૬ | ૧૧ |
| ૪.ઘડિયાળ | | | | | ૧૬ | ૨૧ |
| ૫.રેડિયો | | | | | ૧૬ | ૭ |
| ૬.માછલાં પકડવાની જાળ | | | | | ૧૬ | ૧૯ |
| ૭. શિકારનાં સાધનો | | | | | ૧૬ | ૩ |
| ૮.વાજિંત્રો | | | | | ૧૬ | ૧૮ |
| ૯.ફાનસચીમની | ૨૯ | ૩૪ | ૨૯ | ૩૧ | ૧૬ | ૩૪ |
| ૧૦.ટોપલા | ૨૯ | ૮૫ | ૨૯ | ૧૨૯ | ૧૬ | ૫૦ |
| ૧૧.ઘંટી | - | ૭ | - | ૩૦ | ૧૬ | ૧૬ |
| ૧૨.પેટી | | | | | ૧૬ | ૧૮ |
| ૧૩.બેટરી | - | ૪ | - | ૨૯ | ૧૬ | ૧૮ |
| ૧૪.અન્ય | | | | | | |

ઘરવખરીનાં સાધનો :-

આગળ ભીલોના સ્વભાવની ચર્ચામાં જોયું કે તેઓ સખત મહેનતુ તેમજ ખૂબજ ઓછી જરૂરિયાતોથી ચલાવી લે છે. તેમના ઘરોમાં પણ ઓછામાં ઓછા સાધનો જોવા મળે છે. પોતાની આર્થિક સ્થિતિ તેમજ મૂળભૂત સ્વભાવને કારણે અનિવાર્ય સંજોગોમાં જ ઘરવખરીનાં સાધનો લાવે છે. જો કે આ સ્થિતિમાં પણ પરિવર્તન આવતું જોવા મળે છે. ખાસ કરીને વાસણોના સંદર્ભમાં જોઈએ તો પહેલાંના માટીના વાસણોના વર્ચસ્વ સામે આજે એલ્યુમિનિયમ, તાંબુ, પિત્તળ અને હવે તો સ્ટીલનાં વાસણોનો પ્રવેશ થઈ ચૂક્યો છે. એજ રીતે વાસણોની સંખ્યામાં પણ વધારો જોવા મળે છે. વાસણો વધવા માટેનું એક કારણ એ છે કે કુટુંબના સભ્યો વર્ષના અમુક મહિના મજૂરીકામ માટે બહાર રહે છે. તો તેમના ઉપયોગ માટે વાસણો વસાવવા જોઈએ તેમજ સહકારી મંડળીઓ બોનસના રૂપમાં ખાસ કરીને સ્ટીલનાં વાસણો આપે છે. સાથે સાથે શિક્ષિત કુટુંબો ટાંચા વાસણોના બદલે પૂરતાં વાસણો રાખવાનું માને છે.

૧૯૮૯ની તપાસમાં ઘડિયાળ, સાયકલ, રેડિયો, જેવાં અનિવાર્ય જરૂરિયાત અને મનોરંજન માટે વપરાતાં સાધનોની વિગતો જોવા મળે છે. શહેરમાં કે ગામડામાં હરતાં ફરતાં વારંવાર જોવા મળે છે કે આદિવાસીના ઝૂંપડામાં નિયમિત રીતે મોડી રાત સુધી રેડિયો ચાલતો હોય. એજ રીતે ખાસ કરીને યુવાનો સાયકલ ચલાવવાના શોખીન હોય છે. તેઓમાં ખુબી એ છે કે પોતાની સાયકલને ચકચકીત અને જુદાં જુદાં સાધનોથી સુશોભિત રાખતા હોય છે. ઈટાવા જેવા ડુંગરાળ વિસ્તારમાં પણ સાયકલ સારી હાલમાં રાખવી એ તેમની ખૂબી બતાવે છે. બાપદાદાની યાદગીરી તરીકે માછલી પકડવાની જાળ, શિકારનાં સાધનો જેનો ઉપયોગ થતો ન હોય તો પણ રાખે છે. આ વિસ્તારમાં વિજળી ન હોવાથી ઘંટી નથી. જોકે ઈટાવામાં વીજળીની એક ઘંટી છે. તેમછતાં લોકો પોતાની ઘંટી અવશ્ય રાખે છે જેથી રોજરોજનું જરૂરી અનાજ દળી શકાય. રાતે બહાર જવાનું થાય ત્યારે બેટરી ખૂબ ઉપયોગી થાય તેથી

## કોઠા નં.- ૨૫

### તપાસેલ કુટુંબોમાં અસ્કયામતો (રૂપિયામાં)

| ગામ | મકાન | વૃક્ષો | પશુધન | ખેતીનાં સાધનો | વાસણો | ઘરવખરી | ઘરેણાં | કુલ | કુટુંબદીઠ |
| --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- |
| ઈટાવા | ૮૮,૦૦૦ | ૧૮,૪૦૦ | ૧,૪૩,૧૨૦ | ૫૮,૦૩૫ | ૮૬૯૦ | ૨૫,૭૭૦ | ૩૮,૨૦૦ | ૩,૮૦,૨૧૫ | ~~[illegible]~~ ૨૭૭૬૩.૫૦ |

<u>આવક :-</u>

આદિવાસી કુટુંબો પોતાના મુખ્ય અને ગૌણ વ્યવસાય ધ્વારા આવક મેળવી પોતાના કુટુંબનું નિર્વાહ કરવા પ્રયત્ન કરે છે. તેમને મળતી અપૂરતી આવકને કારણે કોઈપણ એકસ્ત્રોત ઉપર આધાર ન રાખી શકતાં નવાં નવાં ક્ષેત્રો શોધવાની ફરજ પડે છે. જરૂર મુજબ જિલ્લા અને રાજ્ય બહાર સ્થળાંતર કરી મહિનાઓ સુધી પોતાના કુટુંબ અને વતનથી અલગ રહે છે. જે તેમના માટે ઘણું અસહ્ય હોવાછતાં આ સિવાયનો કોઈ વિકલ્પ મળતો નથી.

ઈટાવા ગામના તપાસેલ કુટુંબો પણ પોતાના નિર્વાહ માટે જુદા જુદા ક્ષેત્રોમાંથી આવક અને પૂરક આવક મેળવે છે.

<u>ખેતીની આવક :-</u>

૧૯૬૯માં તપાસેલ કુટુંબો કુટુંબદીઠ રૂા. ૫૬૯ની આવક મેળવતાં હતાં જેમાં ૧૯૭૯ની તપાસ સમયે કુટુંબદીઠ આવકમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળે છે. અને ફરીથી ૧૯૮૯ની તપાસમાં અગાઉની બંને તપાસ કરતાં આવકમાં વધારો નોંધાયો છે. આવક એ માત્ર ભૌતિક પ્રગતિ નથી પરંતુ પરિવર્તનનું પણ સૂચક છે. ખેતીમાં થતાં સંશોધનો કેટલોક અંશ હવે આ વિસ્તારમાં આવવા લાગ્યો છે. ખેડૂતોમાં નવા (સુધારેલા) પ્રકારના બિયારણનો ઉપયોગ ઉપરાંત તેમના વિસ્તારને અનુકૂળ નવીન સુધારાને આવકારે છે તેથી ખેતીમાં પ્રગતિ જોઈ શકાય છે. અલબત્ત આ પ્રગતિની ગતિ ખેતીમાં થયેલા સંશોધનની સરખામણીમાં ઘણી મંદ જોવા મળે છે. તેનાં કારણોમાં પેઢી દર પેઢી ખેતીની જમીનના વારસામાં વહેંચણીને કારણે ટૂકડા થવા તેમજ વરસાદની અનિયમિતતા જેવા કારણો ગણાવી શકાય. વધુમાં આ વિસ્તારમાં પશુપાલનનો વ્યવસાય પણ આર્થિક રીતે (પોષણક્ષમ) નથી. હકીકતમાં પશુપાલન અર્થવ્યવસ્થાનો ભાગ નથી એમ કહેવામાં ભારે અતિશયોક્તિ નથી.

<u>વન્ય પેદાશ</u> :-

એક જમાનામાં ગીચ જંગલ તરીકે જાણીતું પંચમહાલનું જંગલ સમયના વહેણ સાથે નામશેષ થઈ ગયું છે. સાગટાળા- રતનમાલ જેવા વિસ્તારોને બાદ કરતાં કયાંય ગીચ જંગલ જોવા મળતું નથી તેથી સ્વાભાવિક રીતે જ વન્યપેદાશની આવક મેળવવાનો પ્રયત્ન [illegible] રહેતો નથી. આ વિસ્તારમાં મહુડાના વૃક્ષો સારી સંખ્યામાં મળે છે. મહુડાના ફુલનો ખાવાના તેમજ ડોળીનો ખાદ્યતેલ તરીકે ઉપયોગ કરે છે. વન્યપેદાશ એકઠી કરવાની પ્રવૃત્તિ સામાન્ય છે તેથી તેમાંથી નોંધપાત્ર આવક મળતી નથી.

<u>મજૂરી</u> :-

અગાઉ નોંધ્યા મુજબ આવકની દૃષ્ટિએ મજૂરીએ મુખ્ય ધંધો ગણાવાની પાત્રતા ધરાવે છે. અનિયમિત અને અપૂરતા વરસાદ,સહિતના અન્ય કારણો લઈને ખેતીની આવક ખૂબ જ મર્યાદિત થવા લાગી. ખેત-મજૂરી મેળવવાની શકયતા પણ નહિવત બની તેથી બીજા સ્થળે મજૂરી મેળવવાનો [illegible] વિકલ્પ સ્વીકારી દિવાળી બાદ ગામેગામથી ભીલ કુટુંબો તેમના વૃધ્ધ અશકત અને અપંગ સભ્યોને ઘેર મૂકી મજૂરીની શોધમાં અમદાવાદ, વડોદરા, આણંદ, સુરત જેવા શહેરો અને ખેડા જિલ્લાના ગામો તરફ સ્થળાંતર કરે છે. ત્યાં બાંધકામ છૂટક મજૂરી, ખેતમજૂરી જેવાં કામો કરીને આવક મેળવે છે. શહેરોમાં ખાસ કરીને બાંધકામ મજૂરીમાં રોકડ આવક સારી થાય છે. પરંતુ ત્યાં [illegible], [illegible] તેમજ અવારનવાર વતનમાં [illegible] મુસાફરી ખર્ચ જેવા કારણો-ને લઈને તેમની આવકનો મોટોભાગ વપરાઈ જાય છે તેથી તેમની આર્થિક સ્થિતિમાં નોંધપાત્ર ફેરફાર થતો નથી. રોકડ આવકનો ઘણો નાનો હિસ્સો તેઓ બચાવી શકે છે અને તેનો ઉપયોગ ઉત્પાદન કાર્યમાં રોકી શકે છે. અલબત્ત જે કુટુંબો અમદાવાદ-વડોદરા-સુરત જેવા શહેરોમાં સ્થિર થઈ પોતાની કૌશલ્યતા અને સાહસિકતાના બળે મજૂરી [illegible] કરતાં પેટા કોન્ટ્રાકટર અને કોન્ટ્રાકટર બન્યા છે તેમની

આર્થિક પ્રગતિમાં ઉત્સાહપ્રેરક સુધારો થયેલો જોવા મળે છે.જયારે માત્ર બિનકુશળ મજૂરી કરનારા આદિવાસીઓ વર્ષ દરમિયાન તેમના કુટુંબના નિર્વાહ જોગું કમાય છે. તેમાંથી થોડું બચાવી પશુ, ખરીદે, કુવો બનાવે, ઓઈલ એન્જિન વસાવવામાં ઉપયોગમાં લે છે.

કોઠામાં મજૂરી દ્વારા મેળવવાની આવકના આંકડા તપાસીએ તો ૧૯૬૯–૭૯ અને ૧૯૮૯ની તપાસમાં આવકમાં નોંધપાત્ર વધારો થતો જોવા મળે છે. જે આગળની ચર્ચાનું સમર્થન કરે છે. તેમજ કુટુંબદીઠ મજૂરીમાંથી મળતી આવકમાં નોંધપાત્ર આવક કેવી રીતે વપરાય છેતેની ચર્ચા વણી લીધી છે જેને કારણે તેમની સર્વગ્રાહી ગરીબાઈમાં ઉલ્લેખનીય ઘટાડો જોવા મળતો નથી. ખોરાક,બળતણ સહિત જીવનજરૂરિયાતોના વધતા જતા ભાવ સામે દૈનિક મજૂરી દર વધારાની કોઈજ અસર થતી નથી.

<u>નોકરી</u> :-

આદિવાસી કુટુંબોએ પોતાની આર્થિક સ્થિતિ બદલવા માટે જુદા જુદા અભિગમો સ્વીકાર્યો છે. દક્ષિણ ગુજરાતના ખાસ કરીને ધોડિયા, ચૌધરી જેવી શૈક્ષણિક રીતે પ્રગતિ સાધેલ જાતિના યુવાનો પોતાની શૈક્ષણિક લાયકાત કેળવી સરકારી અને અર્ધસરકારી જેવી નોકરીઓમાં જોડાવાનો ખાસ પ્રયત્ન કરે છે પરંતુ ભીલ જે શિક્ષણમાં ઘણી પાછળ રહી ગયેલ જાતિના કુટુંબોને નોકરી મળવાની શક્યતા ખુબ ઓછી છે. જોકે હવે આ પરિસ્થિતિમાં ખુબ જ ઝડપથી પલટો આવી રહયાનું જોવા મળતું હોય તો પણ દક્ષિણ ગુજરાતના ધોડિયા અને ચૌધરી આદિવાસી જાતિઓની સરખામણીમાં ઘણા પાછળ રહી ગયેલ છે.

કોઠામાં નોકરી દ્વારા મળતી આવક ખૂબ જ મર્યાદિત બતાવી છે જે આ ચર્ચાને સમર્થન આપે છે.

બધા ક્ષેત્રો દ્વારા મળી આવકના આંકડા કુટુંબદીઠ આવક સાથે સરખાવતાં પણ ક્રમિક વધારો જોવા મળે છે. જોકે તેના આધારે એવા તારણ ઉપર ન આવી શકાય કે તેમની સ્થિતિમાં ફેરફાર થયોછે.

## કોઠા નં.- ૨૬

### જમીનના કદ પ્રમાણે સાધનવાર આવક

| ક્રમ જમીનનું કદ | કુટુંબ સંખ્યા | ખેતીની આવક | મજૂરીની આવક | વન્યપેદાશની આવક | નોકરીની આવક | કુલ આવક | કુટુંબદીઠ આવક | માથાદીઠ આવક |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. જમીન વિહોણા | ૩ | | ૧૮૦૦૦ | ૨૫૦ | | ૧૮૨૫૦ | ૬૦૮૩. | |
| ૨. ૦૦.૦૧ થી ૫.૦૦ | ૧૦ | ૩૨૦૪૦ | ૪૦૨૦૦ | ૧૪૫૦ | - | ૭૩૬૯૦ | ૭૩૬૯ | |
| ૩. ૫.૦૧ થી ૧૦.૦૦ | ૨ | ૭૪૨૦ | ૧૬૦૦૦ | ૩૦૦ | - | ૨૩૭૨૦ | ૧૧૮૬૦ | |
| ૪. ૧૦.૦૧ થી વધુ | ૧ | ૫૦૦૦ | ૪૦૦૦ | - | - | ૯૦૦૦ | ૯૦૦૦ | |
| | ૧૬ | ૪૪૪૬૦ | ૭૮૨૦૦ | ૨૦૦૦ | | ૧,૨૫,૬૫૦ | ~~૩૨૧૧૨~~ | ૩૪૫.૯૬ |
| કુટુંબદીઠ | | ૨૭૭૮.૭૫ | ૪૮૮૭.૫ | ૧૨૫.૦ | | [illegible] ૭૫૪૧.૨૫ | | |

## કોઠા નં.- ૨૭

## તપાસેલ કુટુંબોની કુટુંબદીઠ વાર્ષિક આવક

| આવક-સ્ત્રોત | ૧૯૬૬ | ૧૯૭૬ | ૧૯૮૬ |
|---|---|---|---|
| ખેતી અને પશુપાલન | ૫૬૯ | ૩૩૯ | ૮૭૭.૫ |
| વન્યપેદાશ | - | - | ૧૨૫ |
| મજૂરી | ૩૮૦ | ૧૯૬૩ | ૪૮૮૭.૫ |
| નોકરી | ૧૪ | ૬૯ | - |
| કુલ<br>સરેરાશ<br>વ્યક્તિગત | ૯૬૩ | ૨૩૭૧ | ૫૮૯૦ |

ખર્ચ :-

અગાઉ આપણે જોઈ ગયા કે તપાસેલ કુટુંબોની આવકમાં અગાઉની બંને તપાસની સરખામણીમાં સારો એવો વધારો નોંધાયો છે અને તે નોંધાવા માટેના પ્રાથમિક કારણોની પણ અણછાજતી ચર્ચા કરી છે. આવક વધવાનું બીજું લક્ષણ તપાસીએ તો અગાઉની તપાસની સરખામણીમાં ખર્ચના પ્રમાણમાં સારો એવો વધારો થયો છે. અલબત્ત આ વધારો વસ્તુના જથ્થાના પ્રમાણમાં નહિંવત છે પરંતુ આપણે ત્યાં ખાસ કરીને ખાદ્યપદાર્થોના ભાવમાં જથ્થાબંધ ભાવાંક જોતાં સહેજ ઓછો લાગે પરંતુ છૂટક વેચાણ ઉપર તેની ભારે અસર થતી હોય છે અને તપાસેલ કુટુંબો છૂટક વેચાણથી ખરીદતા હોવાથી તેમણે મહત્તમ ભાવ આપવો પડે છે. આ સાથે સાથે એ પણ નોંધવું જોઈએ કે હવે ખાસ કરીને ખોરાક વગેરે માટે બજાર ઉપર આધાર રાખવો પડે છે. કપડાંમાં વિવિધતા વધતાં મોંઘાં કપડાં ખરીદવાનું વલણ જોવા મળે છે. બસ/વાહનવ્યવહારની સગવડ થતાં મુસાફરી કરવાના પ્રસંગો પણ વધવા માંડયા.સામાજિક અને ધાર્મિક પ્રસંગોએ કરતા ખર્ચમાં પણ નોંધપાત્ર વધારો થતો ગયો. ખાસ કરીને શહેરી સંસ્કૃતિની અથવા શહેરી XXXX સમાજનું અનુકરણ કરવાની શરૂઆત જેમ કે લગ્નપ્રસંગે અનેક પ્રકારના ખર્ચ દહેજની ઊંચી રકમ આ બધા કારણોએ તેમના નિર્વાહ ખર્ચમાં ચોકકસ પ્રમાણમાં

<u>કોઠા નં.- ૨૮</u>

<u>તપાસેલ કુટુંબોનું કુટુંબદીઠ અને માથાદીઠ વાર્ષિક ખર્ચ</u> (રૂ.માં)

| ક્રમ | વિગત | ૧૯૬૯ | | ૧૯૭૯ | | ૧૯૮૮ | |
|---|---|---|---|---|---|---|---|
| | | કુટુંબદીઠ | માથાદીઠ | કુટુંબદીઠ | માથાદીઠ | કુટુંબદીઠ | માથાદીઠ |
| ૧. | ખોરાક | ૫૯૪.૧૦ | ૭૪.૯૦ | ૧૨૫૯.૭૫ | ૧૬૬.૦૫ | ૧૬૩૧.૦૦ | ૧૯૨.૦૦ |
| ૨. | શાકભાજી | ૨૪.૧૭ | ૩.૦૪ | ૫૪.૩૧ | ૭.૧૫ | ૧૬૧.૦૦ | ૧૭.૮૫ |
| ૩. | માંસ-ઈંડાં | ૧૫.૬૮ | ૧.૯૭ | ૯૧.૯૬ | ૧૨.૧૨ | - | - |
| ૪. | દૂધ-ઘી | ૩૨.૭૫ | ૪.૧૩ | ૯.૬૮ | ૧.૨૭ | ૧૫૪.૬૯ | ૧૭.૧૯ |
| ૫. | ખાંડ-ગોળ | ૨૮.૯૬ | ૨.૬૩ | ૨૫.૭૯ | ૩.૪૦ | ૧૯૪.૧૩ | ૨૧.૬૦ |
| ૬. | તેલ | ૧૩.૬૨ | ૦.૭૧ | ૪૩.૩૧ | ૫.૭૦ | ૧૮૧.૩૭ | ૨૦.૧૫ |
| ૭. | ચ્હા-કોફી | ૧.૦૦ | ૦.૧૨ | ૯.૫૧ | ૧.૨૫ | ૬૨.૧૯ | ૬.૪૨ |
| ૮. | મસાલા | ૩૮.૬૫ | ૫.૧૩ | ૨૫.૧૩ | ૩.૩૧ | ૩૮.૧૨ | ૪.૨૪ |
| ૯. | બીડી-તમાકુ-દારૂ | ૩૧.૫૧ | ૩.૯૭ | ૧૪૯.૧૩ | ૧૯.૬૫ | ૪૪.૦૬ | ૪.૮૯ |
| ૧૦. | બળતણ, દીવાસળી, અન્ય | ૬.૫૮ | ૦.૮૩ | ૫૮.૪૮ | ૭.૭૦ | ૩૨૯.૦૬ | ૩૬.૫૬ |
| ૧૧. | કપડાં-બુટ-ચંપલ | ૧૨૬.૫૫ | ૧૫.૯૫ | ૩૯૧.૩૭ | ૫૧.૫૯ | ૧૦૦૬.૦૦ | ૧૧૧.૮૦ |
| ૧૨. | ધાર્મિક અને સામાજિક પ્રસંગ | ૭.૮૬ | ૦.૯૯ | ૨૬૩.૭૯ | ૩૪.૭૭ | ૫૬૮.૭૫ | ૬૩.૧૯ |
| ૧૩. | દવાદારૂ અને મુસાફરી | ૩૮.૫૫ | ૪.૮૬ | ૧૧૨.૫૮ | ૧૪.૮૪ | ૩૮૧.૨૫ | ૪૨.૩૬ |
| | કુલ | ૯૫૪.૦૦ | ૧૨૦.૩૬ | ૨૪૯૭.૬૨ | ૩૨૯.૨૩ | ~~૫૩૪૯.૩૭~~ ૪૭૫૧.૬૨ | ~~૬૯૪.૩૨~~ ૫૩૮.૨૫ |

## કોઠા નં.- ૨૯

### કુટુંબના કદ મુજબ વાર્ષિક વપરાશ દર્શાવતો કોઠો

| ક્રમ જમીનનું કદ | કુટુંબ સંખ્યા | ખોરાક ઘરમાં | ખોરાક રોકડ | ખોરાક ઉધાર | શાકભાજી ઘરમાં | શાકભાજી રોકડ | શાકભાજી ઉધાર | દૂધ-ઘી ઘરમાં | દૂધ-ઘી રોકડ | ખાંડ | ગોળ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. જમીન વિહોણા | ૩ | ૩૭૪૦ | ૨૬૦૦ | - | ૬૦૦ | ૬૦૦ | - | ૨૦૦ | ૧૫૦ | ૫૬૦ | ૧૪૪ |
| ૨. ૦૦.૦૧થી ૫.૦૦ | ૧૦ | ૧૩૩૭૦ | ૧૦૫૦ | - | ૩૫૦ | ૯૭૦ | - | ૧૪૮૫ | ૩૦ | ૧૧૨૦ | ૫૨૨ |
| ૩. ૫.૦૧ થી ૧૦.૦૦ | ૨ | ૨૬૯૦ | ૧૨૦૦ | - | ૨૫૦ | ૨૦૦ | - | ૩૫૦ | - | ૩૬૦ | ૧૧૦ |
| ૪. ૧૦.૦૧ થી વધુ | ૧ | ૨૨૪૦ | - | - | - | ૨૦૦ | - | ૩૦૦ | - | ૧૩૦ | ૧૬૦ |
| કુલ ખર્ચ | ૧૬ | ૨૨૦૪૦ | ૪૮૫૦ | | ૧૨૦૦ | ૧૯૭૦ | - | ૨૨૯૫ | ૧૮૦ | ૨૧૭૦ | ૯૩૬ |
| કુટુંબદીઠ ખર્ચ | | ૧૩૭૭.૫ | ૩૦૩.૧ | | ૭૫.૦ | ૧૨૩૧ | - | ૧૮૨.૮૧ | ૧૧.૨૫ | ૧૩૫.૬૨ | ૫૮.૫૬ |

| ક્રમ જમીનનું કદ | તેલ | ચ્હા-કોફી | મસાલા | બીડી-તમાકુ | બળતણ | કુલ વાર્ષિક વપરાશ | ઘરમાં | રોકડ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. જમીન વિહોણા | ૫૫૦ | ૨૪૦ | ૧૨૫ | ૧૨૫ | ૩૦૦ | ૯૯૩૪ | ૪૫૪૦ | ૫૩૯૪ |
| ૨. ૦૦.૦૧ થી ૫.૦૦ | ૧૭૧૨ | ૫૨૫ | ૩૭૫ | ૪૩૦ | ૮૯૦ | ૨૨૭૮૯ | ૧૫૧૬૫ | ૭૬૨૪ |
| ૩. ૫.૦૧ થી ૧૦.૦૦ | ૪૨૦ | ૧૩૦ | ૬૦ | ૧૦૦ | ૨૫૦ | ૬૧૨૦ | ૩૨૯૦ | ૨૮૩૦ |
| ૪. ૧૦.૦૧ થી વધુ | ૨૨૦ | ૧૦૦ | ૫૦ | ૫૦ | ૧૦૦ | ૩૫૫૦ | ૨૫૪૦ | ૧૦૧૦ |
| કુલ | ૨૯૦૨ | ૯૯૫ | ૬૧૦ | ૬૦૫ | ૧૫૪૦ | ૪૨૩૯૩ | ૨૫૫૩૫ | ૧૬૮૫૮ |
| કુટુંબદીઠ | ૧૮૧.૩૮ | ૬૨.૧૯ | ૩૮.૧૩ | ૪૪.૭૭ | ૯૬.૨૫ | ૨૬૪૯.૫૬ | ૧૫૯૫૯૪ | ૧૦૫૩.૬૩ |

...ના ... કોઠો ચાલુ.......

કોઠા નં. ૩૦

અન્ય વાર્ષિક ખર્ચ દર્શાવતો કોઠો

| ક્રમ જમીનનું કદ | મુસાફરી | કપડાં | પગરખાં | શિક્ષણ | દવાદારૂ | સામાજિક ધાર્મિક | અન્ય | એકંદર કુલ ખર્ચ | કુલ વાર્ષિક આવક | ખોટ | બચત |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. જમીન વિહોણા | ૪૦૦ | ૩૨૦૦ | ૧૦૦ | - | ૬૦૦ | ૨૫૦૦ | ૪૫૦૦ | ૨૧૨૩૪ | ૧૮૨૫૦ | ૨૯૮૪ | - |
| ૨. ૦૦.૦૧ થી ૫.૦૦ | ૩૦૦૦ | ૧૦૦૦૦ | ૬૦૦ | - | ૧૮૦૦ | ૫૦૦૦ | ૧૨૦૦૦ | ૫૫૧૮૯ | ૭૩૬૯૦ | - | ૧૮૫૦૧ |
| ૩. ૫.૦૧ થી ૧૦.૦૦ | ૪૫૦ | ૨૭૦૦ | ૧૫૦ | - | ૮૦૦ | ૨૨૦૦ | ૨૫૦૦ | ૧૪૯૨૦ | ૨૩૭૨૦ | - | ૮૮૦૦ |
| ૪. ૧૦.૦૧ થી વધુ | ૨૫૦ | ૧૦૦૦ | ૫૦ | - | ૩૦૦ | ૧૩૦૦ | ૧૦૦૦ | ૭૪૫૦ | ૬૦૦૦ | ૧૫૫૦ | - |
| કુલ | ૪૧૦૦ | ૧૬૬૦૦ | ૬૦૦ | - | ૩૫૦૦ | ૧૧૦૦૦ | ૨૦૦૦૦ | ૯૮૭૯૩ | ૧૨૪૬૬૦ | | |
| કુટુંબદીઠ ખર્ચ | ૨૫૬.૨૫ | ૧૦૫૬.૨૫ | ૫૬.૨૫ | | ૨૧૮.૭૫ | ૬૮૭.૫ | ૧૨૫૦. | ૬૧૭૪.૫૬ | ૭૭૯૧.૨૫ | | |

દેવું :-

સામાન્ય રીતે આવક કરતાં ખર્ચનું પ્રમાણ વધવા પામે ત્યારે વધારાના ખર્ચની જોગવાઈ માટે દેવું કરવાની પરિસ્થિતિ ઊભી થાય છે. આ દેવું કેટલીકવાર તતપુરતા સમયનું હોય છે તો કોઈકવાર મધ્યમગાળાનું અને લાંબાગાળાનું પણ હોય છે. વળી દેવું માત્ર ઘરનિર્વાહ માટે જ કરવામાં આવે છે એવું નથી. વ્યકિત જ્યારે મોટા મૂડી રોકાણનું સાહસ કરે ત્યારે તે પોતાની બચતમાંથી તે મૂડી ઊભી કરી શકે નહિ ત્યારે મૂડી ઊભી કરવા દેવું કરવું પડતું હોય છે.

તપાસેલ કુટુંબોની આર્થિક સ્થિતિ તો નબળી છેજ. પરંતુ સાથે સાથે તેઓ આ પરિસ્થિતિમાંથી બહાર આવવા તનતોડ પ્રયત્નો કરે છે. સાહસો પણ ખેડે છે. અને તેને માટે દેવું કરવું પડે તો કરે છે.

૧૯૬૯માં કુલ દેવું ૧૮,૫૬૨ નું હતું જે ૧૯૭૯ની તપાસ સમયે ઘટીને રૂા. ૧૫૭૩૧ નોંધાયું હતું. જ્યારે ૧૯૮૯ની તપાસ સમયે '૬૯ની સ્થિતિ કરતાં થોડું વધુ અને '૭૯ની તપાસ કરતાં ઘણું વધુ નોંધાયું હતું એ મુજબ ૩૦,૫૦૦ નોંધાયું હતું.

૧૯૬૯ અને '૭૯ની તપાસમાં આ દેવું શાહુકાર, સગાસંબંધી, સહકારી મંડળી, સહકારી બેન્ક અને સહકારી સાધનો ધ્વારા પ્રાપ્ત થયું હતું જ્યારે '૮૯ની તપાસમાં શાહુકાર, સહકારી મંડળી અને સહકારી તગાવી ધ્વારા પ્રાપ્ત થયું હતું.

## કોઠા નં.- ૩૧

## સાધનવાર દેવું દર્શાવતો કોઠો (રૂકામાં)

| ક્રમ | વિગત | ૧૯૬૬ દેવાદાર કુટુંબો | % | ૧૯૭૭ દેવાદાર કુટુંબો | % | ૧૯૮૮ દેવાદાર કુટુંબો | % | કુટુંબદીઠ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | શાહુકાર | — | | — | | ૧૫૫૦૦ | | ૯૬૮.૭૫ |
| ૨. | સગાસંબંધી | — | | — | | ૧૩૦૦૦ | | ૮૧૨.૫ |
| ૩. | સહકારી મંડળી | — | | — | | — | | |
| ૪. | બેન્ક | — | | — | | ૨૦૦૦ | | ૧૨૫.૦ |
| ૫. | સહકારી તગાવી | — | | — | | | | |
| | | | | | | ૩૦૫૦૦ | | ૧૯૦૬.૨૫ |

વ્યક્તિદીઠ દેવું ૨૧૩.૨૯

મૂડીરોકાણ :-

આ અગાઉની ચર્ચામાં જોયું કે આ દિવાસીઓ માત્ર પોતાના કુટુંબના નિર્વાહ માટે જ દેવું કરે છે એવું નથી. તેઓ ઉત્પાદન ક્ષેત્રો- માં મૂડી રોકાણનું સાહસ કરે છે. તેઓ પોતાની મૂડીમાંથી આ રોકાણ કરી શકે એવું શક્ય ન હોવાથી દેવું કરવાની સ્થિતિ ઊભી થાય છે.

પાછળના કોઠામાં આપેલી આંકડાકીય માહિતી જોતાં '૮૯ની તપાસ સમયે તપાસેલ કુટુંબોએ જુદા જુદા ઉત્પાદન ક્ષેત્રોમાં રોકાણ કર્યું હતું. આ કુટુંબોએ અંદાજે રૂા. ૯૨,૦૦૦નું રોકાણ કર્યું હતું. આ રોકાણમાં ૩.૨૬ ટકા મકાનની મરામત, જમીન સુધારણા માટે ૧.૦૯ ટકા, પશુ ખરીદી ૮૬.૯૬ ટકા, કુવા માટે ૫.૪૭ %, અને ખેતીનાં સાધનો માટે ૩.૨૬ ટકા મૂડી રોકાણ કર્યું હતું.

આ મૂડી રોકાણ માટેની મૂડી ક્યાંથી મેળવી હતી તે જાણવાનું પણ ઉપયોગી બની રહેશે. કુલ મૂડી રોકાણના ૩૬.૦૯ % XXXXXX સ્વયંભયત, ૪.૯૦ ટકા સહકારી મંડળી, ૨૭.૬૫ ટકા શાહુકાર, ૯.૬૭ ટકા સગાસંબંધી, ૨૧.૩૦ ટકા પોતાની અસ્કયામત વેચીને અને ૭.૩૯ ટકા આ સિવાય મૂડી મેળવી હતી. પશુપાલનમાં ઊંચુ મૂડી રોકાણ ખાસ કરીને બળદ ખરીદી માટેનું હોવાનું માહિતી દાતાઓએ જણાવ્યું હતું. ખેતીના સાધનોમાં મુખ્યત્વે બળદગાડુ ખરીદવામાં મૂડી રોકાણ થયું હતું.

મૂડી રોકાણના આંકડા, તેમણે રોકેલ મૂડીના ક્ષેત્રો જોતાં પણ તેમનામાં પરિવર્તનની ગતિ જોવા મળે છે. વળી તેઓ ગરીબાઈની રેખા ભેદવા માટે પણ પોતાના રચનાત્મક પ્રયાસો કરે જ છે. જે તેમની ઈચ્છાશક્તિની દૃઢતા પણ સૂચવે છે.

કોઠા નં.- ૩૨

તંપાસેલ કુટુંબોએ છેલ્લાં દશ વર્ષમાં કરેલ મૂડીરોકાણ તથા મૂડી મેળવવાનું સ્ત્રોત

| ક્રમ | વિગત | સ્વયં બચત | બેંક પાસેથી ધિરાણ | સહકારી મંડળી | શાહુકાર પાસેથી | સગાસંબંધી પાસેથી | અસ્કયામત વેચીને | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | નવા મકાનનું બાંધકામ | - | - | - | - | - | - | - | - |
| ૨. | મકાનનું સમારકામ | ૧૫૦૦ | - | - | ૫૦૦ | ૪૦૦ | ૩૦૦ | ૩૦૦ | ૩૦૦૦ (૩.૨૬) |
| ૩. | જમીન સુધારણા | ૭૦૦ | - | - | - | - | ૩૦૦ | - | ૧૦૦૦ (૧.૦૯) |
| ૪. | પશુ ખરીદી | ૨૮૦૦૦ | - | ૪૫૦૦ | ૧૮૫૦૦ | ૭૫૦૦ | ૧૭૦૦૦ | ૪૫૦૦ | ૮૦૦૦૦ (૮૬.૯૬) |
| ૫. | નવી જમીન ખરીદી | - | - | - | - | - | - | - | - |
| ૬. | કૂવા બાંધકામ | ૨૦૦૦ | - | - | - | - | ૨૦૦૦ | ૧૦૦૦ | ૫૦૦૦ (૫.૪૩) |
| ૭. | ખેતીનાં ઓજારો | ૧૦૦૦ | - | - | - | ૧૦૦૦ | - | ૧૦૦૦ | ૩૦૦૦ (૩.૨૬) |
| ૮. | મોટી મૂડી રોકાણ થતું હોય તેવાં સાધન | - | - | - | - | - | - | - | - |
| ૯. | અન્ય | - | - | - | - | - | - | - | - |
| | કુલ | ૩૩૨૦૦<br>૩૬.૦૯ | | ૪૫૦૦<br>૪.૯૦ | ૧૯૦૦૦<br>૨૦.૬૫ | ૮૬૦૦<br>[illegible] | ૧૯૬૦૦<br>૨૧.૩૦ | ૬૮૦૦<br>૭.૩૯ | ૯૨૦૦૦<br>૧૦૦.૦૦ |

ઉપસંહાર :-

આ પ્રકરણમાં આંકડાકીય માહિતી ધ્વારા ઈટાવા ગામની યથા સ્થિતિ તેમજ છેલ્લા વીસ વર્ષ દરમિયાન આવેલ પરિવર્તનની સમગ્ર રીતે ઝાંખી કરવાના પ્રયત્નો કર્યા છે.

આ પ્રકરણના સમાપનમાં લખવું જોઈએ કે દાહોદ તાલુકાના પૂર્વગાળાના ઉંડાણના વિસ્તારમાં આવેલું ઈટાવા ગામ આંગળીના વેઢે ગણાય એટલે પ્રાથમિક સુવિધાઓ ધરાવે છે. આર્થિક પ્રવૃત્તિઓ માટે અથવા તો વર્ષ દરમિયાન આવક આપે એવી કોઈ પ્રવૃત્તિ આજે પણ ઊભી થઈ શકી નથી. આરોગ્ય, શિક્ષણ અને પીવાના પાણીની સુવિધાઓ નામ પૂરતી છે. આ પરિસ્થિતિમાં એકમાત્ર આ ગામના ભીલ કુટુંબોના ગરીબાઈથી રેખા ભેદી આગળ જવા માટેનો દૃઢ વિશ્વાસ અને તે માટેના તમામ પડકારો ઝીલવાની નૈતિક હિંમતને કારણેજ આ ગામની અસ્મિતા ટકી રહી છે. કુટુંબો મજૂરી મેળવવા સ્થળાંતર કરે છે પરંતુ વર્ષ દરમિયાન અવારનવાર અને ચોમાસાની શરૂઆતથી દિવાળી સુધીના સમયગાળામાં પોતાના ગામમાં આવી પોતાના કુટુંબો જોડે રહે છે. આમ પોતાના કુટુંબના ભરણપોષણની ચિંતા રાખે છે અને સહજીવનની મહત્તા પણ સમજે છે. જે આદિવાસી સંસ્કૃતિનો ભવ્ય વારસો છે.

-૦-૦-

## પ્રકરણ - ૫

### મધાનીસર : ૧૯૬૯- '૭૯ અને '૮૯

પંચમહાલ જિલ્લાના રાજસ્થાનની સરહદ તરફ આવેલા ઝાલોદ તાલુકાનું મધાનીસર ગામ પણ ઈટાવા ગામની જેમજ જિલ્લાનું અને તાલુકા-નું લગભગ છેલ્લું ગામ છે કારણ કે આ ગામથી લગભગ ૫-૬ કિ.મી.પછી રાજસ્થાનની હદ શરૂ થાય છે. આ ગામ તાલુકા મથકથી ખાસ દૂર ન હોવા છતાં પણ છૂટાછવાયા પ્રકારનું ગામ હોવાથી ઉંડાણમાં હોવાનું લાગે. આ વિસ્તારમાં વિસ્તારની દૃષ્ટિએ વસતિ ઓછી અને તેને કારણે પાયાની સુવિધાઓના અભાવને લઈને ઉંડાણના ગામના જેવી જ મર્યાદાઓ અને સમસ્યાઓનો સામનો કરવો પડે છે. તેમ છતાં આ અભ્યાસમાં આવરી લીધેલ દાહોદ તાલુકાના ઈટાવા ગામની સરખામણીમાં ઝાલોદ તાલુકા-નું આ મધાનીસર ગામ ઘણી બાબતોમાં અલગ પડે છે. આ ગામની સ્થિતિ એકંદરે સારી ગણાવી શકાય તેવી છે.

સ્થાન :-

મધાનીસર ગામ ઝાલોદ-કુશલગઢ-કંકાશીયા માર્ગ ઉપર તાલુકા-મથક ઝાલોદથી ૧૧ કિ.મી. દૂર અંદરના ભાગમાં આવેલું છે. આ માર્ગ પાકો હોવાથી બારમાસી વાહનવ્યવહાર માટે ઉપયોગી રહે છે.

મધાનીસર આવવા માટે દિવસ દરમિયાન ૮ બસસેવા તાલુકા મથક ઝાલોદથી મળી રહે છે. આ સિવાય ઝાલોદ-મહુડી-કંકાસીયા વચ્ચે જીપસેવા દિવસ દરમિયાન ઉપલબ્ધ રહેતી હોવાથી ઝાલોદ આવવા- જવા માટે વાહનવ્યવહારનો ગંભીર પ્રશ્ન નથી. અગાઉ જણાવ્યા મુજબ આ ગામથી ૫ કિ.મી. દૂર આવેલ કંકાશીયા ગામ પછી રાજસ્થાન-ની હદ ચાલુ થાય છે.

વસતિ :-

મધાનીસર ગામમાં '૮૯ની તપાસ પહેલાં પ્રથમ '૬૯માં અને ત્યારબાદ '૭૯માં તપાસ કરવામાં આવી હતી.

'૬૯ની તપાસ સમયે ગામમાંથી કુલ ૫૯ કુટુંબો પસંદ કરવામાં આવ્યાં હતાં. આ તમામ કુટુંબો ભીલજાતિના હતા. એ નોંધવું ઉપયોગી થઈ પડશે કે આ વિસ્તારમાં એટલે કે આસપાસના ગામો સહિતમાં લગભગ સંપૂર્ણ ભીલ જાતિની વસતિવાળાં ગામો છે. '૬૯ના વર્ષમાં તપાસેલ ૫૯ કુટુંબોની કુલ વસતિ ૩૩૫ની હતી જેમાં ૧૭૪ સ્ત્રીઓ અને ૧૬૧ પુરુષોનો સમાવેશ થતો હતો.

'૭૯ની તપાસમાં અગાઉના ૫૯ કુટુંબોમાંના ૧૦ કુટુંબના વડા મરણ પામ્યા હતા. ૧૩ કુટુંબો મજૂરી કરવા માટે સ્થળાંતર કરી ગયા હતા. જ્યારે ૨ કુટુંબો ગામ છોડી જતા રહયા હતા. આમ ૩૪ કુટુંબોની તપાસ કરવામાં આવી હતી.

'૮૯ની તપાસમાં અગાઉ તપાસેલ કુટુંબના ૯ કુટુંબના વડાઓ અવસાન પામ્યા હોવાથી ૨૫ કુટુંબોની તપાસ કરવામાં આવી હતી. આ તપાસ સમયે તપાસેલ કુટુંબોની કુલ વસતિ ૧૪૩ની હતી. જેમાં ૭૧ પુરુષો અને ૭૨ સ્ત્રીઓનો સમાવેશ થાય છે.

૧૯૮૧ની વસતિ ગણતરી મુજબ ગામની કુલ વસતિ ૧૪૮૨ની નોંધાઈ હતી જેમાં ૬૯૮ પુરુષો અને ૭૩૦ સ્ત્રીઓનો સમાવેશ થતો હતો. શરૂઆતમાં જોયા મુજબ આ ગામમાં સંપૂર્ણ ભીલ જાતિની વસતિ હતી. ભીલ જાતિની પેટા જાતિઓમાં ડામોર, ડીંડોડ, મસાદ, અસ, કીસોરી, ગરાસીયા, કટારા, દામા, ગામા, કામોડ જાતિઓના કુટુંબો વસવાટ કરતા હતા.

<u>કુટુંબનું કદ</u> :-

'૬૯ની તપાસ સમયે ૧ થી ૩ સભ્યો ધરાવતા ૧૭.૬૫ ટકા કુટુંબો હતા જેમાં '૭૯ની તપાસમાં ૫૦ ટકાથી વધુ ઘટાડો થયો જ્યારે '૮૯ની તપાસમાં અગાઉની તપાસની સ્થિતિમાં સુધારો નોંધાયો હતો.

૪ થી ૬ સભ્યો ધરાવતા મધ્યમ પ્રકારના કુટુંબમાં ત્રણે તપાસમાં ટકાવારીની દૃષ્ટિએ નોંધપાત્ર ફેરફાર નોંધાયો નથી.

૧૦ સભ્યો સુધીના મોટા કુટુંબની બાબતમાં પ્રથમ બે તપાસમાં સ્થિતિ એકસરખી રહી હતી જ્યારે '૮૯ની તપાસમાં તેમાં ૩.૭૭ % ઘટાડો નોંધાયો હતો.

જ્યારે ૧૦ કરતાં વધુ એવા બહુ મોટા કુટુંબની સંખ્યામાં પ્રથમ તપાસ સમયે માત્ર ૨.૯૪ ટકા કુટુંબો નોંધાયા હતા જે '૭૯ તપાસમાં વધીને ૧૧.૭૭ ટકા થયા હતા. ફરીથી '૮૯ની તપાસમાં તેમાં ઘટાડો થઇને ૮ ટકા નોંધાયા હતા. આમ '૮૯ની તપાસમાં નાના અને મોટા કુટુંબની સ્થિતિમાં વધારો નોંધાયો છે.

કુટુંબના સભ્યોનું વયજૂથ મુજબ વર્ગીકરણ :-

આ ગામની સૌ પ્રથમ તપાસ એટલે કે ૧૯૬૯ના વર્ષમાં ૬ વર્ષથી નીચેની વયના ૫૫, ૬ થી ૧૫ વર્ષની વયમાં ૯૪, ૧૬ થી ૩૫ વર્ષની વયમાં ૧૦૬, ૩૬ થી ૫૦ વર્ષની વયમાં ૫૭ અને ૫૦ વર્ષથી ઉપરની વયમાં ૨૩ વ્યક્તિઓનો સમાવેશ થતો હતો. જેની સામે ૧૯૮૯ની તપાસ સમયે તપાસેલ ૨૫ કુટુંબોના ૧૪૩ સભ્યોમાં ૬ વર્ષ સુધીના વય-જૂથમાં ૩૬ સભ્યો એટલે કે ૨૫.૧૭ ટકા, ૭ થી ૧૪ સુધીના ફરજિયાત શિક્ષણમાં આવે તેવી ૧૮ સભ્યો એટલે કે ૧૨.૫૪ ટકા, ૧૫ થી ૨૫ વયજૂથ જે ગૌણ અને મુખ્ય ધંધામાં જોડાયેલા હોય તેવા ૩૩ સભ્યો એટલે કે ૨૩.૭૮ ટકા, ૨૬ થી ૬૦ વયજૂથ જે જે દરમિયાન વ્યક્તિ પોતાના જીવનનો મહત્તમ સમય વાપરીને લગભગ નિવૃત્તિની સ્થિતિમાં મુકાય છે એવા ૪૮ સભ્યો એટલે કે ૩૩.૫૭ ટકા અને જે ૬૦ વર્ષથી વધુ વયજૂથ જેઓ શારીરિક રીતે અશક્ત છે, આર્થિક પ્રવૃત્તિઓ કરવા શક્તિમાન નથી તેવા ૮ સભ્યો એટલે કે ૫.૫૯ ટકાનો સમાવેશ થાય છે. આર્થિક પ્રવૃત્તિ કરી શકે એવા વયજૂથમાં ટકાવારી ઊંચી છે જે આશાસ્પદ બાબત છે.

## કોઠા નં.- ૩૩

### કુટુંબના કદ મુજબ કુટુંબોની વહેંચણી

| કુટુંબનું કદ | ૧૯૬૯ | ૧૯૭૯ | ૧૯૮૯ |
|---|---|---|---|
| ૧ થી ૩ સભ્યો | ૬ (૧૭.૬૫) | ૩ (૮.૮૨) | ૩ (૧૨.૦) |
| ૪ થી ૬ સભ્યો | ૧૮ (૫૨.૯૪) | ૧૮ (૫૨.૯૪) | ૧૩ (૫૨.૦) |
| ૭ થી ૯ સભ્યો | ૯ (૨૬.૪૭) | ૯ (૨૬.૪૭) | ૭ (૨૮.૦) |
| ૧૦થી વધુ સભ્યો | ૧ (૨.૯૪) | ૪ (૧૧૭૭) | ૨ (૮.૦ |
| કુલ | ૩૪ (૧૦૦.૦૦) | ૩૪ (૧૦૦.૦૦) | ૨૫ (૧૦૦.૦૦) |

## કોઠા નં. -૩૪

### કુટુંબના સભ્યોનું વયજૂથ મુજબ વર્ગીકરણ

| ક્રમ | વયજૂથ | પુરુષો | સ્ત્રી | કુલ | ટકા |
|---|---|---|---|---|---|
| ૧. | ૦ થી ૬ | ૧૮ | ૧૮ | ૩૬ | ૨૫.૧૭ |
| ૨. | ૭ થી ૧૪ | ૬ | ૧૨ | ૧૮ | ૧૨.૫૯ |
| ૩. | ૧૫થી ૨૫ | ૧૪ | ૧૯ | ૩૩ | ૨૩.૦૮ |
| ૪. | ૨૬ થી ૬૦ | ૨૬ | ૨૨ | ૪૮ | ૩૩.૫૭ |
| ૫. | ૬૦ થી વધુ | ૬ | ૨ | ૮ | ૫.૫૯ |
| | | ૭૦ | ૭૩ | ૧૪૩ | ૧૦૦.૦૦ |

<u>વૈવાહિક દરજ્જો</u> :-

૧૯૮૯ની તપાસ વખતે આવરી લીધેલ કુટુંબોના સભ્યોનો વૈવાહિક દરજ્જો તપાસતાં ૬૬ સભ્યો જેમાં ૩૮ પુરુષો અને ૩૮ સ્ત્રીઓ પરિણિત હતા જ્યારે ૬૨ વ્યક્તિઓ જેમાં ૨૮ પુરુષો અને ૩૪ સ્ત્રીઓ અપરિણિત હતા. છૂટાછેડા થયેલા હોય એવા એક પણ સભ્યો નોંધાયા નહોતા. એજ પ્રમાણે આ તપાસમાં વિધવાનો પણ સમાવેશ થતો નહોતો જ્યારે ૫ સભ્યો વિધુર હતા.

ક્ષેત્રકાર્ય દરમિયાન માહિતીદાતાઓ સાથેની વાતચિત દ્વારા જાણવા મળ્યું હતું કે આ વિસ્તારમાં બહુપત્નીત્વની પ્રથાનું અસ્તિત્વ છે. અલબત્ત ઈટાવા ગામની તપાસમાં કુટુંબમાં બહુપત્નીત્વનો કિસ્સો નોંધાયો હતો. વધુમાં ખૂબ નાની ઉંમરમાં લગ્ન કરવાની પ્રથા પણ અકબંધ જળવાઈ રહી છે. અલબત્ત માધ્યમિક પછીનું શિક્ષણ મેળવતા હોય તેવા સભ્યોમાં લગ્ન લગભગ પુખ્ત ઉંમરે થતું હોય એવું જોવા મળ્યું હતું. એ નોંધવું રસપ્રદ રહેશે કે આ વિસ્તારમાં કન્યાવિક્રયની પ્રથા ચાલુ છે એટલે કન્યા મેળવવા માટે પુરુષ પક્ષે દહેજ આપવું પડે છે. આ દહેજની રકમ તો અન્ય વિકસિત વિસ્તારોમાં રહેતા ઉચ્ચ જ્ઞાતિના ગણાતા જૂથોમાં ચાલતા દહેજ કરતાં વધુ ઉંચી જોવા મળે છે. આ માહિતી મુજબ નિરક્ષર કન્યા માટે રૂા. ૧૦,૦૦૦ સુધીનું દહેજ આપવું પડે જ્યારે પી.ટી.સી. કે બી.એડ થયેલ શિક્ષિકા, નર્સ જેવી વ્યવસાયિક તાલીમ મેળવેલ અને નોકરી કરતી કન્યાઓ માટે તો રૂા. ૩૫,૦૦૦થી વધુ રકમનું દહેજ આપવું પડે. આવી પરિસ્થિતિમાં પણ પુખ્ત ઉંમર થતાં સુધીમાં તો લગ્ન ગોઠવાઈ જતાં હોય છે એ નોંધપાત્ર બાબત છે.

## કોઠા નં. - ૩૫

### વૈવાહિક દરજ્જા પ્રમાણે વસતિનું વર્ગીકરણ

| ક્રમ | વૈવાહિક દરજ્જો | ૧૯૬૯ | | | ૧૯૭૯ | | | ૧૯૮૯ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ |
| ૧. | પરણિત | ૩૭ | ૩૭ | ૭૪ | ૫૨ | ૫૩ | ૧૦૫ | ૩૮ | ૩૮ | ૬૬ |
| ૨. | અપરણિત | ૫૫ | ૪૯ | ૧૦૪ | ૫૭ | ૫૭ | ૧૧૪ | ૨૮ | ૩૪ | ૬૨ |
| ૩. | છૂટાછેડા | - | - | - | - | - | - | - | - | - |
| ૪. | વિધવા | - | ૪ | ૪ | ૬ | - | ૬ | - | - | - |
| ૫. | વિધુર | - | - | - | - | - | - | ૫ | - | ૫ |
| | કુલ | ૯૨ | ૯૦ | ૧૮૨ | ૧૧૫ | ૧૧૦ | ૨૨૫ | ૭૧ | ૭૨ | ૧૪૩ |

શિક્ષણ :-

તપાસેલ કુટુંબોમાં શિક્ષિત સભ્યોની ૧૯૬૯, '૭૯ અને '૮૯ની તપાસની તુલનાત્મક સ્થિતિ તપાસીએ તો શિક્ષિત સભ્યોની ટકાવારીમાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે. જે આશાસ્પદ ચિહ્ન છે. ૧૯૬૯થી '૭૯ વચ્ચે જે ટકાવારીમાં વધારો થયો હતો તેની સરખામણીમાં '૭૯ થી '૮૯ની તપાસમાં આ વધારો ખૂબ જ સાધારણ ગણાવી શકાય.

૧૯૬૯, '૭૯ અને '૮૯ની તપાસમાં નિરક્ષર કે અભણ સભ્યોની ટકાવારી અનુક્રમે ૮૫.૭૧ ટકા, ૬૪.૪૫ ટકા અને ૪૪.૪૪ ટકા નોંધાયું હતું. આમ નિરક્ષરતામાં ઘટાડાનું વલણ જોવા મળે છે.

કોઠા નં.- ૩૬

તપાસેલ કુટુંબોમાં શિક્ષણનું પ્રમાણ

(મધાનીસર)

| ક્રમ | વિગત | ૧૯૬૯ | ૧૯૭૯ | ૧૯૮૯ |
|---|---|---|---|---|
| ૧. | શિક્ષિત | ૯<br>૪.૮૫ | ૫૦<br>૨૨.૨૨ | ૪૪<br>૩૦.૫૬ |
| ૨. | અભણ | ૧૫૬<br>૫.૭૧ | ૧૪૫<br>૬૪.૪૫ | ૬૪<br>૪૪.૪૪ |
| ૩. | ૬ વર્ષથી નીચેના | ૧૭<br>૯.૩૪ | ૩૦<br>૧૩.૩૩ | ૩૬<br>૨૫.૦૦ |
| | કુલ | ૧૮૨<br>૧૦૦.૦૦ | ૨૨૫<br>૧૦૦.૦૦ | ૧૪૪<br>૧૦૦.૦૦ |
| | | ૪.૯૪ | ૨.૨૨ | ૩૦.૫૫ |

<u>કમાનાર સભ્યો</u> :-

૧૯૬૬-'૭૯ અને '૮૯ની તપાસમાં કમાનાર સભ્યોની ટકાવારી તરફ દૃષ્ટિપાત કરતાં શિક્ષણના જેવી વિસંગતતાઓ જોવા મળે છે. ૧૯૬૬ની તપાસ સમયે તપાસેલ કુટુંબોના ૪૫.૬૦ ટકા વ્યક્તિઓ જેમાં ૫૦ ટકા પુરુષો અને ૪૧.૧૧ ટકા સ્ત્રીઓ કમાનાર સભ્યો હતા જે ૧૯૭૯ની તપાસમાં વધીને ૬૩.૧૧ ટકા થયા હતા. જે અગાઉની તપાસ કરતાં લગભગ ૧૭.૫૦ ટકા હતો જેમાં ૬૬.૦૯ ટકા પુરુષો અને ૬૦ ટકા સ્ત્રીઓનો સમાવેશ થતો હતો. ૧૯૮૯ની તપાસ સમયે કામ કરનાર સભ્યો-ની ટકાવારી ૪૯.૬૫ ટકા નોંધાયું હતું જે '૬૬ની તપાસ કરતાં ૪ ટકા વધુ હતું જ્યારે '૭૯ની તપાસ કરતાં લગભગ ૧૪.૫૦ ટકા ઓછું નોંધાવા પામ્યું હતું. '૭૯ની તપાસમાં કમાનાર પુરુષ અને સ્ત્રી સભ્યની ટકાવારી જોતાં અનુક્રમે ૧૦.૨૦ ટકા અને ૧૬.૯૫ ટકાના પ્રમાણમાં આ ઘટાડો હતો.

<u>કોઠા નં.- ૩૭</u>

<u>કુટુંબના સભ્યોમાં કમાનાર સભ્યો</u>

| ક્રમ | વિગત | ૧૯૬૬ | | | ૧૯૭૯ | | | ૧૯૮૯ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરુષો | સ્ત્રી | કુલ | પુરુષો | સ્ત્રી | કુલ | પુરુષો | સ્ત્રી | કુલ |
| ૧. | કુલ વસતિ | ૯૨ | ૯૦ | ૧૮૨ | ૧૧૫ | ૧૧૦ | ૨૨૫ | ૭૧ | ૭૨ | ૧૪૩ |
| ૨. | કમાનારસભ્યો | ૪૬ | ૩૭ | ૮૩ | ૭૬ | ૬૬ | ૧૪૨ | ૪૦ | ૩૧ | ૭૧ |
| | | ૫૦.૦ | ૪૧.૧૧ | ૪૫.૬૦ | ૬૬.૦૯ | ૬૦.૦ | ૬૩.૧૧ | ૫૬.૩૮ | ૪૩.૦૫ | ૪૯.૬૫ |

# આર્થિક- જીવન

## ખેતી અને સિંચાઈ :-

મેઘાનીસર ગામમાં મુખ્ય આર્થિક પ્રવૃત્તિ ખેતી છે. ગામમાં લગભગ તમામ કુટુંબોને થોડીઘણી ખેતીની જમીન છે. આ ગામની જમીન એકંદરે ખેતીલાયક એટલે કે સારી ઉપજ આપે તેવી છે. ખેતીની જમીનને મુખ્ય બે પ્રકારમાં સિંચાઈની સગવડ મુજબ વહેંચી શકાય. પ્ર પ્રથમ પ્રકારમાં જમીન એકંદરે ઓછા ખાડાટેકરાવાળી અને પથ્થરનું પ્રમાણ લગભગ નહિવત પરંતુ સિંચાઈની સગવડ ન હોવાથી અને સિંચાઈની સગવડનો લાભ મેળવી શકાય એવી સ્થિતિમાં ન હોવાથી માત્ર ચોમાસાના વરસાદ ઉપર આધાર રાખવો પડે છે તેથી આ ખેડૂતોની ખેતી આકાશી ખેતી છે.

ગામના મધ્યભાગમાં કોતર આવેલુંછે જેમાં પાણીનો જથ્થો સારા પ્રમાણમાં સંગ્રહાયેલો રહે છે. તેને કારણે કોતરની આસપાસ કે નજીકમાં આવતા ખાતેદારો પોતાના ઓઈલ એન્જિન ધ્વારા અથવા તો ભાડાના ઓઈલ એન્જિન ધ્વારા કોતરનું પાણી લીફ્ટ ઈરીગેશન પધ્ધતિ ધ્વારા પોતાના ખેતરમાં મેળવે છે. આ પાણીની સગવડ જે જે ખાતેદારોને મળે છે તેમની ખેતી ઘણી સમૃધ્ધ હોય છે. તેઓ વર્ષ દરમિયાન અનુકૂળતા મુજબ એક કરતાં વધુ પાક લે છે. કેટલાક ખેડૂતોએ પોતાના ખેતરોમાં ક્યારીઓ બનાવી રીંગણ, મરચાં વગેરે શાકભાજી ઉગાડે છે. ગામમાં ઉંચાણવાળાં વિસ્તારમાં ઉભા રહી કોતરની આસપાસના લીલાછમ ખેતરો જોતાં મન પુલકી ઉઠે છે. અને જો આ વિસ્તારમાં સિંચાઈની સગવડ ઉભી થાય તો આ આદિવાસી ખેડૂતો કેવી સમૃધ્ધ ખેતી કરવાની કાર્યક્ષમતા ધરાવે છે. તેનો તાદૃશ નમૂનો જોઈને ખરેખર હરખ થાય છે. ગામની નજીક-માં મોટું તળાવ પણ છે જેના પાણીનો પણ ઉપયોગ કરવામાં આવેછે. જે ખેડૂતો કોતર કે તળાવના પાણીનો લાભ મેળવી શકતા નથી.

તેઓમાંના ઘણા સાહસિકોએ પોતાના ખેતરમાં કાચા કે પાકા કૂવાઓ કર્યા છે. વળી આ ગામને સિંચાઈ માટેની વિજળીની સગવડતા મળી હોવાથી આર્થિક રીતે પગભર ખેડૂતોએ ઈલેકટ્રીક મોટર વસાવી છે. તેઓ પોતાના માટે અને આસપાસના ખેડૂતોને મોટર ધ્વારા સિંચાઈનો લાભ આપી આવક મેળવે છે. જેનાથી પાસેના નબળા ખાતેદારને પણ આર્થિક લાભ થાય છે. આમ મધાનીસર ગામમાં ખેતી એ મહત્વની આર્થિક પ્રવૃત્તિ છે જે ધ્વારા તેમની આવકમાં પણ વધારો થાય છે.

ખેતીના વિકાસની ચર્ચામાં સહકારી મંડળીના ફાળાની નોંધ લેવાઈ હતી. મધાનીસર ગામ શંકરપુરા સેવા સહકારી મંડળીના કાર્યક્ષેત્રમાં આવે છે. મંડળી ધ્વારા ખાતેદારોને જમીનના કદના પ્રમાણમાં મકાઈ, મગ, અડદ, તુવર વગેરેના કીટસ આપવામાં આવે છે. આ ઉપરાંત રોકડ ધિરાણ, રાસાયણિક ખાતર આપવામાં આવે છે. આ મદદને કારણે ખેતીમાં લાભ થાય છે. આ ઉપરાંત મંડળી ધ્વારા ગામની નજીક (મહુડી)માં સસ્તા અનાજની દુકાન ચલાવવામાં આવે છે. જોકે દુકાનની કાર્યપધ્ધતિ, અપૂરતો પૂરવઠો, નિયમિત દુકાન ન ચાલવી જેવી ફરિયાદો હતી

કોઠા નં.- ૭૭

તપાસના કુટુંબોમાં વૃક્ષો

| ગામ | મહુડા | આંબા | બોરડી | નીલગીરી | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|
| મધાનીસર | ૨૦ | ૪૩ | ૨૩ | ૧૦૦૦ | ૨૨ | |

મધાનીસર ગામની ખેતીમાં મકાઈ, ડાંગર, તુવર, અડદ મગફળી, કૂરી, બંટી, ઘઉં, ચણા વગેરે પાક થાય છે. તેમજ ક્યારીમાં રીંગણ, ગવાર, મરચાં જેવા શાકભાજી ઉછેરવામાં આવે છે.

ખેતીમાં તેમજ ક્યામતના ભાગ તરીકે વૃક્ષો પણ અગત્યની ક્યામત છે. આ વિસ્તારમાં જંગલો નામશેષ થઈ ગયાં છે. ખેડૂતો પોતાના ખેતરના શેઢે, રહેઠાણની આસપાસની થોડીઘણી જમીનમાં જુદાં જુદાં વૃક્ષો ઉછેરે છે. આ વૃક્ષો બે પ્રકારના એટલે કે ફળાઉ અને બિનફળાઉ હોય છે. ફળાઉ વૃક્ષોમાં આંબા, બોરડી, મહુડા બિનફળાઉ વૃક્ષોમાં પંચરાવ, નીલગીરી, વાંસ વગેરે ગણાવી શકાય. વધુમાં એ નોંધવું ઉપયોગી રહેશે કે મધાનીસર ગામમાં ત્રણ ખેડૂતોએ પોતાના ખેતરમાં નીલગીરીની ખેતી કરી હતી. તેમના અભિપ્રાય મુજબ નીલગીરીની ખેતી ફાયદાકારક છે. આ સિવાય ક્ષેત્રકાર્ય દરમિયાન ૩-૪ ખેડૂતોએ પોતાના ખેતરમાં વાંસ ઉગાડતા હતા. તેમણે વાંસ બાબત એવું જણાવ્યું હતું કે વાંસ કાપીને વેચતાં તેમને સારી આવક મળતી હોયછતો ૫-૬ કે અનુકૂળતા મુજબ વધુ વાંસ ઉછેરવામાં આવે તો તેનાથી સારી આવક મેળવી શકાય. તેથી જો ખેડૂતોને નીલગીરીની ખેતીની જેમ વાંસની ખેતી માટે અથવા તો મોટી સંખ્યામાં વાંસ ઉછેરવા માટે પ્રોત્સાહન જરૂરી સહાય આપવામાં આવે તો આ ખેડૂતોને રોકડ આવક મેળવવામાં મદદરૂપ થાય. અને વાંસની તંગીમાં સાધારણ ઘટાડો થાય.

<u>પશુધન</u> :-

આદિવાસી કુટુંબોની ક્યામતોમાં પશુધન મહત્વનાં છે. ઈટાવા ગામની ચર્ચામાં પણ નોંધ્યું છે તે મુજબ સપાટ વિસ્તારના લોકોની જેમ (ડુંગરાળ વિસ્તારના) આદિવાસી કુટુંબો માટે પશુપાલન એ આવક મેળવવાનું મહત્વનું સાધન નથી. ખાસ કરીને દૂધાળા પશુના દૂધની આવક નું પશુધન ગાયોનું પ્રમાણ વિશેષ જોવા મળે છે. તેનું કારણ

એ છે કે ગાયના વાછરડા જે ભવિષ્યમાં બળદ દ્વારા ખેતીના કામમાં ઉપયોગી બની શકે. કારણ આ વિસ્તારમાં ખેડવાનું કામ હળ-બળદ દ્વારા જ કરવામાં આવે છે. વળી ગાયોની માવજત કરવાનું પ્રમાણમાં સહેલું છે. ગાયો વગડામાં ફરીને દિવસ પુરતું પોષણ મેળવી લે. હવે અન્ય વિસ્તારની જેમ ભેંસ પાળવાનું આકર્ષણ વધતું જાય છે. જોકે ભેંસની માવજત પાછળ ખાસ ધ્યાન આપવું પડે તેમજ ખોરાક પૂરો પાડવાની જોગવાઈ કરવી પડે.

આદિવાસી કુટુંબો બકરાં પાળવાનું પણ ખાસ પસંદ કરે છે. આ માટે તેઓનાં માંસાહારી સ્વભાવ અને બલિદાન માટે બકરાં મળે એ હોવાનું લાગે છે. આ સિવાય એવું પણ લાગે છે કે ગાય અને ભેંસની સરખામણીમાં બકરાંની લગભગ નહીંવત માવજત કરવાની રહે છે. વળી આર્થિક ભીંસના સમયમાં બકરું વેચીને (આર્થિક ભીંસમાંથી) બહાર નીકળવાનો માર્ગ મેળવવાની પણ ગણતરી હોય છે.

મરઘાં ઉછેર માટે પણ માંસાહાર અને મુશ્કેલીના સમયે મરઘાં વેચીને માર્ગ કાઢવાનું વલણ જોવા મળે છે.

કોઠા નં.- ૩૯

તપાસેલ કુટુંબોમાં પશુધન

| પશુ | ૧૯૬૯ કુટુંબ સંખ્યા | ૧૯૬૯ પશુસંખ્યા | ૧૯૭૯ કુટુંબ સંખ્યા | ૧૯૭૯ પશુસંખ્યા | ૧૯૮૯ કુટુંબસંખ્યા | ૧૯૮૯ પશુસંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ગાય | ૩૪ | ૪૭(૭૨.૩૪) | ૩૪ | ૪૬(૭૩.૯૧) | ૨૫ | ૨૭(૯૨.૫૯) |
| ભેંસ | ૩૪ | ૧૩(૩૮.૨૩) | ૩૪ | ૧૨(૩૫.૨૯) | ૨૫ | ૧૩(૫૨.૦) |
| બકરાંઘેટાં | ૩૪ | ૫૦(૬૮.૦) | ૩૪ | ૫૬(૬૪.૭૦) | ૨૫ | ૭૮ |
| બળદ | ૩૪ | ૬૯ | ૩૪ | ૬૭ | ૨૫ | ૪૮ |
| વાછરડા | ૩૪ | ૪૧ | ૩૪ | ૪૯ | ૨૧ | ૩ |
| વાછરડી | | | | | ૨૫ | ૭ |
| મરઘાં | ૩૪ | ૮૨ | ૩૪ | ૧૧૨ | ૨૫ | ૧૫૫ |
| અન્ય | | | ૩૪ | ૨ | | |
| કુલ | ૩૪ | ૩૦૨ | ૩૪ | ૩૪૪ | | ૩૩૧ |

કોઠામાં બતાવેલી ટકાવારી જોતાં કુટુંબદીઠ પશુની ટકાવારીમાં ઉત્તરોત્તર ઘટાડો નોંધાવા પામ્યો છે. પરંતુ ગાય અને ભેંસના સંદર્ભમાં સ્થિતિ તપાસીએ તો '૮૯ની સ્થિતિ-માં સુધારો જોવા મળે છે.

<u>ઘરવખરીનાં સાધનો</u> :-

આદિવાસી પ્રજા સ્વભાવે ખૂબ સાદું જીવન જીવવામાં માનતી હોઈ પોતાની જીવનજરૂરિયાતો ઓછા પ્રમાણમાં રાખે છે. મધાનીસર ગામ સહિત આ વિસ્તારના ભીલ કુટુંબો પોતાની ઘરવખરીમાં દૈનિક ઉપયોગી અને અવારનવાર ઉપયોગમાં આવે તે જરૂરિયાતવાળી વસ્તુઓ રાખે છે. કેટલીકવાર તેમની આર્થિક સ્થિતિ પણ ઘરવખરીમાં વધારો થતો અટકાવે છે. તેમ છતાં તેમની આ માન્યતામાં ભારે પરિવર્તન આવી રહેલું સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. તે માટેનાં જુદાં જુદાં કારણોમાં તો સૌ પ્રથમ ગામમાં રહીને ખેતી કરીને તેમજ શહેરમાં રહીને મજૂરી દ્વારા મેળવાતી રોકડ આવકમાં વધારો થયો છે. વળી શહેર સાથેનો સંપર્ક વધતા ત્યાંની પરિસ્થિતિનું અનુકરણ કરવાનું વલણ દાહોદ, ઝાલોદ, ગોધરા જેવા નાનાં શહેરો સુધીનો ઘનિષ્ટ સંબંધ, શિક્ષણ દ્વારા જાગૃતિ, જેવા કારણોને લઈને ઘણી વસ્તુઓ નામશેષ થઈ ગઈ છે તેની સાથે બીજી ઘરવખરીએ પ્રવેશ કર્યો છે. હવે શિકારનાં સાધનો, ઘંટી વગેરે જેવાં સાધનો ધીમે ધીમે ઓછાં થઈ રહ્યાં છે તે સામે સ્ટીલ, પિત્તળ જેવી ધાતુનાં જુદાં જુદાં વાસણો, રેડિયો જેવાં મનોરંજનના સાધન, સાયકલ જેવું જરૂરિયાતનું સાધન, શોખ માટે ઘડિયાળ, રક્ષણ માટે બેટરી વગેરે જેવાં અનેક સાધનો ગણાવી શકાય.

## કોઠા નં.- ૪૦

### તપાસેલ કુટુંબોમાં ઘરવખરીનાં સાધનો

| ક્રમ | વિગત | ૧૯૬૯ કુટુંબ સંખ્યા | ૧૯૬૯ વસ્તુ સંખ્યા | ૧૯૭૯ કુટુંબ સંખ્યા | ૧૯૭૯ વસ્તુ સંખ્યા | ૧૯૮૯ કુટુંબસંખ્યા | ૧૯૮૯ વસ્તુ સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | વાસણો | | | | | ૨૫ | ૪૪ |
| | તાંબાના | ૩૪ | ૨૬ | ૩૪ | ૬૦ | ૨૫ | ૪૭ |
| | એલ્યુમિનિયમ | ૩૪ | ૨૦ | ૩૪ | ૨૧ | ૨૫ | ૨૭૪ |
| | પિત્તળનાં | ૩૪ | ૧૧૬ | ૩૪ | ૩૮ | ૨૫ | ૬૫ |
| | સ્ટીલનાં | | | | | ૨૫ | ૬૮ |
| | માટીનાં | ૩૪ | ૧૦૮ | ૩૪ | ૨૨૨ | ૨૫ | ૧૪૯ |
| | અન્ય | - | - | - | - | ૨૫ | - |
| ૨. | ફર્નિચર ખાટલા | ૩૪ | ૧૨૪ | ૩૪ | ૧૧૮ | ૨૫ | ૪૯ |
| | ખુરશીટેબલ | ૩૪ | ૧ | ૩૪ | ૫ | ૨૫ | ૨ |
| ૩. | સાયકલ | - | - | - | - | ૨૫ | ૧૪ |
| ૪. | ઘડિયાળ | - | - | - | - | ૨૫ | ૨૭ |
| ૫. | રેડિયો | - | - | - | - | ૨૫ | ૧૩ |
| ૬. | માછલાં પકડવાનીજાળ | - | - | - | - | ૨૫ | ૨૭ |
| ૭. | શિકારનાં સાધનો | - | - | - | - | ૨૫ | ૩૨ |
| ૮. | વાજિંત્રો | - | - | - | - | ૨૫ | ૨૯ |
| ૯. | ફાનસ-ચીમની | ૩૪ | ૪૯ | ૩૪ | ૪૩ | ૨૫ | ૨૯ |
| ૧૦. | ટોપલા | ૩૪ | ૧૫૩ | ૩૪ | ૧૩૩ | ૨૫ | ૮૯ |
| ૧૧. | ઘંટી | ૩૪ | ૪૬ | ૩૪ | ૩૪ | ૨૫ | ૨૨ |
| ૧૨. | પેટી | - | - | - | - | ૨૫ | ૨૬ |

## કોઠા નં.- ૪૧ અ

### તપાસેલ કુટુંબોમાં અસ્કયામતો (રૂપિયામાં- ૧૯૮૯)

| ગામ | મકાન | વૃક્ષો | પશુધન | ખેતીનાં સાધનો | વાસણો | ઘરવખરી | ઘરેણાં | કુલ | કુટુંબદીઠ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| મધાનીસર | ૧૧૭૦૦૦ | ૬૫૪૫૦ | ૧૬૨૦૦૦ | ૧૨૩૦૭૫ | ૧૨૯૭૦ | ૪૩૮૨૦ | ૬૬૨૦૦ | ૫૯૦૫૧૫ | ૨૩૬૨૦ |

કોઠો : ૪૨-બ.

જમીનના કદ પ્રમાણે સાધનવાર આવક

| ક્રમ | જમીનનું કદ | કુટુંબની સંખ્યા | ખેતીની આવક | મજૂરીની આવક | વન્યપેદાશની આવક | નોકરીની આવક | કુલ આવક | કુટુંબદીઠ આવક |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | જમીન વિહોણા | ૧ | ૪૫૦ | ૩૦૦૦ | ૧૦૦ | - | ૩૫૫૦ | ૩૫૫૦ |
| ૨. | ૦૦.૦૧ થી ૫.૦૦ | ૨૦ | ૫૪૬૨ | ૪૮૨૯૦ | ૨૯૦૦ | ૬૪૦૦ | ૬૬૦૫૩ | ૩૩૦૨.૬ |
| ૩. | ૫.૦૧ થી ૧૦.૦૦ | ૨ | ૮૪૦૦ | ૨૦૦૦ | ૧૨૦૦ | - | ૧૧૬૦૦ | ૫૮૦૦ |
| ૪. | ૧૦.૦૧ થી વધુ | ૨ | ૭૭૪૦ | - | ૨૦૦ | - | ૭૯૪૦ | ૩૮૭૦ |
| | કુલ | ૨૫ | ૨૨૦૫૨ | ૫૩૨૬૦ | ૪૪૦૦ | ૬૪૦૦ | ૮૯૧૪૨ | ૩૫૬૫.૬૮ |
| | કુટુંબદીઠ | | ૮૮૨.૦૮ | ૨૧૩૧.૬ | ૧૭૬.૦ | ૧૮૮૦.૦ | ૩૫૬૫.૬૮ | |
| | | | | | | વ્યક્તિદીઠ ૬૨૩૩૭ | | |

કોઠા નં.- ૪૨

તપાસેલ કુટુંબોની વાર્ષિક આવક

| આવક સ્ત્રોત | ૧૯૬૯ | ૧૯૭૯ | ૧૯૮૯ |
|---|---|---|---|
| ખેતી અને પશુપાલન | ૪૭૦૪૯<br>(૯૨.૭૫) | ૩૨૮૮૦<br>(૪૦.૧૮) | ૩૮૭૮૦<br>(૨૬.૮૦) |
| વન્યપેદાશ | - | - | ૪૧૨૦૦<br>(૨૮.૪૮) |
| મજૂરી | ૨૫૦<br>(૦.૪૯) | ૩૬૦૩૦<br>(૪૪.૦૨) | ૫૫૨૯૦<br>(૩૮.૨૨) |
| નોકરી | ૩૦૬૩<br>(૬.૦૪) | ૧૦૬૮૦<br>(૧૩.૦૫) | ૯૪૦૦<br>(૬.૫૦) |
| કુલ | ૫૦૭૨૭ | ૮૧૮૪૦ | ૧૪૪૬૭૦ |
| કુટુંબદીઠ | ૧૪૯૧.૯૭ | ૨૪૦૭.૦૬ | ૫૭૮૬.૮૦ |
| વ્યક્તિદીઠ | ૨૭૮.૭૨ | ૩૬૩.૭૩ | ૧૦૧૧.૬૮ |

આવક :-

મધાનીસર ગામના કુટુંબોની આર્થિક સ્થિતિમાં સુધારો થયાનું અગાઉ નોંધ્યું છે. તેમજ તેમની જુદી જુદી અસ્કયામતોની ચર્ચા ધ્વારા પણ આ બાબત સ્પષ્ટ રીતે જોઈ શકાય છે કે તેમની અસ્કયામતોમાં વધારો થયેલો છે. આમ અસ્કયામતો વધે તે માટે તેમની આવક પણ વધવી જરૂરી છે અને આવક વધવા માટે નવાં નવાં ક્ષેત્રો વિકસવાં પણ જરૂરી છે. મધાનીસર ગામના તપાસેલ કુટુંબોમાં આવક અને આવકના ક્ષેત્રોમાં કેવું પરિવર્તન આવેલું છે તેની વિગતો નીચેની ચર્ચા ધ્વારા જાણી શકાશે.

ખેતી અને પશુપાલન :-

અગાઉની ચર્ચામાં જોયું કે ખેતીમાં વિકાસ થઈ રહયો છે. સિંચાઈની સગવડ વધુને વધુ જમીનને મળી રહી છે. શંકરપુરા સેવા સહકારી મંડળી ધ્વારા કીટસ ખાતર, રોકડ ધિરાણ જેવી

સગવડોને કારણે ખેતીમાં પ્રગતિ થયેલી છે. પશુધનમાં પણ આવી સ્થિતિ જોવા મળે છે. પરંતુ કુટુંબની વાર્ષિક આવક અને આવકમાં ક્ષેત્રોની વિગતો ઊંડાણથી તપાસીશું તો જોવા મળશે કે અત્યાર સુધીની ત્રણે તપાસ અનુક્રમે ૧૯૬૯-'૭૯ અને '૮૯માં ખેતી અને પશુપાલનની આવકમાં ક્રમિક ઘટાડો નોંધાયો છે. '૬૯ની તપાસમાં ખેતીની આવક ૬૨.૭૫ ટકા હતી જે '૭૯ની તપાસમાં ઘટીને ૪૦.૧૮ ટકા અને ૮૯ની તપાસમાં ઘટીને માત્ર ૨૬.૮૦ ટકા રહેવા પામી હતી. આમ ખેતી અને પશુપાલનની આવકમાં માત્ર સાધારણ જ નહિ પણ ધ્યાન ખેંચે તેવો નોંધપાત્ર ઘટાડો થયેલો જોઈ શકાય છે.

વન્યપેદાશ :-

'૮૯ની તપાસની અગાઉની બંને તપાસો અનુક્રમે '૬૯ અને '૭૯માં વન્યપેદાશની આવકને નોંધવામાં આવી નહોતી. '૮૯ની તપાસમાં વન્યપેદાશની આવક નોંધવામાં આવી હતી જે બધા કુટુંબોની કુલ આવકના ૨૮.૪૮ ટકા એટલે કે ૧/૪ કરતાં પણ વધુ પ્રમાણમાં વન્યપેદાશ દ્વારા આવક મળતી હતી. વન્યપેદાશમાં મહુડાં, બળતણ, લાકડાં વગેરે વેચાણ દ્વારા આવક મળી તેને આ આવક ગણવામાં આવી છે.

મજૂરી :-

અગાઉ ઈટાવા ગામની ચર્ચા દરમિયાન અને અવારનવારની ચર્ચામાં એ બાબત વારંવાર નોંધી છે કે આદિવાસી અર્થવ્યવસ્થા ખાસ કરીને પંચમહાલ જિલ્લાના ભીલોના સંદર્ભમાં કહીએ તો તેમાં આમુલ પરિવર્તન આવી રહ્યું છે. અગાઉ મુખ્ય આર્થિક પ્રવૃત્તિ ગણાતી ખેતીનું સ્થાન મજૂરીએ લીધું છે. ભીલોમાં મજૂરી કરવા માટે નજીકનાં દાહોદ, ઝાલોદ, ગોધરા જેવા શહેરો ઉપરાંત વડોદરા, સુરત, અમદાવાદ, ભોપાલ, ઈન્દોર સહિત અન્ય શહેરોમાં સ્થળાંતર

કરી જાય છે. અને ત્યાં વર્ષના ૫-૬ મહિના માટે રહે છે. અને જે કંઈપણ મજૂરીકામ ખાસ કરીને બાંધકામમાં મજૂરી કામમાં કામ કરે છે. સામાન્ય રીતે આ કામ ઘણું સખત મજૂરીનું હોવાથી સખત મહેનત કરી શકે એવા ભીલ યુવાનોને આ કામમાં રોકવામાં આવે છે. તેમને પણ આ કામ માફક આવે છે કારણ કે તેમાં રોજીનો દર અન્ય મજૂરી-કામ કરતાં વધુ હોય છે. ઉપરાંત રહેવાની, બળતણની સુવિધા પણ સહેલાઈથી પ્રાપ્ત થાય છે. તેમને મળતી સારી રોકડ આવકમાંથી ઠીક ઠીક ખર્ચ કર્યા બાદ પણ અમુક બચત કરી શકે છે. જે તેમને ઘણી રીતે ઉપયોગી બને છે. વળી બાંધકામના ક્ષેત્રમાં કુશળ કારીગર બનનારને તો ઘણો ઊંચો મળે છે. જેથી તેમની આવકમાં ઘણો વધારો થાય છે આમ આ ક્ષેત્ર ઘણું માફક આવી ગયું છે.

<u>નોકરી</u> :-

દક્ષિણ ગુજરાતના આદિવાસીઓમાં આવેલ આર્થિક પરિવર્તનમાં નોકરીનો ફાળો સવિશેષ છે. પરંતુ જંગમહાલના ભીલકુટુંબો કે જ્યાં શિક્ષણ નહીંવત છે. તેમને ઊંચો પગાર આપતી નોકરી ક્યાંથી મળે ? તેથી તેમના કુટુંબોની નોકરી દ્વારા થતી આવક માત્ર નામ પૂરતી છે. તપાસેલ કુટુંબોમાં ૧ ભાઈ એસ. આર.પી.માં, એક ભાઈ રેલ્વેમાં, એક ભાઈ ખાનગી સંસ્થામાં નોકરી કરતા હોઈ તેમની આવક ગણવામાં આવી છે.

અગાઉ ઈટાવા ગામની ચર્ચામાં નોંધ્યું હતું. એ મુજબ તપાસેલ કુટુંબોની આવકની ટકાવારી જોઈએ તો તેમાં નોંધપાત્ર વધારો થયો છે જે સ્પષ્ટ બાબત છે. પરંતુ તેની સામે ખાદ્યપદાર્થો, બળતણ સહિત અન્ય જરૂરિયાતોના વધેલા ભાવ સામે આ આવક નહિવત છે. વળી આ કુટુંબોને મહિનાઓ સુધી શહેરમાં રહેવું પડે છે જ્યાં તેમની આવકનો સારો એવો ભાગ જીવન જરૂરિયાતો ખરીદવામાં વપરાઈ જતાં તેમની ચોખ્ખી આવકમાં મોટો ઘટાડો થાય છે. આમ પરિસ્થિતિમાં પરિવર્તન આવ્યું હોવા છતાં તેમની આર્થિક સ્થિતિમાં નોંધપાત્ર વધારો થયો નથી એ હકીકત છે.

<u>વાર્ષિક ખર્ચ</u> :-

ઈટાવા ગામની ચર્ચામાં નોંધ્યા મુજબ મધાનીસર ગામના આદિવાસી કુટુંબોની આવકમાં વધારો થયો છે. ખેતીમાં એકરદીઠ ઉત્પાદનમાં વધારો થયો છે. જેની અસર થાય એ સ્વાભાવિક છે. ગામમાં એસ. એસ. સી. પાસ યુવાનો ૧૦થી વધુ છે. પસંદ કરાયેલ ૨ કુટુંબોમાં નોકરી દ્વારા આવક મેળવતા સભ્યો હતા. ઈટાવા ગામની જેમ ખેતીની મર્યાદિત આવક ઉપર આધાર રાખીને બેસી રહેવાનું વલણ બદલાયું છે. જરૂર પડે સ્થળાંતર કરવા તૈયાર હોવાથી ગામના ઘણા કુટુંબો અલબત્ત ઈટાવા ગામની સરખામણીમાં ઓછા મજૂરી માટે સુરત, વડોદરા, અમદાવાદ જેવા મોટા શહેરોમાં જાય છે. આમ તેમની આવકમાં વધારો કરવાના પ્રયત્નોમાં સફળતા મેળવી છે. ખેતીની આવકમાં પણ વધારો થયો છે. આ પરિબળોની અસર ઉપરાંત મોટાં શહેરોમાં લાંબા સમય સુધી વસવાટ કરવાને કારણે ત્યાંની સંસ્કૃતિનું અનુકરણ કરવાનું વલણ પણ વિકસ્યું છે. આની સીધી અસર તેમના વાર્ષિક ખર્ચના માળખા ઉપર પડેલી જોવા મળે છે. વધુમાં કોઠામાં દર્શાવેલ ખર્ચની રકમ વચ્ચેના મોટા ફેર માટે દશ વર્ષના સમયગાળામાં ચીજવસ્તુઓના ભાવ માળખામાં આમુલ પરિવર્તનને પણ જવાબદાર ગણાવી શકાય. તેમ છતાં આપણે જોઈ શકીએ છીએ કે તેલ, ખાંડ-ગોળ, ચા, કપડાં-બુટ-ચંપલ, સામાજિક અને ધાર્મિક પ્રસંગોમાં ખર્ચના આંકડામાં મોટો ફેર જોવા મળે છે જે પરિવર્તનને પુષ્ટિ આપે છે.

કોઠા નં.- ૪૩

તપાસેલ કુટુંબોનું કુટુંબદીઠ અને માથાદીઠ વાર્ષિક ખર્ચ (રૂા.માં)

| ક્રમ વિગત | ૧૯૬૯ કુટુંબદીઠ | ૧૯૬૯ માથાદીઠ | ૧૯૭૯ કુટુંબદીઠ | ૧૯૭૯ માથાદીઠ | ૧૯૮૯ કુટુંબદીઠ | ૧૯૮૯ માથાદીઠ |
|---|---|---|---|---|---|---|
| ૧. ખોરાક | ૯૩૩.૫૮ | ૩૬૪.૧૮ | ૧૦૯૧.૫૦ | ૧૬૪.૯૩ | ૮૪૪.૦૨ | ૧૪૭.૫૯ |
| ૨. શાકભાજી | ૧૬.૮૮ | ૩.૧૫ | ૯૧.૫૮ | ૧૩.૮૪ | ૬૪.૦૦ | ૧૬.૪૩ |
| ૩. માંસ-ઈંડાં | ૩૦.૯૭ | ૫.૭૮ | ૮૦.૨૯ | ૧૨.૧૩ | — | — |
| ૪. દૂધ-ઘી | ૫૯.૩૫ | ૧૨.૯૫ | ૪૪.૩૩ | ૬.૬૯ | ૮૪.૦૦ | ૧૪.૬૮ |
| ૫. ખાંડ-ગોળ | ૧૮.૦૫ | ૩.૩૭ | ૯૧.૦૨ | ૧૩.૭૫ | ૧૧૫.૬૪ | ૨૦.૨૨ |
| ૬. તેલ | ૧૪.૨૯ | ૨.૬૭ | ૭૨.૭૬ | ૧૦.૯૯ | ૧૩૧.૯૬ | ૨૩.૦૭ |
| ૭. ચ્હા-કોફી | ૪.૨૦ | ૦.૭૮ | ૩૧.૧૭ | ૪.૭૧ | ૪૬.૮ | ૮.૧૮ |
| ૮. મસાલા | ૧૭.૨૩ | ૩.૨૧ | ૪૫.૧૪ | ૬.૮૨ | ૩૬.૨૦ | ૬.૩૩ |
| ૯. બીડી-તમાકુ-દારૂ | ૨૫.૮૨ | ૪.૮૨ | ૯૨.૬૬ | ૦.૯૪ | ૫૧.૨ | ૮.૯૫ |
| ૧૦. બળતણ-દીવાસળી | ૫.૧૧ | ૨.૮૨ | ૫૧.૪૭ | ૭.૭૭ | ૬૩.૦૨ | ૧૧.૦૫ |
| ૧૧. કપડાં-બુટ-ચંપલ | ૯૧.૭૬ | ૧૭.૧૪ | ૩૭૬.૪૭ | ૫૬.૮૮ | ૫૮૨.૨ | ૧૦૧.૭૮ |
| ૧૨. ધાર્મિક-સામાજિક પ્રસંગ | ૨૩.૩૫ | ૪.૩૬ | ૧૫૫.૭૯ | ૨૩.૫૪ | ૬૨૨.૦૦ | ૧૦૮.૭૪ |
| ૧૩. દવાદારૂ-મુસાફરી | ૬૫.૪૪ | ૧૨.૨૨ | ૧૦૩.૬૭ | ૧૫.૬૬ | ૧૯૨.૦ | ૩૩.૫૭ |
| ૧૪. શિક્ષણ | ૩.૮૫ | ૦.૭૧ | ૩૪.૨૩ | ૫.૧૭ | — | — |
| કુલ | ૧૩૨૯.૬૪ | ૨૪૮.૪૫ | ૨૩૬૧.૭૩ | ૩૫૬.૮૮ | ૪૦૨૧.૬ | ૭૦૩.૦૮ |

## કોઠા નં.- ૪૪

જમીનના કદ મુજબ વાર્ષિક વપરાશ ખર્ચ દર્શાવતો કોઠો

કુટુંબના કદ મુજબ વાર્ષિક વપરાશ ખર્ચ દર્શાવતો કોઠો

| ક્રમ | જમીનનું કદ | કુટુંબ સંખ્યા | ખોરાક ઘરમાં | ખોરાક રોકડ | ખોરાક ઉધાર | શાકભાજી ઘરમાં | શાકભાજી રોકડ | શાકભાજી ઉધાર | દૂધ-ઘી ઘરમાં | દૂધ-ઘી રોકડ | ખાંડ | ગોળ | તેલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | જમીન વિહોણા | ૧ | - | ૧૫૦૦ | - | - | ૧૦૦ | - | - | ૧૦૦ | ૬૪ | ૧૨ | ૬૬ |
| ૨. | ૦૦.૦૧ થી ૫.૮૦ | ૨૦ | ૨૮૧૩૦ | ૧૬૪૫ | - | ૩૫૦ | ૧૪૦૦ | - | ૧૩૫૦ | ૬૫૦ | ૧૫૧૭ | ૬૪૫ | ૨૩૧૪ |
| ૩. | ૫.૦૧ થી ૧૦.૦૦ | ૨ | ૪૧૨૫ | - | - | ૨૦૦ | ૧૦૦ | - | - | ૧૦૦ | ૨૮૦ | ૭૦ | ૨૩૫ |
| ૪. | ૧૦.૦૧ થી વધુ | ૨ | ૪૬૬૦ | - | - | - | ૧૫૦ | - | - | ૨૦૦ | ૩૭૦ | ૧૩૦ | ૭૫૦ |
| | કુલ | ૨૫ | ૩૬૯૧૫ | ૩૧૪૫ | - | ૫૫૦ | ૧૭૫૦ | - | ૧૩૫૦ | ૧૦૫૦ | ૨૨૩૧ | ૮૫૭ | ૩૩૬૫ |
| | કુટુંબદીઠ | | ૧૪૭૬૫ | ૧૨૫.૮ | | ૨૨.૦ | ૭૦ | - | ૮૪.૩૮ | ૪૨. | ૮૯.૨૪ | ૩૪.૨૮ | ૧૩૪.૬ |

(આગળનો કોઠો ચાલુ)

| ક્રમ | જમીનનું કદ | ચ્હા-કોફી | મસાલા | બીડી-તમાકુ | બળતણ | દિવાસળી | અન્ય ખર્ચ | કુલ ખર્ચ | વાર્ષિક વપરાશ ઘરમાં | રોકડ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | જમીન વિહોણા | ૨૦ | ૨૦ | ૨૫ | ૪૦ | ૧૫ | ૧૦૦૦ | ૨૯૬૨ | – | ૨૯૬૨ |
| ૨. | ૦૦.૧થી ૫.૦૦ | ૯૦૦ | ૬૮૦ | ૯૮૦ | ૧૦૬૫ | ૨૦૦ | ૮૦૦૦ | ૪૯૮૨૬ | ૨૯૮૩૦ | ૧૯૯૯૬ |
| ૩. | ૫.૦૧ થી ૧૦.૦૦ | ૯૦ | ૭૫ | ૧૦૦ | ૧૦૦ | ૪૦ | ૨૦૦૦ | ૭૫૧૫ | ૪૩૨૫ | ૩૧૯૦ |
| ૪. | ૧૦.૦૧ થી વધુ | ૧૮૦ | ૫૦ | ૮૦ | ૧૦૦ | ૫૦ | – | ૬૬૨૭ | ૪૬૬૦ | ૨૦૬૦ |
| | કુલ | ૧૧૯૦ | ૮૨૫ | ૧૧૮૫ | ૧૩૦૫ | ૧૪૯૦ | ૧૧૦૦૦ | ૬૬૯૨૩ | ૩૮૮૧૫ | ૨૮૨૦૮ |
| | કુટુંબદીઠ | ૪૭.૬ | ૩૩.૦ | ૪૭.૪ | ૫૨.૫ | ૫૯.૬ | ૪૪.૦ | ૨૬૭૬.૯૨ | ૧૫૫૨૬ | ૧૧૨૮.૩૨ |

| ક્રમ | જમીનનું કદ | મુસાફરી | કપડાં | પગરખાં | શિક્ષણ | દવાદારુ | સામાજિક ધાર્મિક | એકંદર કુલ ખર્ચ | કુલ વાર્ષિક આવક | +બચત -ખોટ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | જમીન વિહોણા | ૫૦ | ૧૫૦ | – | – | ૧૫૦ | ૧૫૦ | ૩૪૬૨ | ૩૫૫૦ | + ૮૮ |
| ૨. | ૦૦.૧થી ૫.૦૦ | ૨૬૭૫ | ૮૦૦૦ | ૮૫૫ | – | ૪૧૫૦ | ૫૫૫૦ | ૭૧૦૫૬ | ૬૬૦૫૨ | -૫૦૦૪ |
| ૩. | ૫.૦૧ થી ૧૦.૦૦ | ૧૫૦ | ૬૦૦ | ૫૦ | – | ૧૫૦ | ૩૦૦૦ | ૧૧૪૬૫ | ૧૧૬૦૦ | - ૧૩૫ |
| ૪. | ૧૦.૦૧ થી વધુ | ૪૫૦ | ૨૦૦ | ૫૦ | ૧૦૦ | ૫૦૦ | ૧૦૦૦ | ૮૯૨૦ | ૭૯૪૦ | - ૯૮૦ |
| | કુલ | ૩૩૨૫ | ૮૯૫૦ | ૯૫૫ | ૧૦૦ | ૪૯૫૦ | ૯૭૦૦ | ૯૪૯૦૩ | ૮૯૧૪૨ | |
| | કુટુંબદીઠ | ૧૩૩ | ૩૫૮ | ૩૮.૨ | ૪. | ૧૯૮ | ૩૮૮ | ૩૭૯૬.૧૨ | ૩૫૬૫.૬૮ | |
| | | | | | | | વ્યક્તિદીઠ | ૫૪૮.૫૭ | ૫૧૫.૨૭ | |

દેવું :-

સામાન્ય રીતે અત્યાર સુધી એવું મનાતું હતું કે દેવું એ નબળી આર્થિક સ્થિતિનું પરિણામ છે. દેવા માટેની આ ટૂંકી વ્યાખ્યા તથ્યવાળી છે જ. તેમાં થોડો ઉમેરો કરવાની મોકળાશ રહેલી છે. આ દેવું નબળી આર્થિક સ્થિતિ ઉપરાંત કોઈ સાહસિક ઉપાડવા માટે જે મૂડીની જરૂર ઊભી થાય એ સ્વાભાવિક છે કારણ કે તેમની ટાંચી આવકમાંથી મોટું મૂડી રોકાણ તેમની સ્વયંબચતમાંથી કરવાનું શકય જ નથી. આ સંજોગોમાં સાહસને પાર પાડવા માટે જયાંથી પણ મળે ત્યાંથી વ્યાજે મૂડી લાવે, એ સ્વાભાવિક છે. દા.ત. સિંચાઈની કાયમી સુવિધા ઊભી કરવી હોય તો પાકો કૂવો બનાવવો પડે. આ પાકો કૂવો તૈયાર કરવા પાછળ થનાર ખર્ચનો અંદાજ કાઢવામાં આવે તો ઓછામાં ઓછી ૧૦-૧૫ હજારની મૂડીની સગવડ રાખવી પડે. આ મૂડી ઊભી કરવા તેમને સહાય-ધિરાણ ઉપરાંતની મૂડી મેળવવા માટે વ્યવસ્થા કરવી પડે. વળી સરકારી ધિરાણ/સહાય મળવાનો સમય પણ ચોકકસ હોય એવું બનતું નથી એ સંજોગોમાં પણ વિચાર કરવો પડે. જો ગાય-બકરાં-મરઘાં લાવવાં હોય તો પોતાની સ્વયંબચતમાંથી જોગવાઈ કરી શકાય. મધાનીસર ગામના આદિવાસી કુટુંબોનાં સાહસિકતાનો ગુણ છે. ખાસ કરીને ખેતીના વિકાસમાં સાહસિકતાનો પૂરો ઉપયોગ કરે છે. '૮૯ની તપાસ સમયે ગામમાં ૪ પાકા કૂવા હતા. આ સિવાય કાચા કૂવાઓ પણ હતા. તપાસ સમયે પસંદ થયેલ કુટુંબના એક સભ્યે પોતાનો પાકો કૂવો તૈયાર કર્યો હતો. તેમણે આ કૂવો બનાવવામાં જે ખાસ કરીને મૂડી ઊભી કરવામાં જે મુશ્કેલીઓ વેઠી હતી તેની ઝાંખી કરાવી હતી.

પસંદ કરાયેલ કુટુંબોમાં દેવાની સ્થિતિ જોતાં '૬૯ની તપાસની સરખામણીમાં '૭૯ની તપાસમાં સાધારણ ઘટાડો નોંધાયો હતો પરંતુ '૮૯ની તપાસમાં બંને તપાસની સરખામણીમાં વધારો

થયેલો જોઈ શકાય છે. '૬૯ની તપાસમાં કુટુંબદીઠ દેવું ૭૪૨.૪૮ રૂા. હતું એ '૮૯ની તપાસમાં વધીને ૨૫૪૦ નોંધાયું હતું.

દેવું એટલે કે વ્યાજે મૂડી મેળવવાના ક્ષેત્રોના સંદર્ભમાં જોઈએ તો શાહુકારનો પ્રભાવ અકબંધ રીતે જળવાઈ રહયો છે. સગાસંબંધીઓ પાસેથી એકબીજાને મદદ કરવાનું વલણ જળવાઈ રહયું છે એ પણ સગા-સંબંધીના દેવા અંગેના દર્શાવેલ રકમ ધ્વારા જોઈ શકાય છે. સહકારી મંડળીઓ આ વિસ્તારોમાં મજબૂત બની રહી છે. અને વિસ્તારનાં વિકાસમાં નોંધપાત્ર પ્રદાન આપે છે, તે તપાસેલ કુટુંબોને મળેલ ધિરાણ/દેવાની રકમના આંકડા ધ્વારા જોઈ શકાય છે. બેન્કોનું યોગદાન વધવું જોઈએ એવી અપેક્ષા રાખવામાં આવે છે. પરંતુ તપાસેલ કુટુંબોએ આ અંગે સ્પષ્ટ રીતે જ પૂરતી માહિતી આપી નથી તેથી એ અંગે ચર્ચા કરવાનું યોગ્ય માન્યું નથી.

## કોઠા નં.- ૪૬

### સાધનવાર દેવું દર્શાવતો કોઠો (ટકામાં)

| ક્રમ | વિગત | ૧૯૬૬ દેવાદાર કુટુંબો | ૧૯૬૬ કુટુંબદીઠ ટકા | ૧૯૭૯ દેવાદાર કુટુંબો | ૧૯૭૯ કુટુંબદીઠ ટકા | ૧૯૮૮ દેવાદાર કુટુંબો | ૧૯૮૮ કુટુંબદીઠ ટકા | કુટુંબદીઠ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | શાહુકાર | ૮૫૭૦ | ૩૪૨.૮ | ૧૮૫૦ | ૭૪.૦ | ૧૧૦૦૦ | ૪૪૦.૦ | |
| ૨. | સગાસંબંધી | ૬૦૦ | ૨૪.૦ | ૬૫૦ | ૨૬.૦ | ૫૫૦૦ | ૨૨૦.૦ | |
| ૩. | સહકારી મંડળી | ૧૦૮૮ | X૪૩.૫૨ | ૨૫૨૧ | ૧૦૦.૮૪ | ૪૭૬૦૦ | ૧૯૦૪.૦ | |
| ૪. | બેન્ક | - | | ૧૦૬૬૦ | ૪૨૬.૪ | - | | |
| ૫. | સરકારી તગાવી | ૮૩૦૪ | ૩૩૨.૧૬ | ૫૦ | ૨.૦ | | | |
| | | ૧૮૫૬૨ | ૭૪૨.૪૮ | ૧૫૭૩૧ | ૬૨૯.૨૪ | ૬૪૧૦૦ | ૨૫૬૪.૦ | |
| | | ૩૭૧૨૪ | | ૩૧૪૬૨ | | ૧૨૮૨૦૦ | | |

કુટુંબદીઠ ૫૧૨૮

વ્યક્તિદીઠ ૮૯૬.૫૦

<u>મૂડી રોકાણ</u> :-

પરિવર્તન માપવાના જે વિવિધ સ્વીકાર્ય માપદંડો છે તેવા કુટુંબ ધ્વારા સમયાંતરે ઉત્પાદક અને બિનઉત્પાદક ક્ષેત્રોમાં કેટલું મૂડીરોકાણ કર્યું છે તેનો પણ સમાવેશ થાય છે જે ઉપરથી એવું પણ તારણ મેળવી શકાય કે આ કુટુંબોમાં પરિવર્તન માટેની ઉત્કંઠા કેટલી છે.

તપાસેલ કુટુંબોએ '૮૯ની તપાસ સમયે મૂડી રોકાણ કર્યાની જે માહિતી આપી હતી તે ઉપરથી જોતાં જણાય છે કે તેમણે રહેઠાણ સુધારણા માટે ઠીક ઠીક રકમ ખર્ચી છે. જે દેખીતી રીતે બિનઉત્પાદક રોકાણ લાગે પણ પરિવર્તનની દૃષ્ટિએ ~~પૂરક~~ [illegible] લાગે. ઉપરાંત જમીન સુધારણા માટે જે નામ-પૂરતું મૂડી રોકાણ કર્યું છે તે વિચારવા જેવું છે જ્યારે ~~બાકીના મૂડીના~~ બાકીના ક્ષેત્રોમાં પશુ ખરીદી માટેનું મૂડી રોકાણ ઘણું ઊંચું જોવા મળે છે. આ બળદ ખરીદવા મોટું રોકાણ કરવું પડે છે. વળી ભેંસ જેવા દૂધાળા પશુ ખરીદવાનું આકર્ષણ પણ વધતું જાય છે. નવી જમીન ખરીદવાનું મૂડી રોકાણ એ સૂચવે છે કે લોકો નવી જમીન ખરીદતા નથી પરંતુ આ માટે એવું પણ કારણ હોવાનું લાગે છે કે આ કુટુંબો ગમે તેવી આર્થિક કટોકટીમાં ઓછામાં ઓછું જમીન વેચવા સુધીની સ્થિતિએ જતા નથી. જમીન ગીરવે મૂકે છે.

## કોઠા નં. - ૪૭

### તપાસેલ કુટુંબોએ છેલ્લા દશ વર્ષમાં કરેલ મૂડી રોકાણ તથા મૂડી મેળવવાનું સ્ત્રોત

| ક્રમ | વિગત | સ્વયંબચત | બેંક પાસેથી ધિરાણ | સહકારી મંડળી | શાહુકાર પાસેથી | સગાસંબંધી પાસેથી | અસ્કયામત વેચીને | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | નવા મકાનનું બાંધકામ | - | - | - | - | - | - | - | - |
| ૨. | મકાનનું સમારકામ | ૧૯૦૦ | - | - | ૪૦૦૦ | - | - | - | ૩૯૦૦ |
| ૩. | જમીન સુધારણા | ૭૦૦ | - | - | - | ૩૦૦૦ | - | - | ૧૦૦૦ |
| ૪. | પશુ ખરીદી | - | - | ૨૫૦૦ | ૨૪૦૦૦ | ૧૦૫૦૦ | ૬૫૦૦ | ૭૦૦૦ | ૭૬૫૦૦ |
| ૫. | નવી જમીન ખરીદી | ૭૦૦૦ | - | - | ૫૦૦૦ | ૩૦૦૦ | ૫૦૦૦ | ૨૦૦૦ | ૨૨૦૦૦ |
| ૬. | કૂવા બાંધકામ | | | | | | | | |
| ૭. | ખેતીનાં ઓજારો | | | | | | | | |
| ૮. | મોટી મૂડી રોકાણ થતું હોય તેવાં સાધન | | | | | | | | |
| ૯. | અન્ય | | | | | | | | |
| | કુલ | ૯૬૦૦ | - | ૨૫૦૦ | ૩૩૦૦૦ | ૧૬૫૦૦ | ૧૧૫૦૦ | ૯૦૦૦ | ૧,૦૩,૮૦૦ |

## પ્રકરણ - ૬

## પરિવર્તનના પ્રવાહો

વસતિ :-

ગુજરાતની અનુસૂચિત જનજાતિમાં વસતિની દૃષ્ટિએ સૌથી મોટી જાતિ એવી ભીળની વસતિ. આ જિલ્લામાં વસવાટ કરતી જોવા મળે છે. અભ્યાસ માટેના આ બંને ગામો સંપૂર્ણપણે ભીલ જાતિની વસતિવાળા છે. મધાનીસરમાં ભીલ જાતિની પેટા જાતિઓમાં ડામોર, ડીંડોડ, મસાદ, મુનીયા, અડ, કાસોરી, ગરાસીયા, કટારા, દામા, ગામા, આરેછ, કામોડ વગેરે જોવા મળે છે. જયારે ઈટાવા ગામમાં ભૂરિયા, સંધાડીયા, નીનામા, માળ, મેડા, મડીયા વગેરે પેટાજાતિ કે કુળના લોકો જોવા મળે છે.

પસંદ કરાયેલા બંને ગામોમાં પરિવર્તનની ગતિ તેમના સમગ્ર જીવનના જુદા જુદા ક્ષેત્રોમાં જોવા મળે છે. આ ગતિ કેટલાક ક્ષેત્રોમાં તીવ્ર પ્રમાણમાં છે તો કેટલાંક ક્ષેત્રોમાં હજુ પણ એક પ્રકારનું બંધીયારપણું જોવા મળે છે. તેમનામાં પરિવર્તનની દિશા કે ગતિ ઉપર દૃષ્ટિપાત કરતાં પહેલાં આ ભીલ જાતિના લોકોના સામાન્ય પરિચય અને ક્ષેત્રકાર્ય દરમિયાનના નીરિક્ષણના આધારે એ કહી શકાય છે. આ જાતિના લોકો (સ્વભાવે) સખત મહેનતુ, આશાવાદી અને અવિરતપણે પ્રયત્ન કરવાવાળા છે. તેઓ સ્વભાવે અક્ષારમૂર્તિ છે તેથી બહારના લોકોના માત્ર સહવાસ જ નહિ પણ સંપર્કથી પણ પોતાને અળગા રાખવાનું વલણ ધરાવે છે. બહારની વ્યકિત એટલે કે ભીલ (હા+ના) સિવાયની વ્યકિત સાથેની વાતચીતમાં ખૂબ જ ઓછા શબ્દોથી ટૂંકમાં જવાબ આપે છે. એ વિગતોમાં ઉતરવાનું જાગૃતપણે ટાળે છે. ક્ષેત્રકાર્યમાં આ કુટુંબોની માહિતી એકત્રિત કરવામાં ઘણી મર્યાદાઓ નડતી હતી. તેઓ બહારની વ્યકિત પ્રત્યે ભારે શંકાશીલ હોવાનું પણ જોવા મળ્યું હતું. તેમ છતાં આ બંને ગામોમાં હરતાંફરતાં, શિક્ષક, તલાટી, ભણેલ યુવાનો, આશ્રમશાળાના આચાર્ય, સરકારી અધિકારીઓ

સાથેની વાતચિતના આધારે તેમજ છેવટે માહિતીદાતાઓની માહિતી-ના આધારે અને નીરિક્ષણના આધારે જે પરિવર્તનો જોવા મળ્યા હતા તેની ઝાંખી કરાવવાનો આ અલ્પ પ્રયાસ છે.

## આર્થિક જીવન :-

આ બંને ગામોમાં ભીલોની અર્થવ્યવસ્થામાં આમુલ પરિવર્તન આવી રહેલું સ્પષ્ટ રીતે જોઈ શકાય છે.

### ખેતી :-

જમીનના કદની દૃષ્ટિએ જોઈએ તો તેમનો મુખ્ય વ્યવસાય ખેતી છે પરંતુ તેને વાસ્તવિક રીતે એટલે કે તેની પાછળ રોકાતા માનવદિનના સંદર્ભમાં જોઈએ તો આ એક ગૌણ વ્યવસાય લાગે.

ખેતીની જમીન ખુબ જ ઢાળવાળી એટલી તો પથરાળ કે દૂરથી જોતાં જમીન કરતાં પથ્થરનું પ્રમાણ વધુ દેખાય તેવી જમીનમાં તેઓ ખેતી કરે છે. ત્યાંનો ભૌગોલિક પરિસ્થિતિને કારણે ખેડવા માટે હળ અને બળદનો જ ઉપયોગ કરે છે અને મોટાભાગે આકાશી ખેતી કરે છે. તેમ છતાં કેટલાક સાહસિકોએ તેમની ખેતરમાં થોડી પણ સપાટ જમીન હોય ત્યાં કાચા કુવા કર્યા છે અને પોતાની ખેતી જોગું પાણી મેળવે છે. મધાનીસર ગામમાં કોતરના ભાઠામાં પાણીનો જથ્થો રહે છે ત્યાંથી ઓઈલ એન્જિન દ્વારા લીફ્ટ ઈરીગેશન કરી પાણી મેળવે છે. આંગળીના વેઢે ગણાય એટલા સાહસિકોએ પાકો કુવો પણ કર્યા છે અને આ કુવામાંથી અન્ય પાસેના ખેતરોવાળાને મશીન દ્વારા પાણી આપે છે અને તેમને પણ તેની સારી આવક મળે છે.

મધાનીસરમાં શંકરપુરા સેવા સહકારી મંડળી દ્વારા ખેડૂતોને ખેતી માટેનું ધિરાણ જમીનના કદના પ્રમાણમાં દર વર્ષે આપવામાં આવે છે. આ સાથે બિયારણ- ખાતરની કીટ્સપણ આપવામાં આવે છે. આ કીટમાં મકાઈ, ડાંગર, કઠોળ, મગફળી, ઘઉંનો સમાવેશ થાય છે.

આમ તેઓ છાણીયા ખાતર ઉપરાંત રાસાયણિક ખાતરના ઉપયોગની શરૂઆત કરી દીધી છે. તેમજ સુધારેલી જાતનું બિયારણનો ખેડૂતો ખેતીમાં ઉપયોગ કરે છે. પિયતની સગવડવાળા ખેડૂતો મરચાં, રીંગણ, ગવાર, દૂધીની નાની-નાની વાડીઓ પણ કરે છે. ખેતરમાં ફળાઉ અને બિનફળાઉ વૃક્ષો ઠીક ઠીક સંખ્યામાં જોવા મળે છે. ફળાઉ વૃક્ષોમાં આંબા મુખ્ય છે. અન્ય વૃક્ષોમાં મહુડા જેનો ઉપયોગ ડોળી, ડોળીનું તેલ બનાવવામાં વપરાય છે. ખાખરાના વૃક્ષોની સંખ્યા વધુ જોવા મળે છે પરંતુ તેના પાનના પડીયા-પતરાળા બનાવવાનો બહોળો ઉપયોગ થતો જોવા મળતો નથી. મધાનીસરમાં ૪ જેટલા સ્થળે વાંસ જોવા મળ્યા. અને ઓછી સંખ્યામાં સાગના વૃક્ષો હતા. મધાનીસરમાં પસંદ કરાયેલા કુટુંબોના ૪ ખેડૂતોના ખેતરમાં નીલગીરીનું પ્લાન્ટેશન કરવામાં આવ્યું છે. આમ ખેતી સાથે વૃક્ષોનું પણ મહત્વ સ્વીકારાયું છે.

<u>મજૂરી</u> :-

આ ગામોમાં ખેતી આર્થિક રીતે પોષાણક્ષમ નથી તેમજ દરેકને થોડીગણી જમીન હોવાથી ખેતીકામમાં મજૂર તરીકે બીજાઓને બોલાવવામાં આવતા નથી તેથી ખેતમજૂરી તરીકેનો વ્યવસાય નથી. તેમના કુટુંબના મોટા ખર્ચને પહોંચી વળવા તેમણે મજૂરી મેળવવા બહાર સ્થળાંતર કરવાનું અનિવાર્ય બને છે. તાજેતરના ૧૦-૧૫-૨૦ વર્ષમાં બાંધકામ મજૂરી કે છૂટક મજૂરી કરવા જનારની સંખ્યા દિનપ્રતિદિન વધ્યે જ જાય છે. આજે તેઓ વડોદરા, અમદાવાદ, સુરત, ભોપાલ જેવા મોટા શહેરો અને ખેડા જિલ્લાના ગામોમાં સ્થળાંતર કરી જાય છે. મોટા શહેરોમાં તેઓ મુખ્યત્વે બાંધકામ મજૂરી કરે છે. આ કામમાં સખત મજૂરી કરવાની હોવાથી તેમને આ કામમાં ખાસ પસંદ કરવામાં આવે છે. આજના સમયમાં તો ગણ્યાગાંઠ્યા કુટુંબને બાદ કરતાં તમામ કુટુંબમાંથી ૨-૩-૪ વ્યક્તિઓ મજૂરી કરવા જતા રહે છે. મજૂરી કામમાં દિવસના રૂા. ૨૦-૨૫-૩૦-૩૫-૪૦ જેટલા કામ/સ્થળ મુજબ મળે છે. તેમને મોટાભાગના દિવસોએ કામ મળે છે. તેથી તેમને રોકડ

<u>દહેજ (કન્યા વિક્રય)</u> :-

ભીલોમાં રોકડ આવકનું પ્રમાણ વધતાં તેમજ શિક્ષણ મેળવેલ ખાસ કરીને વ્યવસાયિક શિક્ષણ મેળવેલ યુવતી સાથેના લગ્ન ગોઠવવા યુવકપક્ષો ઘણી મોટી રકમનું દહેજ અને ચાંદી સોનાનાં ઘરેણાં આપવા પડે છે. આ પ્રથા ખૂબ જ ઝડપથી પ્રસરી રહેલી જોવા મળી હતી.

માહિતીદાતાઓએ કન્યા વિક્રય અંગે એવી માહિતી આપી હતી કે આજના દિવસોમાં તદ્દન અભણ યુવતી સાથે લગ્ન નક્કી કરવા માટે રૂા. ૧૦,૦૦૦નું દહેજ આપવું પડે છે. તેમાં રોકડ ચાંદીના દાગીનાનો સમાવેશ થાય છે. ઘરેણાંમાં ૫૦૦ ગ્રામ ચાંદી અને સોનાના પાંચ દાગીનાનો આગ્રહ રખાય છે. સૌથી વધુ ગંભીર સ્થિતિ તો વ્યવસાયિક શિક્ષણ જેમ કે પીટીસી, નર્સ, બી.એડનું શિક્ષણ મેળવેલ યુવતી સાથે લગ્ન ગોઠવવા યુવકપક્ષો ૩૦-૪૦-૪૫ હજાર જેટલું દહેજ આપવું પડે છે. આને કારણે આર્થિક રીતે સધ્ધર કુટુંબના ઓછું ભણેલા યુવાનોના લગ્ન સારું ભણેલ યુવતિ સાથે કરવામાં આવે છે. દહેજની મોટી રકમનું ફાયદાકારક પાસું એ છે કે આને કારણે છૂટાછેડાનું પ્રમાણ લગભગ શૂન્ય જોવા મળે છે. અલબત્ત આ માટે બીજા કારણો પણ જવાબદાર હશે. કેટલાક કુટુંબો દહેજ માટે એવી પણ વ્યવસ્થા ગોઠવે છે કે યુવકપક્ષ દહેજની રકમ એક સાથે આપવા અશક્તિમાન હોય તો ૨-૩ વખતે આપી શકે અને દહેજની ઠરાવેલી રકમ પૂરેપૂરી આપે પછી જ લગ્ન કરવામાં આવે છે.

<u>શિક્ષણ</u> :-

ભીલ કુટુંબો પ્રગતિ માટે સખત મહેનત કરે છે અને પોતાના વતનની અખૂટ લાગણી વેગળી મૂકી મહિનાઓ સુધી શહેરોની ગીચ વસતિમાં અથવા ખુલ્લામાં અગવડો વચ્ચે રહે છે. તેમની મહેનતને કારણે તેમના આર્થિક જીવનમાં પહેલાંની સરખામણીમાં સારો એવો ફેર પડયો જ છે. ખેતીમાં આધુનિક સવલતોનો ઉપયોગ કરવાનું શરૂ કર્યું છે.

સિંચાઈની સગવડ ઊભી કરાય છે વગેરે આ બધાં પાસાંઓ તેમનામાંની પ્રગતિશીલતા સૂચવે છે પરંતુ તેમનામાં શિક્ષણનો વ્યાપ અને શૈક્ષણિક સ્થિતિ ખાસ કરીને હાલમાં ભણવાલાયક વયજૂથના બાળકો શાળામાં ન જતાં હોય તેમની મોટી સંખ્યા નિરાશા ઉપજાવે તેવી છે. ઉંડાણના વિસ્તારની શાળામાં બાળકો પ્રત્યે જોઈએ તેવું ધ્યાન અપાતું નથી. અલબત્ત સગવડો, સાધનસામગ્રી અપાય છે. પરંતુ બાળકોને શાળાના વાતાવરણની બીક દૂર કરે એટલું જ નહિ પણ શાળાના વાતાવરણ પ્રત્યે અનુરાગ જાગે એ રીતે કામ કરે તેવા શિક્ષકો, કાર્યકરોની કારમી તંગી જોવા મળે છે. બાળકોના વાલીઓમાં પણ તેમના બાળકોના શિક્ષણ પ્રત્યેની ઉદાસીનતા જ્યાં કારણો બાળકોના શૈક્ષણિક વિકાસની આડે આવે છે તેમ છતાં ક્ષેત્રકાર્ય દરમિયાન આંગળીના વેઢે ગણાય તેવા કુટુંબોમાં માધ્યમિક કે ઉચ્ચ શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓ/ વિદ્યાર્થીનીઓ જોવા મળ્યા હતા એવું પણ જોવા મળ્યું હતું કે જેઓ માધ્યમિક/ ઉચ્ચ શિક્ષણ મેળવતા હતા તેઓ ભૂતકાળમાં આશ્રમશાળા અને ઉત્તર બુનિયાદીમાં ભણતા હતા અને ભીલોના સમગ્રલક્ષી વિકાસ કરવો હશે તો શિક્ષણનો વ્યાપ ખૂબ જ વધારવો પડશે. મજૂરી માટેનું સ્થળાંતર પણ શિક્ષણમાં બાધારુપ છે જ.

-0-0-0